# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम् ।

સંપાદક : વિપુલ કલ્યાણી

પુસ્તક : 12 ◆ પ્રકરણ : 06 ◆ સળંગ અંક : 138 26 સપ્ટેમ્બર 2006 વાર્ષિક લવાજમ : £ 25 / £ 40

## માને મૂકી કૂતરીને ધાવવા જેવી વાત : સ્વદેશ એટલે મા - બ્રિટન બહુ બહુ તો પ્રેમાળ માસી

★ રજનીકાન્ત જે. મહેતા

અમારાં દાદીમા મહાકોરમા અશિક્ષિત છતાં અત્યંત વ્યવહારકૂશળ હતાં. કુટુંબના ઘણા વિકટ પ્રશ્નોમાં તેમની સચોટ સલાહ અને માર્ગદર્શન હંમેશાં ઉપયોગી નીવડતાં. બીજી તેમની એક ખૂબી એ હતી કે તળપદી ભાષામાં અને થોડાક શબ્દોમાં તેઓ ઘણું કહી નાખતાં. આ લેખના શીર્ષકના પ્રથમ વાક્યનો ઉપયોગ કરીને તેમણે પોતાની લાક્ષણિક રીતે અમારાં કુટુંબને એક સમયે બહુમૂલું માર્ગદર્શન આપ્યું હતું તેની સ્મૃતિ કદી ભૂંસાઈ નથી. તેથી "ઓપિનિયન"માં તે વાક્ય શિષ્ટ નહીં ગણાય તેમ માનવાને કોઈ કારણનથી. આજે આ વાક્ય, ખૂબ જ સચોટ રીતે, ભારતથી અને ખાસ કરીને ગુજરાતથી અહીં કોઈ પણ જાતની નોકરીના સમર્થન વગર, 'હાઈ સ્કીલ'ના વીઝા હેઠળ, આવતાં અમુક લોકોને ખરેખર લાગુ પડે છે. આશા છે કે ગુજરાતનાં છાપાંઓ, સમસામયિકો આ લેખને પુનઃપ્રકાશિત કરીને ગુજરાતના લોકો સુધી પહોંચાડશે.

છેલ્લા બારેક મહિનાઓમાં આવા અનેક દાખલાઓ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મેં જોયા જાણ્યા, સાંભળ્યા અને મન દવી ઊઠ્યું. ફક્ત મેં જ નહીં, પરંતુ બીજા વિદ્વાન અને સુજ્ઞ મિત્રોએ પણ આનું દુઃખ અનુભવ્યું. જૂના સમયમાં તો જ્યારે યોગ્ય નોકરી કે વ્યવસાય નક્કી હોય ત્યારે જ બ્રિટિશ સરકાર 'વર્ક પરમિટ' કે 'વીઝા' આપતી જેથી અહીં આવતાં વેંત નવાં આંગતૂકો પ્રમાણમાં સારી રીતે ઠેકાણે પડી જતાં. આજે પરિસ્થિતિ જુદી છે. જરાક સારાં ક્વોલિફિકેશન્સ અને અનુભવ હોય એટલે અહીં આવ્યા પછી નિશ્ચિત કામ હોય કે નહીં 'હાઈ સ્કીલ'નો વીઝા બ્રિટિશ સરકાર આપે છે. અત્યારે સરકારે આવા વીઝા હેઠળ આવીને અહીં ખરેખર શારીરિક અને માનસિક પીડા ભોગવતાં જે અનેક દાખલાઓ નજર સમક્ષ છે તેમાંથી ફક્ત ત્રણનો જ ઉલ્લેખ કરવો ઉચિત ધારું છું. બધા દાખલાઓમાં મૂળ હકીકત સાચવી છે, માત્ર નામ અને સ્થળ ફેરવીને જ રજૂઆત કરી છે.

રમેશભાઈ અમદાવાદમાં રિલાયન્સ જેવી મોટી કંપનીમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા. તેમનાં પત્ની સરલાબહેન એમ.એ.ની ઉપાધિ સ્થાને એક સારી કૉલેજમાં લેક્ચરરનું માનભર્યું સ્થાન ભોગવતાં. તેમને એક નાનું બાળક છે. એજન્ટો દ્વારા દેવું કરીને લાખો રૂપિયા ખર્ચ્યા બાદ 'હાઈ સ્કીલ'નો વીઝા તેમને પ્રાપ્ત થયો અને તેઓ વગર નોકરીએ અહીં આવ્યાં. શા માટે ? તો તેઓ આજે કહે છે કે 'ડુંગરા દૂરથી રળિયામણા'. અહીં આવીને મહિનાઓ સુધી યોગ્ય નોકરી ન મળતાં આજે રમેશભાઈએ 'સેન્સબરીસ્'માં સામાન ઊંચકવાની નોકરી લીધી છે અને સરલાબહેને છૂટક ચાર-પાંચ પાઉન્ડના કલાકે લોકોને ત્યાં ઘરકામ કરવાનું શરૂ કર્યું છે. 'શું કરીએ, ભાઈ. ખર્ચા તો કાઢવાના ને અને દેશમાં મોટું દેવું કર્યું છે તે તો ભરવું જ પડશે ને. બાબાને યાદ કરીને રોજ રાત્રે એકાંતમાં રડી લઉં છું; સારું છે સાસુ-સસરા સરસ રીતે તેને સાચવે છે, પરંતુ તેમનાં પર પણ આ ઉંમરે બોજો તો ખરો ને. પણ શું કરી શકાય ? કહેવાય નહીં અને સહેવાય નહીં, તેવી પરિસ્થિતિ છે.' સરલાબહેને દુઃખ પ્રગટ કર્યું.

---

### આનંદનો અવસર !

*ગુજરાતી લેક્સિકોન ડૉટ કૉમની વેબસાઈટ પરે, લંડનમાં ૯ જુલાઈ ૨૦૦૬ના દિવસે યોજાયા સ્વાગત સમારંભની વિગતો, હવે, તરતી મૂકવામાં આવી છે. એ અવસરે જે વ્યાખ્યાનો થયાં, એ દરેકને આવરી લેતા ૨૬ ઑગસ્ટ ૨૦૦૬ના "ઓપિનિયન"ના અંકને પણ, તેમાં સ્થાન મળ્યું છે. એને ઐતિહાસિક ઘટના જ ગણવી.*

*આ સંબંધક વેબસાઈટનું સરનામું આ મુજબ છે :*

http://www.gujaratilexicon.com/LondonLaunch.jsp

*વળી, વડોદરાના મૃગેશ શાહ, ઈન્ટરનેટ પરે, 'રીડ ગુજરાતી' નામે એક સરસ સામયિક ચલાવે છે. તેમાં સાહિત્ય સમાચાર વિભાગમાં પણ "ઓપિનિયન"ની વિગતો મૂકવામાં આવી છે. વેબસાઈટનું સરનામું :*

*http://www.readgujarati.com*

---

બીજો દાખલો અશ્વિનભાઈનો. કૉલેજના પ્રાચાર્ય. પત્ની સરસ્વતીબહેન સમાજસેવિકા. ભીલ અને અમુક પછાત વર્ગના લોકો વચ્ચે વર્ષોથી કામ કરનાર અને 'મોટી બહેન' તરીકે ઓળખાતાં સરસ્વતીબહેન આજે તેમના પતિ સાથે લંડનમાં છે. કારણ પૂછ્યું તો કહે 'હાઈ સ્કીલ'નો વીઝા મળ્યો અને થયું કે પરદેશમાં રહેવાની આવી તક કેમ જતી કરાય ?

આજે અશ્વિનભાઈએ જિંદગીમાં કોઈ દિવસ કામ કર્યું નથી તેવું

# ઓપિનિયન


- 'ઓપિનિયન' ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- 'ઓપિનિયન'ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે. સરનામાંમાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરત જાણ કરવી.
- 'ઓપિનિયન'માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- 'ઓપિનિયન'ના ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિશે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

## લવાજમના દર

- વાર્ષિક લવાજમ આ દેશ માટે£૨૫ તેમ જ પરદેશ માટે£૪૦ છે. છૂટક નકલ:£૨.૫૦ . 'Parivaar Communications'ને નામે ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ મોકલવો.

### લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર
### "ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY, Middlesex,
HA0 2JZ [U.K.]
Tel.: [+44] 020 - 8902 0993

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue
30, Avantikabai Gokhale Street
Opera House, MUMBAI - 400 004
Tel.: [022] 2386 2843
Fax. : [022] 2826 1155 / 2826 1166
e.mail : bharti_parekh@hotmail.com

### સંપર્ક : ભારતીબહેન પારેખ

£૪૦ની મની ઑર્ડર, ચેક કે રોકડ
"Vipool Kalyani" ને નામે જ મોકલવા



## ગ્રાહક પત્રિકા

Name: ..........................................

Address:........................................

..........................................

..........................................

Post Code: ........................

Telephone: ............................

Subscription: £25 / £40

Date: ....................


'ટેમ્પરરી' શારીરિક કામ 'આયકિયા' કમ્પનીમાં સ્વીકાર્યું છે. રોજ રાતે શરીર તૂટે છે, તેમ કહે છે. અને સરસ્વતીબહેન ઘરમાં રહી દિવસો વિતાવે છે. વળી, અહીંના શિયાળાની કડકડતી ઠંડીમાં આવ્યાં એટલે કદી ય માંદાં ન પડતાં સરસ્વતીબહેન આજે વારતહેવારે શરદી અને તાવમાં પટકાઈ પડે છે. દેશ યાદ આવે છે, ઘર યાદ આવે છે, પરંતુ હવે તો બહુ મોડું થઈ ગયું હોય તેવું લાગે છે.

માનસીબહેન તો મુંબઈમાં ફાર્માસ્યુટિકલ કમ્પનીમાં યુનિવર્સિટીની મોટી ડિગ્રી અને પદવી ધરાવનાર વ્યક્તિ. 'હાઈ સ્કીલ' વીઝા મળ્યા એટલે તેમના હરખનો પાર ન રહ્યો. પોતે આર્થિક રીતે થોડા સધ્ધર ખરા અને સાથે સાથે શાણપણને સાવ તિલાંજલિ આપી નહોતી તેથી મુંબઈની કમ્પનીમાં ત્રણ મહિના રજા લઈને અહીં આવ્યા. વ્યવસાયમાં પતિનું પણ સારું સ્થાન. અહીં થોડાં સગાં ખરાં એટલે તેમને ત્યાં રહી નોકરીનો પ્રયાસ આદર્યો. ચારેક ફાર્માસ્યુટિકલ કમ્પનીમાં પ્રયત્ન કર્યા બાદ ઘણા વિલંબે એક કમ્પનીની ઑફર આવી. સ્થાન સાવ નીચું - પગાર પણ પ્રમાણમાં ઓછો. માનસીબહેને પૂરતો વિચાર કર્યો. બાર મહિને બચતની વાત તો બાજુએ રહી, પરંતુ ખરચા પણ માંડ માંડ પૂરા પડશે, તેમ સમજાયું. મુંબઈમાં સત્તા ભોગવ્યાં પછી અહીં એક ૨૫ વર્ષના અંગ્રેજ 'છોકરા'ના હાથ નીચે કામ કરવું પડશે તે પણ વિચાર આવ્યો. પોતે હતાં ખરાં એટલે ઘણા વિચાર બાદ, મુંબઈ પરત જવાનું ઠરાવ્યું. આજે તેઓ આનંદથી પોતાનાં પરિચિત વાતાવરણમાં સગાંઓ અને મિત્રોની હૂંફ અનુભવતાં સુખેથી મુંબઈમાં રહે છે.

પરદેશ માટે મોટાં અને ખોટાં સ્વપ્નાંઓ સેવી પોતાનું સર્વસ્વ પોતાના દેશમાં મૂકી દઈ અહીં 'કૂચે મરવા' આવનારને અમારાં દાદીમાએ પૂછેલો પ્રશ્ન જ પૂછવો રહ્યો કે, 'ભાઈ (અથવા બહેન), તમારાં ત્યાંના સરસ સંજોગોમાં માને મૂકીને કૂતરીને ધાવવા આવતાં' પહેલાં હજાર વિચાર કરી ન શકો? મારી પોતાની દૃષ્ટિએ તો સ્વદેશ એટલે પોતાની મા અને અહીં સારી રીતે રહેતાં હોઈએ તો પણ બ્રિટન બહુ બહુ તો પ્રેમાળ માસી।


[18 Leigh Court, Byron Hill Road,
HARROW-ON-THE-HILL, Middlesex
HA2 0HZ, U.K.]




જિંજા નગરીના નગરપતિપદે જેઠાલાલ વિસાણા ચૂંટાયા હતા. એમનું સન્માન કરવાને પણ મહિલા મંડળે એક અવસર કરેલો. કનકબહેન પટેલ હારતોરા પહેરાવીને જેઠાલાલભાઈનું સ્વાગત કરતાં અહીં જોવાં મળે છે. એમની પડખે નિર્મળાબહેન હોવાનું કહેવાય છે. જ્યારે જેઠાલાલભાઈની જમણે હાલ પૂર્વ લંડનમાં રહેતા રમણભાઈ ખમાર દેખાય છે. ચિત્રમાં દેખા દે છે તે મકાન જિંજા મહિલા મંડળનું જ હોવાનું જણાયું છે.



જિંજા મહિલા મંડળની સમિતિનું એક ચિત્ર. ચિત્રમાં સુલોચનાબહેન દિનશા પટેલ, શારદાબહેન પટેલ અને કનકબહેન પટેલને જોઈ શકાય છે. સ્મૃતિલોપે ચિત્રમાંનાં બીજાં નામોની સગડ મળી શકી નથી.

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું

આફ્રિકા ખંડમાંની આપણી વસાહતે, બનીમતે, જીવનના દરેક ક્ષેત્રે, અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવી હતી. કનૈયાલાલ મુનશી જેને 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' કહે છે તે મિષે, આ આત્મવાન પ્રજાએ દોરી લોટી લઈને એ વખતના અંધારભર્યા વિસ્તારમાં પણ ખાબકવાનું રાખ્યું હતું. યુગાન્ડા દેશમાં તો વેપારવણજમાં એ સૌ પાવરધા તો થયા, પણ મુનશી કહે છે તેમ, ત્યાં પણ 'પૈસાની શોધમાં અને જીવનના શોખમાં મશગૂલ' રહ્યા. યુગાન્ડામાં નીલ નદીને કાંઠે વસેલી જિંજા નગરીમાં, અનેક મંડળો વિકસ્યાં અને ગજા ઉપરાંતનાં તેમણે કામો કરેલાં. આવું એક મંડળ એટલે 'જિંજા મહિલા મંડળ'.

સને ૧૯૬૯-૧૯૭૨ના અરસામાં, હાલ ઈંગ્લૅન્ડના કોલચેસ્ટર ગામે વસતાં, કનકબહેન પટેલ મંડળનાં પ્રમુખસ્થાને હતાં. તે સમયની કેટલીક છબિઓ એમણે મોકલી આપી છે. તે પાન બે અને ત્રણ પરે આવરી છે. કનકબહેન લખે છે : 'મારા પછી કુસુમબહેન પોપટ પ્રમુખપદે ચૂંટાયાં, પણ તે પછી થોડા સમયમાં જ અહીં આવવાનું બનેલું. મહિલા મંડળમાં અમે સભાબેઠકો ઉપરાંત, દર ગુરુવારે બાળકો માટે ક્લિનિક રાખતાં. દૂર દૂરથી પણ આફ્રિકી બહેનો ચાલીને આવતી. બાળકોની ચિકિત્સા માટે ગામના દાક્તરો તરફથી દવાઓ, બિસ્કિટ વગેરે દાનમાં મળતું. વળી, દર ગુરુવારે લાયબ્રેરી પણ ચાલતી. લાયબ્રેરીમાં ઘણાં પુસ્તકો હતાં. દાનમાં પૈસા આવે તેમાંથી થોડા ગરીબ વિદ્યાર્થીઓને સ્કૂલમાં માફી અપાતી. વળી, પૈસા ભેગા કરવા અમે આનંદ બજાર રાખતાં અને બહેનો ઘણું જ ખાવાનું લઈ આવતી. તેનું વેચાણ થતું. ગામ લોકો તરફથી પણ ઘણી જ સહાય મળતી. વિધવા બહેનોને મદદ કરતાં અને જો સીવવાનું શરૂ કરવું હોય તો સીવવાનું મશીન પણ અમે લઈ આપતાં. ઉપરાંત, ગામમાં પધારતા સાધુસંતોને પ્રવચન માટે તો અચૂક આમંત્રણ આપતા.'

સપ્ટેમ્બર ૨૦૦૪થી શરૂ થયેલા આ સ્થંભનો, અત્યાર સુધી, સારો પડઘો પડ્યો છે. "ઓપિનિયન"ના વાચકવર્ગમાં આવી ઐતિહાસિક છબિઓ ઘરે ઘરે પડી જ હોય. અડધી-પોણી સદી પહેલાંનો આવો, ભર્યોભાદર્યો ઇતિહાસ સૌ સંગાથે માણવાનો આ પ્રયાસ છે. તમારા ભંડકિયામાં, કાતરિયામાં, પટારામાં કે પછી ક્યાંક કબાટમાં, આવી છબિ સંઘરાયેલી પડી હશે. એવી એવી છબિ, કોઈ પણ વાચક, અમને મોકલી શકે છે. અલબત્ત, ઉપયોગમાં લીધાં પછી, મોકલનારને, આવી જે તે છબિ, અમે જરૂર પરત કરીશું. એમણે એ છબિ અંગેની વિગતમાહિતીઓ પૂરી રીતે ચકાસીને આપવી રહેશે. સ્થળ, સાલ, અવસર, નામઠામ - જેવી વિગતો આપણાં વસવાટી જીવનની મિરાત સાબિત થાય ય ખરી.

ચાલો, તમને દરેકને આમાં ભાગીદાર થવાનું ઈજન છે. ધૂળ ખંખેરજો, પણ પ્રથમપહેલાં આળસ ખંખેરજો; ઉદાસીનતામાં અને ઉપેક્ષામાં નહીં, ઉત્સાહમાં તથા ઉમળકામાં લપેટાજો.

-તંત્રી



જિંજા ઉપરાંત યુગાન્ડામાંના સમસ્ત ગુજરાતી જનજીવનમાં પ્રવૃત્ત રહેલાં સદ્ગત નિર્મળાબહેન ભટ્ટ એક જાણીતું, માનીતું નામ. એ લેખિકા પણ હતાં. એમનું એક પુસ્તક પ્રગટ થયું, એ અવસરે, મહિલા મંડળનાં પ્રમુખ કનકબહેન પટેલ છબિમાં (ડાબે) હારતોરા અર્પણ કરીને (જમણે) નિર્મળાબહેન ભટ્ટનું ઉમળકાભર્યું સ્વાગત કરતાં દૃષ્ટિમાન થાય છે.



ગુજરાતી વસાહતનું એક બડભાગી નામ એટલે નાનજી કાળિદાસ મહેતા. એમના પત્ની, સંતોકબાનું સન્માન કરવાનો એક અવસર થયો હતો. ચિત્રમાં, ડાબેથી, નાનજીભાઈ મહેતાનાં દીકરી નિર્મળાબહેન, ચન્દ્રકળાબહેન મહેતા, કૈલાસબહેન પટેલ અને કનકબહેન પટેલ દૃષ્ટિમાન થાય છે.



એક વાનગી હરીફાઈમાં કુસુમબહેન પોપટને ઈનામ મળ્યું હતું તે અવસરની સાદી ખાદી આ છબિ છે. તદ્દન ડાબે કુસુમબહેન દેખાય છે અને તેમની પડખે દયાબહેન જોબનપુત્રા, મંડળના તત્કાલીન પ્રમુખ કનકબહેન પટેલ, ઉપરાંત માનવંતાબહેન વોરા વગેરે જોવા મળે છે. બે બહેનોનાં નામ મળી શક્યાં નથી.

# ભયવિહીન અહિંસાને મારગે

□ જયન્ત મ. પંડ્યા

૧૮મી જુલાઈની સાંજ હતી. દિવસના સમાચાર જાણવા 'આજતક'ની ચેનલ ખોલી. લગભગ સવા છ વાગ્યાનો સમય હશે. ટીવીમાં જોયું તો માનવમહેરામણ ! સાથે સાથે પ્રવક્તાનું વિવરણ ચાલતું હતું. એકાએક મનમાં પુલકની લહેર અને આંખોમાં જળમેઘ અનુભવાયો.

---

**જયન્ત મ. પંડ્યાએ લખ્યા બે'ક લેખો, એકાદ કવિતા, એમનાં એક પુસ્તકની ફાંકડી સમાલોચના અને સ્મરણો ભીંજવતી થોડીક અંજલિઓ અહીં આમેજ કરીએ છીએ. જયન્તભાઈ પ્રત્યેનો લગાવ આ રીતે ય છતો કરતાં કરતાં મુઠ્ઠી ઊંચેરા આ માનવીને આપણી આદરાંજલિ આપવાનો જ આને ઉપક્રમ લેખીએ.**

**દરમિયાન, રાજ્યનીતિશાસ્ત્રના પ્રાધ્યાપકઅને જાણીતા લેખક-વક્તા દેવવ્રત પાઠક, ભાષા-સાહિત્યના એક આગેવાન સાક્ષર કેશવરામ કાશીરામ શાસ્ત્રી તેમ જ "ઉદ્દેશ" સામયિકના તંત્રી અને સાહિત્યકાર રમણલાલ જોશી પણ હાલમાં અવસાન પામ્યાં છે તે સખેદ નોંધીએ છીએ. આપણી સૌની વિદાયવંદના હજો. - તંત્રી**

---

ચર્ચગેટ રેલવે સ્ટેશન, નરીમાન પૉઈન્ટ, અહમદલી રોડ, માહીમ તથા અન્ય વિસ્તારોનાં દશ્યો પ્રગટતાં જતાં હતાં અને હકડેઠઠ જનસમુદાય છતો થતો હતો. આવાં દશ્યો આખાં મુંબઈ નગરમાં હતાં. અને દેશના પ્રથમ નાગરિકે મુંબઈના વિસ્ફોટકાંડના દિવંગતોની સ્મૃતિમાં, ધડાકા થયેલા એ જ સમયે, સાંજના છ અને પચીસ મિનિટે મૌન શ્રધ્ધાંજલિ આપવા કરેલી હાકલના જવાબમાં આખું મુંબઈ ઊમટી પડ્યું હતું, અને તે ય કેવળ સ્વયંસ્ફૂરણાથી ! રાષ્ટ્રપ્રમુખે શ્રધ્ધાજંલિ આપવા, જે સ્થળે વિસ્ફોટ થયા તેમાંના એક માહીમને પસંદ કર્યું હતું. તેમની સાથે હતા મહારાષ્ટ્રના ગવર્નર, રાજ્યના મુખ્યમંત્રી, કેન્દ્રના બે મંત્રીઓ, મહારાષ્ટ્રની કેબિનેટના સભ્યો, પોલીસના તેમ જ બીજા અધિકારીઓ અને રસ્તામાં ન સમાય એટલી જનમેદની. એમાં વૈખરીને બદલે કેવળ મૌનની ભાષામાં મુંબઈ નગરની સંવેદના અને સંદેશો વ્યક્ત કરવા પહેલા નાગરિકથી માંડી છેવાડાના નાગરિક સુધીની વસતી દીવાલની જેમ ઊભી હતી. એમાંના કોઈને નાતજાતની ઓળખ આપીને મારે અભડાવા નથી. એમાં વિસ્ફોટનો ભોગ બનેલી ગાડીઓના ડ્રાઈવર, ગાર્ડ, ટેકસી ડ્રાઈવર, નફકરા મનાતા જુવાનો, ઝૂંપડપટ્ટીના વસનારા કશી શિસ્ત તોડ્યા વિના એકમેકની પડખે ચપોચપ ઊભા હતા. નિર્ધારિત સમયે સાયરનો વાગી. પછી સલામી સાથે બે મિનિટનું મૌન અને પોલીસનાં બ્યુગલો સાથે શ્રધંજંલિની સમાપ્તિ. ના માઈક, ન હાંકોટા, ન સૂત્રોચ્ચાર. હતો કેવળ હૃદયની ભીનાશથી ભરેલો પરિવાર, જે રાષ્ટ્રની આકાંક્ષા પ્રમાણે એક દેહમાં લીન થવા ઝંખતો હતો.

સામાન્ય દિવસોમાં ય ગીચોગીચ એવા મહમદઅલી રોડ ઉપર ચકલું ય પેસી ન શકે એવી ભીડ હતી. ત્યાંના રહેવાસીઓમાંથી કેટલાક સફેદ વસ્ત્રો પહેરીને આવ્યા હતા. સફેદ રંગ એટલે શોક દર્શાવનારો શુચિતાનો રંગ. ત્યાંનાં બાળકોના હાથમાં હતા સફેદ ફુગ્ગા અને મોટાઓના હાથમાં સફેદ કબૂતર. શોક, શુચિતા અનેશાન્તિનો સંદેશ પ્રતીકો વાટે ઊપસતો હતો. બરાબર છ અને પચીસ મિનિટે, હૃદયના ધબકાર સિવાયનું તમામ સંચરણ થંભી ગયું. નીરવ શાન્તિની એ ઘડીએ ગઈ કાલના મુંબઈ કરતાં આજનું મુંબઈ મૂઠી ઊંચું અને ગરવોન્નત લાગતું હતું. અને એ ચમત્કારના સર્જક હતા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ. એક જ સપાટે એમણે મતભૂખ્યા રાજકારણીઓને હતા તેના કરતાં વધુ ઠિંગુજી બનાવી દીધા એટલું જ નહીં સ્વરાજની લડતના દિવસોની મુંબઈની ચેતના જગાડી આપી. એ ચેતનાએ લશ્કરે-કહેરને તેને ઘેર, ઠેરની ઠેર મૂકી દીધી. એમાં 'વી શેલ ઑવરકમ'નો ગગનભેદી અવાજ હતો. કોઈકને પ્રશ્ન થાય કે આ અવાજ ત્રાસવાદને નાથી શકશે ખરો ? એનો જવાબ, જગજાહેર એવા બે નકશા ખુલ્લા કરીને જ આપી શકાય. એ નકશાએ બતાવેલા રસ્તા પરસ્પર વિરોધી છે. તેમાં એક રસ્તો ખુલ્લેઆમ લડાઈનો છે તો બીજો છે અહિંસક પ્રતિકારનો. આ બન્ને માર્ગોનાં લેખાંજોખાં આ રીતે આપી શકાય :

(૧) આતંકવાદીઓ એટલે ચહેરા વિનાનું અને વાંસો ચુડેલનો લઈને ભમતું જૂથ. એટલે એ જૂથ કોઈ સંગઠિત અને સ્થાપિત રાજ્યવ્યવસ્થા નથી કે તેની ઉપર એક સામટો હુમલો કરી શકાય.

(૨) આતંકવાદ સાથે ગોત્રસંબંધ ધરાવતું રાજ્ય હોય અને છતાં આંખ આડા કાન કરતું હોય તો તેના પુરાવા મેળવવા અઘરા છે. વળી એ રાજ્ય આતંકવાદને આશરો આપતું હોવાનો ઈનકાર કરતું હોય તેવી સ્થિતિમાં તે રાજ્ય ઉપર સીધું આક્રમણ કરવાથી અનેક સમસ્યાઓ ઊભી થાય છે જેમ કે -રાજ્યો વચ્ચેની પરસ્પર સમજૂતી અને સંબંધો, આંતરરાષ્ટ્રીય કાયદા તથા સ્થાપિત પરંપરા, વિશ્વના દેશોનાં સ્વાર્થીલાં દબાણો, શાન્તિમંત્ર ખિસ્સામાં લઈને પ્રગટ થતાં રાજ્યો, વિરુધ્ધમાં ઉતરેલાં રાષ્ટ્રો પાસે અણુશસ્ત્રોનું હોવું કે ન હોવું જેવી વિવિધ સ્થિતિઓ, સર્વતોમુખી યુધ્ધ સામેના મોટા અંતરાયો છે.

(૩) હવે પાકિસ્તાનને નજરમાં રાખીને વાત કરીએ તો ભારતે મર્યાદિત યુધ્ધોમાં તેનો અનેક વાર પરાજય કર્યો છે છતાં તેની સાન ઠેકાણે આવી નથી. એ બેઠું થાય છે અને ફરી જૂના ચાળે ચઢી જાય છે. બે મોઢે વાત કરવાની એને ફાવટ છે તેથી આપણને તેમ જ દુનિયાના બીજા દેશોને ભ્રાંતિમાં નાખી દેવાની પેરવી કરતું રહે છે. આમ મર્યાદિત યુધ્ધ કે બન્નેમાં ત્રાસવાદમાં નિવારણને ઉપાય જડતો નથી.

(૪) આતંકવાદ સામે બે મોરચે લડવાનું આપણે ફાળે આવ્યું છે. એક સરહદ પારના અને બીજા ઘરની અંદરના. સરહદ પારના આતંક માટે જાસૂસી તંત્રો અને લશ્કરી-પોલીસ વિભાગો વધારે મજબૂત અને કર્મકુશળ બનાવવાની જરૂર છે. ગુનેગારોને ઓળખાવી આપે તેવા યાંત્રિક સાધનો પૂરતાં પ્રમાણમાં પાથરવાની જરૂર છે. જ્યારે ઘર આંગણાની વિકટતા ઓછી નથી. ન-જેવી બાબતો માટે બંધનાં એલાનો આપનારા, રસ્તે ઊતરીને આગચંપી અને તોડફોડ કરનારા, ખોટા ફોન કે ઈ-મેઈલ કરીને ભડકાવનારા જાતજાતના આતંકવાદીઓ આપણી વચમાં વસે છે. આપણો ગૃહમોરચો જોઈએ તેટલો બળવાન નથી. આપણી બધી શક્તિ ગૃહમોરચે કેન્દ્રિત થાય એ આપણી તાતી જરૂર છે.

ચોરે ને ચૌટે, મુંબઈ જેવી ઘટના ન બને તે માટે ઉત્સાહી લોકો પાક કબજા હેઠળના કાશ્મીરમાં જામેલાં આતંકી થાણામાં ઘૂસી તેમને ફૂંકી મારવાની હિમાયત કરતા હોય છે. આ કામ બોલવા જેટલું સહેલું હોત તો ક્યારનું થઈ ગયું હોત. એ નથી થયું તેનાં કારણો ઉપર ગણાવ્યાં છે. આવી મુશ્કેલી આપણને જ નહીં, અમેરિકા, રશિયા, બ્રિટન, ઈઝરૈલ,

અફઘાનિસ્તાન સહુને નડે છે. એમને પણ સફળતા મળી નથી તો ભારતને મળી જશે એમ માનવું એ શેખચલ્લીનો તરંગ છે. આવા હુમલા હજુ પણ આવશે પરંતુ તેને નિષ્ફળ બનાવવા માટે ગૃહમોરચે કેટલાંક પરિવર્તનો કરવાની જરૂર છે જે રીતે સમજાય છે તેને અહિંસક લડાઈના ક્ષેત્રમાં ગણીશું.

એ ક્ષેત્રે પહેલુ કામ આપણી માનસિકતા સુધારવાનુ છે. અહિંસાને આપણે કાયરતાનું રૂપ ગણીએ છીએ. અહીં જે વાત છે તે ભયવિહીન અહિંસાની. દુર્ભાગ્યે, શસ્ત્રયુધ્ધનું શાસ્ત્ર જેટલું ખીલવવામાં આવ્યું છે એટલું અહિંસક યુધ્ધ માટે થયું નથી. તે પછીનું કામ છે રાજ્યને સ્વચ્છ, પ્રમાણિક અને કાર્યક્ષમ બનાવવાનું. ત્રીજું કદમ છે વહીવટને સ્વાયત્ત તથા રોકડો હિસાબ આપે તેવી વ્યવસ્થા કરવાનું. આ કામો માટે પ્રજા નિર્ભય, શિસ્તબધ્ધ અને નીરક્ષીરનો વિવેક કરનારી બનવી જોઈએ. નકલી સ્વરાજને સાચા સ્વરાજમાં ફેરવનારાં પગલાં આ છે, ટૂંકનજરિયા રસ્તા નહીં.

છેલ્લાં પચાસ વર્ષમાં, લૂણો લાગતાં જતા આપણા પોલિટિકલ કલચરે દાટ વાળ્યો છે તેનાં દર્શન રાજ્યેરાજ્યે અને કેન્દ્રમાં થતાં રહ્યાં છે. તકસાધુ અને લેભાગુ રાજકારણીઓની મોટી જમાત સત્તાનાં કેન્દ્રો કબજે કરીને બેઠી છે. જ્યાં તેમણે જવું જોઈતું ન હતું તેવાં સ્થાનો જેવાં કે મ્યુનિસિપાલિટી, પંચાયતો, સહકારી બૅન્કો અને મંડળીઓમાં પક્ષના વાવટા લઈને પેસી ગયા છે જેથી અવગતિયા જીવોને મોક્ષ મળે. બીજી બાજુએ સંસદ તથા વિધાનસભાઓમાં કરવાનાં કામો રેઢાં મૂકી એકમેકથી ઊંચા બૂમબરાડા ઉછેરે છે, સભાત્યાગ કરીને રજાઓ પાળે છે. પક્ષના ગોદામો પણ સડી ગયેલા અનાજથી છલકાય છે. એમનો કબજો અને ભોગવટો અખંડ રહે તેની પેરવીમાં, પ્રજાને નાતજાતમાં વહેંચે છે, ચૂંટાવા માટે ઠગપિંઢારાને પોષે છે, એમની વહારે ધાવા તંત્રોમાં દખલગીરી કરે છે, એમની લાલસાને તાબે ન થનાર અધિકારીને બદલીની સજા કરે છે, પ્રજાને ઘેનની દવાઓ પાય છે તો બીજે ક્યાંક ખુશ કરવા માટે ઘૂઘરા આપે છે, મૂછે તાવ દેવા બંધનાં એલાનો આપી જે કંઈ નુકસાન થાય તેને ઠંડે કલેજે જોયા કરે છે અને ઘટનાએ ઘટનાએ પોતાના રોટલા શેકવા તાપણાં સળગાવે છે.

કમનસીબી એ છે કે આવા રાજકારણથી છૂટકારો મેળવવાની ગુરુચાવી જેની પાસે છે તે પ્રજા કાં તો ઉદાસીન અને નિષ્ક્રિય રહે છે અથવા તો દારૂ, પૈસા અને રાક્ષસી બળથી દબાઈને ખોટા સિક્કા ચલણમાં ફરતા કરે છે.

આવા અનાચારની સામટી અસર વહીવટી તંત્રોમાં ઊતરે છે અને તેઓ પણ 'હોતી હૈ, ચલતી હૈ'ની બેફિકરાઈથી રાતાંમાતાં થઈને મહાલે છે. જેમ રાજકારણમાં પોલિટિકલ કલચર નથી તેમ વહીવટમાં કામ કરવાની નિષ્ઠા અને ધોરણો એટલે વર્ક કલચર નથી. એ તંત્રોને સ્વાયત્ત એટલે કે પોતાના તંત્રને ચુસ્ત રાખવાની સત્તાવાળાં, ભલામણો, સિફારસો અને દબાણોથી મુક્ત રહી ફરજ બજાવે તેવાં અને કામનો સ્પષ્ટ જવાબ આપનારાં બનાવવાં જોઈએ. મંત્રીમંડળનું કામ રાજ્ય - સંચાલનના દષ્ટિવંત નિયમો ઘડી તેનું ચુસ્ત પાલન થાય છે કે નહીં તે જોવાનું અને લોકતંત્રના સરળ સંચાલન માટે આવશ્યક કાયદા ઘડવાનું છે, ભેલાણ કરવાનું નથી એવી સમજવાળા લોકોના હાથમાં રાજ્યની ધૂરા જોવી જોઈશે. તંત્રોને પક્ષાઘાતથી બચાવવા આ સિવાય બીજો ઉપાય નથી.

છેવટે, રાજા તથા પ્રજા માટે ઉપાસના કરવા જેવા થોડાક ગુણો ગીતાએ ખતવી આપ્યા છે. ગીતાના શબ્દોમાં પહેલા ચરણના ગુણો છે - અભયમ્, સત્ત્વસંશુધ્ધિ અને જ્ઞાન-યોગ વ્યવસ્થિતિ. અભયમ્ એટલે નિર્ભયતા, સત્ત્વસંશુધ્ધિ એટલે માણસનાં મૂળ લક્ષણોનું શુધ્ધીકરણ અને જ્ઞાન એટલે વિશેષ જ્ઞાન તથા કર્મનિષ્ઠાનું વ્યવસ્થાપન. એમાં બીજા ચરણના ગુણો સમાજનું તેજ વધારવા માટે છે અને તે છે દાન, ચિત્તની અશુધ્ધિઓનું દમન, સારાં કામોરૂપી યજ્ઞ, સ્વાધ્યાય તથા ઋજુતા. આ ગુણો ઉછેરીને આવનાર રાજા કે પ્રજા લોકતંત્રની લાયકાતના મેળમાં હશે. ઘરબહારના અને ઘરઅંદરના આતંકવાદીઓના પેંતરા આ નવો સમાજ નેસ્તનાબૂદ કરી શકશે. બર્બરતા સામેની લડાઈ ઊંચી સભ્યતાથી જ જીતી શકાય. એમાં જુલ્મગારો સામે અડીખમ ઊભા રહીને તેમને મહાત કરવાનો છે. એમણે લીધેલા ધર્મના ઓઠાને કારણે એ ધર્મના લોકોને અહીં પીડવાના નથી. એ જ રીતે એ ધર્મના પાળનારાઓએ આતંકીઓના મલિન ઈરાદાને કોઈ દાદ આપવાની નથી. આ છે અહિંસક લડાઈ. એમાં લશ્કર કે પોલીસ માટે શસ્ત્રોનો ઉપયોગ ન કરવાનો બોધ નથી. તેઓ પોતાનો ધર્મ ઉત્તમ રીતે બજાવે તે માટે એક મજબૂત પ્રજાકીય કુમક પહોંચાડવાનો છે.

મુંબઈની શ્રધ્ધાંજલિ સભાએ રાષ્ટ્રીય એકતાના પહેલા કિરણનાં દર્શન કરાવ્યાં છે. તેની પાછળ સૂરજ પણ આવતો હશે. એમાંથી નવો તેજસ્વી દિવસ ઊગે તેવી પ્રાર્થના સાથે મુંબઈની પ્રજા તથા ડૉ. કલામને સો સો સલામ।

**(સૌજન્ય : ૦૧-૦૮-૦૬, "નિરીક્ષક"માં ઉઘડતે પાને છપાયો 'મુંબઈ વિસ્ફોટો, વિરલ શ્રધ્ધાંજલિ' લેખ)**

---

# 'મને મળી નિષ્ફળતા અનેક, તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં'

**○ જયન્ત પંડ્યા**

મારા પ્રતિભાવમાં સૌથી પહેલો આભાર માનવો છે સ્વામી સચ્ચિદાનંદ સેવાસમાજના ટ્રસ્ટીઓનો, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રીનો તથા તેમના નિર્ણયમાં સહભાગી થનારા વિદ્વાનોનો. એ સહુના સદ્ભાવને કારણે આપ સહુની સમક્ષ થોડીક વાતો કરવાની મને તક મળી છે.

વર્ષો પહેલાં, આજે અધ્યક્ષસ્થાને બેઠેલા રઘુવીર ચૌધરીએ તેમની 'તિલક કરે રઘુવીર' નામની કૉલમમાં મારે વિશે લખાણ કરેલું અને તેમાં ઉમાશંકર જોશીની બે કાવ્યપંક્તિઓ ટાંકેલી. એ આ પ્રમાણે છે :

*મને મળી નિષ્ફળતા અનેક,*
*તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.*

એ પંક્તિઓમાંની પહેલી, 'મને મળી નિષ્ફળતા અનેક' એમણે મારા નામે ખતવી હતી અને બીજી ઉમાશંકરને નામે જમા કરેલી. એ બિલકુલ સહજ હતું કેમ કે રઘુવીર તો તુલસીદાસે જેવું ચંદન ઘસ્યું હોય એવું જ તિલક કરે ને। એમાં વાંકુ પાડવા જેવું કશું ય મને લાગ્યું નથી.

અંતર્મુખ થવાની આ ઘડીએ જાતને ઉઘાડીને જોઉં છું ત્યારે કેટલાંક અપલક્ષણો આપમેળે પ્રગટ થઈ જાય છે. મૂળે હું ઓછું બોલનારો અને ગંભીર પ્રકૃતિનો માણસ રહ્યો છું. એમાં અલગારીપણું તેમ જ અકડાઈ ભરપૂર પડેલાં છે. મોકળે મને કોઈને સ્મિત આપ્યાનું ય યાદ નથી. જે સહજતાથી અન્ય લોકો સંબંધો બાંધી શકે છે તેવી ફાવટ આ પિંડમાં

ઊતરી જ નથી. હા, મૈત્રી વ્યક્ત થાય કે ન થાય, પણ દુર્ભાવ કોઈને માટે નથી.

આપણાંમાંનાં ઘણાંની જેમ મને પણ આ જીવન સુદામાનો હાથ ઝાલીને જોવા મળ્યું તે તેમ છતાં એ જીવને કોઈ કોઈ વાર જે ઐશ્વર્યનો અનુભવ કરાવ્યો છે તેને માત્ર ચમત્કાર જ કહી શકાય.

ઘણી વાર મારી જાતને હું અભણમાં ખપાવું છું કેમ કે સ્નાતક કક્ષા સુધીનું વૈધ શિક્ષણ મને મળ્યું નથી. ગુજરાતના પૂર્વ છેડાના દાહોદ શહેરમાં મેટ્રિક સુધીનું શિક્ષણ થયેલું. એ મેટ્રિકનું એસ.એસ.સી.માં રૂપાન્તર ન થયું હોત તો કદાચ ઠેરનો ઠેર રહ્યો હોત. પરંતુ વિઘ્ન દોડ અટકી નહીં અને ભાષા-સાહિત્ય ભવનના વર્ગખંડ સુધી લઈ ગઈ. ભવનનાં એ બે વર્ષો અને અધ્યાપક તરીકે ઉમાશંકર જોશીનું સાન્નિધ્ય એ મોટી ઉપલબ્ધિ રહી.

શાળામાં હતો ત્યારે ગુજરાતી - અંગ્રેજી સારું છે એવું શિક્ષકો કહેતા. એમણે જે ઘરપત બંધાવી એણે ધારક બળનું કામ કરેલું. શાળાના ભણતર દરમિયાન કેટલાંક વ્યક્તિચિત્રો, એકાદ-બે વાર્તા અને એકાદ-બે કવિતાઓ લખવાનું બનેલું અને તે સામગ્રી "નવચેતન" આદિ સામયિકોમાં પ્રગટ થયેલી. પરંતુ વ્યવસ્થિત લેખન ૧૯૮૦થી ૧૯૯૨ દરમિયાન "નિરીક્ષક"ને ટેકે ચાલતું રહ્યું. એના પ્રારંભિક વર્ષોમાં લખાયેલા અગ્રલેખોનો સંચય 'શબ્દવેધ'ને નામે પ્રગટ થયો અને પ્રસંગોપાત્ત લખાયેલા ચરિત્રનિબંધોમાંથી 'સ્મરણો ભીનાં ભીનાં'નો ઉદય થયો. અનુવાદની એક કાર્યશિબિરમાંથી ઈ. એફ. શુમાખરના 'અ ગાઈડ ફૉર ધ પરપ્લેક્સ્ડ'ના ગુજરાતી અનુવાદ 'મૂંઝવણમાંથી માર્ગ'નું પ્રકાશન થયું. તે પછીનો ગાળો આવ્યો ફરમાસુ લેખનનો. એમાં પ્રેરણાસ્રોત અને નિમિત્ત મનુભાઈ પંચોળી. એમણે ધક્કા મારી મારીને મહાકવિ હોમરના 'ઈલિયડ'નો તથા ઍલન પૅટનની નવલકથા 'ક્રાય ધ બીલવ્ડ કન્ટ્રી'નો અનુવાદ કરાવ્યો. લોકભારતીમાં આપેલાં બે વ્યાખ્યાનોમાંથી 'ગાંધી, મહાપદના યાત્રી'નો જન્મ થયો. હજુ ય કંઈ બાકી રહી જતું હોય તેમ, છેલ્લે છેલ્લે નારાયણ દેસાઈએ, ગાંધીજીના 'ગીતા અકોર્ડિંગ ટુ ગાંધી'ની મહાદેવભાઈની પ્રસ્તાવના 'માય સબમિશન'ને ગુજરાતીમાં ઉતારવાનું કામ ભળાવ્યું. એ અનુવાદ 'ગીતા દર્શન' નામથી પ્રગટ થયો છે. આમ 'મેઘદૂત'થી માંડીને 'ગીતા દર્શન' સુધીની ભિન્ન ભિન્ન કુંજગલીઓમાંથી પસાર થવાનો આનંદ અંકે કર્યો. આ બધી કૃતિઓની ગુણવત્તા વિશે કશો અફસોસ કરવાપણું નથી એ મારે મન સૌથી સંતર્પક ઘટના છે. એ કૃતિઓના ભિન્ન ભિન્ન પ્રકાશકો - અનુક્રમે સન્નિષ્ઠ પ્રકાશન, ગુજરાતી સાહિત્ય પરિષદ, ભાષાન્તર નિધિ, ઈમેજ પબ્લિકેશન, ગુજરાત સાહિત્ય અકાદમી, રાજેશ શાસ્ત્રી અને નવજીવન પ્રકાશન મંદિરનું આ ક્ષણે કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું.

સાહિત્યની જેમ સમાજ સાથેની નિસબત પણ નાનપણથી જાગેલી. એમાં સૌથી મોટો ફાળો કમળાશંકર પંડ્યા તથા તેમના અન્ય સાથીઓનો. બીજા ઈન્દુલાલ યાજ્ઞિક, જેમની સાથે બંસીવાલા તથા નૈનપુર આશ્રમમાં, જુદા જુદા તબક્કે છએક માસ રહેવાનું થયેલું. આઝાદી જંગના એ દિવસો હતા. પ્રત્યેક સવાર તે દિવસોમાં સોહામણી અને ઉત્તેજનાથી સભર લાગતી. પગને પણ પાંખો ફૂટતી. જે જમાનામાં ગાંધીજી અને તેમણે રચેલું નક્ષત્ર મંડળ પ્રકાશતું હતું, જે જમાનામાં રવીન્દ્રનાથ ઠાકુરની ગીતાંજલિના સૂર ગાજતા, જે જમાનામાં નવજાગરણનો બુંગિયો ફૂંકાયો હતો એ જમાનામાં જીવવાનું સૌભાગ્ય મળેલું, તેનાથી મોટા બીજા વરદાનની શી જરૂર?

એક બાજુએ જીવને અનેક આશ્ચર્યોનો અનુભવ કરાવ્યો છે તો બીજી બાજુએ કેટલીક ફુંઠાઓનો પણ આસ્વાદ કરાવ્યો છે. એમાં નફાતોટાનું કોઈ ગણિત આડે આવ્યું નથી. વિધાતાએ દીધેલું વરદાન ભોગવી શકાયું તેનું બધું શ્રેય મારાં દિવંગત પત્ની રાસેશ્વરીને જાય છે. એમણે ઘર અને ઘ રવટું ચીવટથી નિભાવ્યાં અને જગત મારે માટે મોકળું કરી આપ્યું.

વિદેશની સફરો યાદ કરું તો યાદ આવે છે ૧૯૬૬માં કરેલો બ્રિટનનો પ્રવાસ. એ પ્રવાસ રોમાંચક સાહસકથા જેવો હતો પરંતુ એ કથા અહીં અપ્રસ્તુત છે. તે પછી ૧૯૯૯માં બ્રિટન તથા અમેરિકા જવાનું થયું તે બન્ને દેશોની ગુજરાતી સાહિત્ય અકાદમીને કારણે. એમાં પહેલ કરી વિપુલ કલ્યાણીએ અને અમેરિકામાં રામ ગઢવી, પ્રીતિ સેનગુપ્તા, નટવર ગાંધી જેવા મિત્રોએ. અમેરિકાના પ્રવાસ દરમિયાન કલ્પના ચાવલાને લોસ એન્જલસમાં અણધાર્યું મળવાનું થયેલું. એની વાત પ્રભાતસિંહ બારોટની સાથે થયેલી. કલ્પના પ્રભાતસિંહને દાદા માનતી અને દાદા એને દીકરી માનતા. આ પ્રભાતસિંહ એટલે "અખંડ આનંદ"માં કોઈ કોઈ વાર લખતાં વસુધા ઈનામદારના પિતા. એ કલ્પનાને અંતરિક્ષે આંતરી લીધી. એનો ગૌરવમંડિત રંજ મનને કોર્યા કરે છે. ૧૯૯૯ પછીના બીજા વર્ષે ફરીથી યુનાઈટેડ કિંગ્ડમ જવાનું બન્યું. એમાં પણ અગ્ર યજમાન વિપુલ કલ્યાણી. સાથીઓમાં ભોળાભાઈ પટેલ, વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા અને ઈટાલીથી પ્રદ્યુમ્ન તન્ના અને રોઝાલ્બા. લંડનના બન્ને વારના વસવાટમાં જેમણે ઘરની ખોટ સાલવા ન દીધી એવી ત્રણ સન્નારીઓ તે શાન્તાબહેન સેવક, વિલાસબહેન ધનાણી અને જયાબહેન દેસાઈ. આ ઉપરાંત પણ અનેક મિત્રોનાં નામો વિસ્તારભયે જતાં કરું છું.

આ થઈ મારી કેફિયત. એમાં કોઈ સિદ્ધિ કે પ્રસિદ્ધિની વાત નથી. જીવને જે જે સામે ધર્યું તે મને - કમને સ્વીકારી લીધું અને તેનો ઝાઝો હરખશોક કર્યો નથી. પણ એક ખટક હજુયે મનમાં રહી ગઈ છે. આઝાદીના આંદોલન વખતે મનભર અને શીલવંત દેશની તથા સ્વચ્છ લોકતંત્રની આશા રાખેલી તે પૂરી થઈ નથી. એને માટેના ઉધામાની છબી 'કાયાકલ્પ - ગુજરાત'ના પંચવાર્ષિક કાર્યક્રમમાં પડેલી છે. જોઈએ, શું હાલ થાય છે એના!

બાકી, અત્યાર સુધીના જીવન સંદર્ભે કશું કહેવા જેવું હોય તો તે ડબલ્યુ એસ. લેન્ડરના શબ્દોમાં કહેવાનું મન થાય છે. એમણે કહેલું :

I Strove with none, for none was worth my strife,

Nature I Loved, and next to nature, Art;

I have warmed both my hands before the fire of life

It sinks, and I am ready to depart.

*લડ્યો ન, લડવાસમું નવ હતું અહીં કોઈએ,*

*હતી પ્રકૃતિપ્રીત કંઈક અદકી કલાથી ખરી:*

*કર્યાં હૂંફભર્યાં કરો, જીવનવેદી-અગ્નિ થકી,*

*વિલાય અવ જે, અને મુજ વિદાય / હું તત્પર.*

ફરી એક વાર, આ સન્માનના દાતાઓના સદભાવનું સ્મરણ કરું છું, અ· આપ સૌને પ્રણામ.

(૮.૨.૨૦૦૩ના યોજાયેલા સચ્ચિદાનંદ સન્માન સમારંભમાં બોલાયું)
("ઓપિનિયન", ૨૬ માર્ચ ૨૦૦૩માંથી પુનઃપ્રકાશિત)

# તુલસીક્યારે પ્રકાશતા દીવા

□ ભોળાભાઈ પટેલ

આપણી આ પૃથ્વીના ગોળા પરથી અનેક પ્રજાતિઓ લુપ્ત થતી જાય છે. પ્રોફેસર જયન્ત પંડ્યાનું અવસાન ગાંધીપ્રેરિત મૂલ્ય બોધ સમન્વિત સાહિત્યકાર, કેળવણીકાર, સમાજચિંતક, સક્રિય રાજનીતિનો પરિચાયક એવી જે એક વિશિષ્ટ પ્રજાતિ છે, જે લુપ્ત થવાને આરે છે, તેમાંથી વળી એકનું વિલોપન છે. જયન્ત પંડ્યા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રહી ચૂક્યા હતા. "નિરીક્ષક" અને "પરબ' જેવાં સામયિકોના થોડો થોડો વખત તંત્રી રહી ચૂક્યા હતા. યૌવનના આરંભમાં પ્રસિધ્ધ સમાજસેવક કમળાશંકર પંડ્યાના અંતેવાસી બની દાહોદના આદિવાસી વિસ્તારમાં સેવાઓ આપી હતી અને પછી સક્રિય રાજકારણમાં ૧૯૭૨માં કોંગ્રેસની ટિકિટ પરથી વિધાનસભાની ચૂંટણી બાલાસિનોર વિસ્તારમાંથી લડ્યા હતા. ચૂંટણીખર્ચની મર્યાદાના નિયમો પાળીને અને માત્ર ૧૭૫ મતોથી જ ગૌરવભરી હાર પામ્યા હતા. અધ્યાપક અને લેખક તો તેઓ હતા જ. અહીં તેમના એક વિશિષ્ટ પુસ્તકનું, માત્ર તેમના જ નહીં, ગુજરાતી ભાષાના વિશિષ્ટ પુસ્તકનું - 'સ્મરણો ભીનાં ભીનાં'નું સ્મરણ કરવું છે.

'સ્મરણો ભીનાં ભીનાં' લોકપ્રિય એવા વાર્તા - નવલકથાના સ્વરૂપનું પુસ્તક નથી, એ પુસ્તક છે રેખાચિત્રોનું. સામાન્ય વાચક રેખાચિત્રોને જીવનચરિત્રના એક પ્રકાર તરીકે માને તો વાંધો નથી, પરંતુ એ સાહિત્યસ્વરૂપ ગુજરાતીમાં એવું ખીલ્યું છે કે તે સ્વતંત્ર સાહિત્યપ્રકાર તરીકે પોતાનું સ્થાન માગી શકે. લીલાવતી મુનશીએ ગુજરાતીમાં સૌ પ્રથમ રેખાચિત્રોને પ્રતિષ્ઠિત કરેલાં. કુશળ ચિત્રકાર પીંછીના થોડા લસરકાથી જેમ ચિત્ર આલેખી દે, તેમ બહુ થોડા શબ્દોમાં કોઈ વ્યક્તિને જીવંત કરી દેવાની એક રેખાચિત્રકારમાં હોવી જોઈતી પ્રથમ યોગ્યતા લીલાવતી મુનશીમાં હતી. પણ પછી એક પુસ્તકથી એ ક્ષેત્રમાં તેઓ આગળ ન વધ્યાં.

મારે મતે ગુજરાતી ભાષાનું એક શ્રેષ્ઠ રેખાચિત્ર તો મોહનદાસ કરમચંદ ગાંધીની 'આત્મકથા'માં આવતું નારાયણ હેમચંદ્રનું છે. ઈંગ્લૅન્ડમાં નારાયણ હેમચંદ્રની પહેલી ઓળખાણ વખતે ગાંધીજી લખે છેઃ 'નારાયણ હેમચંદ્રને અંગ્રેજી નહોતું આવડતું. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન પહેર્યું હતું. ઉપર ચોળાઈ ગયેલો, કાંઠલે મેલો, બદામી રંગનો કોટ હતો. નેકટાઈ કે કોલર નહોતાં. કોટ પાટલી ઘાટનો પણ ડોળ વિનાનો. માથે ફૂમતાંવાળી ઊનની ગૂંથેલી ટોપી હતી. તેમણે લાંબી દાઢી રાખી હતી. ... ચહેરો ગોળ. નાક નહીં અણીદાર, નહીં ચીબું, દાઢી પર હાથ ફર્યા કરે ... ' કેટલા ઓછા શબ્દોમાં ગાંધીજીએ નારાયણ હેમચંદ્રને આપણી સમક્ષ ખડા કરી દીધા ! આ બાહ્ય પરિચય પછી આંતરિક પરિચય રેખાચિત્રનો પ્રાણ છે - જે આ રેખાચિત્રમાં ગાંધીજીએ પૂર્યો છે. આવા રેખાચિત્રના કેટલા ય નમૂના 'આત્મકથા'માં મળે.

ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રકાર તરીકે કોઈ એક જ સર્જકનું નામ સૌથી પહેલું લેવું હોય તો તે પહેલાં ટિળકના અંતેવાસી અને પછી ગાંધીના પરમ અનુયાયી એવા સ્વામી આનંદનું લેવું પડે. સ્વામીએ રેખાચિત્રોના પ્રકારને વાર્તા કે નવલકથામાંથી પ્રાપ્ત થતી મનોરંજકતાથી ચઢિયાતી મનોરંજકતા અને સાથે ઉચ્ચ માનવ્યની દીક્ષા આપે એવી કોટિએ પહોંચાડ્યો. એમનાં રેખાચિત્રોમાં શુભનું પ્રતિનિધિત્વ કરતાં જેમ રેખાચિત્રો છે, તેમ દુરિતનું ચિત્રણ કરતાં પણ. મનુષ્ય સ્વભાવની વિલક્ષણતાઓ આલેખતાં સ્વામી આનંદનાં રેખાચિત્રો એક રીતે ધરતીની આરતી જાણે ! તેમાં 'મોનજી રુદર' રેખાચિત્રનું નામ પહેલું હોઠે ચઢે. પણ સ્વામીએ આલેખેલું છોટુભાઈ નાયક(મહાદેવથી મોટેરા)નું કે ખુદ મહાદેવભાઈનું રેખાચિત્ર અનન્ય છે. સ્વામીનાં રેખાચિત્રોમાં એક સાથે ઉદાત્તતા, લાલિત્ય અને કારુણ્યનો અનુભવ થાય. ઊંચાઈએ પહોંચાડીને આંખમાં આંસુ લાવવાની ક્ષમતા એમનાં રેખાચિત્રોમાં છે. વ્યક્તિઓ તો ખરી, સ્વામી તો 'મોરુ' જેવા ઘોડાનું ચિત્ર એમ આલેખે જાણે એમનામાં ઘોડાનો આત્મા ન આવી ગયો હોય.

એવા એક રેખાચિત્રકાર કવિ ઉમાશંકર. રેખાચિત્રને તેઓ હૃદયમાં પડેલી છબીઓ કહે છે - એ જ એમનાં બે રેખાચિત્રોના સંગ્રહોનું નામ છે. રેખાચિત્રકારની સફળતા તેના હૃદયમાં પડેલી છબીને શબ્દોમાં કેવી જીવંત રીતે ઉપસાવી શકે તેમાં છે.

જયન્ત પંડ્યા રેખાચિત્રકારોના આ કુળમાં આવી શકે. 'સ્મરણો ભીનાં ભીનાં'માં ૩૧ રેખાચિત્રો છે, પરંતુ તે સંખ્યાથી ઘણાં બધાં પ્રગટ થયાં છે, જે ગ્રંથસ્થ થયા નથી. થોડા અતડા, ક્યારેક રુક્ષ અને ક્વચિત્ ઉગ્ર લાગતા જયન્ત પંડ્યા આમ તો 'વિદ્વાન' પણ એમની સર્જકતા કોળી રેખાચિત્રોમાં. લાભશંકર ઠાકર આ રેખાચિત્રો લેખકના જે સ્મરણોને આધારે રચાયાં છે, તે વિશે કહે છે, 'સ્મરણો અહીં 'ભીનાં ભીનાં' છે ... પણ અહીં આખા પુસ્તકમાં જે સ્મરણો છે, તે વિશિષ્ટ સ્થલકાલનાં છે. તે સ્થળ ઈંગ્લૅન્ડ સુધી પણ આરંભની કૃતિમાં લંબાયેલું અનુભવાય છે પણ સ્મરણો છે અહીં વીસમી સદીનાં ... એક આખી સદીનો, વિશેષે કરીને, માનવપુરુષાર્થ આ સ્મરણોમાં અનેક સત્યો સાથે ફરફરતો દેખાય છે. તેમાં આ દેશના મનુષ્યની વાસ્તવભરી, આશા-નિરાશાભરી, પુરુષાર્થગાથા પ્રતિબિંબાયા કરે છે. આ પુસ્તકની મોટી સંપદા તે આ પ્રતિબિંબો છે. અહીં એકેએક વ્યક્તિ વિશેષની મનુષ્ય માટેની, સમાજ માટેની, દેશ માટેની, જગત માટેની ખેવનાના રણકારો છે. આ નિસબત લેખકનો પણ સ્થાયી સ્વ-ભાવ છે.'

સ્વામી આનંદનાં રેખાચિત્રોની જેમ જયન્ત પંડ્યાનાં રેખાચિત્રોમાં ઉચ્ચ મૂલ્યોની સ્થાપના સાથે માનવમાત્રની નિસબતનો ગુણ છે, જેમાં એમની નિખાલસતા અને હંમેશાં સામાને સારું ન લગાડવાનો 'ગુણ' પણ જોવા મળે. પહેલા રેખાચિત્ર 'મિસ મોરિસન'માં તે જોવા મળશે. તેમના લંડન નિવાસ દરમિયાન જયન્ત પંડ્યાને એક કાર્યાલયમાં ઉપરી મિસ મોરિસન સાથે કામ કરવાનો પ્રસંગ સાંપડે છે, જેમાં ૫૦ જણના સ્ટાફમાં માત્ર ચાર પુરુષો. લેખક કહે છે - 'આ કામરુ દેશમાં મારું કામ અને કામ નક્કી થઈ ગયા. મિસ મોરિસન અમારા વિભાગના સુપરવાઈઝર હતાં. ૨૮-૩૦ વર્ષની એ યુવતી, પાતળી, ઊંચી કાયા પણ સાવ સોટા જેવી નહીં. ચહેરો રોમન આકૃતિ જેવો સુરેખ ... એક રૂપાળી સ્ત્રીમાં આટલાં બધાં વાનાંની ખરેખર તો જરૂર ન કહેવાય છતાં વિધાતાએ ભરી આપેલાં. કરુણતા એટલી કે અમારી ગાડી શરૂઆતથી જ કંઈક ઊંધે પાટે ચઢી ગઈ ... ' લેખક મિસ મોરિસન સાથે થતી ચણભણ અને પછી બંને વચ્ચે વણલખ્યા અબોલાનું આલેખન કરે છે પણ અંતે એકબીજાની ક્ષમા યાચનાથી વિદાયનો પ્રસંગ રચાય છે - એ સ્મરણ લેખકના જીવનનો મધુપર્ક બની જાય છે.

ઈંગ્લૅન્ડના ગાળાનાં રેખાચિત્રોમાં એક ભારતીય કન્યા ઈન્દિરા બેનર્જીનું

# જયન્ત પંડ્યા -

# 'સુરાજ્ય'ના અભિગમી

□ પ્રકાશ ન. શાહ

એ સાંજે જાણે કે યુવા જયન્ત પંડ્યાનું વ્યક્તિત્વ અને વક્તવ્ય બેઉ સહસા પ્રગટ થયાં અને સૌને ઝંકૃત કરી ગયાં. ૧૯મી ઑગસ્ટને શનિવારની સાંજે બેઉ કાંઠે સાબરમતીની સોબતમાં સાહિત્ય પરિષદમાં સૌ સ્નેહીઓ, સ્વજનો, ચાહકો જયન્તભાઈને અંજલિ આપવા મળ્યા હતા. પુત્રી નંદિનીએ અને પુત્રવધૂ પૂર્વીએ સંકેલાતી સભાએ જયન્તભાઈની, ઘણું કરીને છેલ્લા મહિનાઓની રચનાઓ પૈકીની 'પ્રાર્થું માત ગુર્જરી'ની રજૂઆત કરી હતી. *'સમુદ્રના તટે, પટે, પ્રલંબ મારી આ ભૂમિ'* એ ઉપાડથી શરૂ થઈ, પાંચમી ટૂકે *'પ્રબોધી તું ગાંધીને, નમું તને હું ગુર્જરી!'* એવી ઉક્તિ સાથે છઠ્ઠી ટૂકે પહોંચી અને --

*ન સાંકડાં બનો મનો, ન ચિત્ત ધ્વંસકારી હો,*
*અમી, રસેલ આંખનાં બને કદાપિ રૂક્ષ ના*
*દાન, પુણ્ય, હેત, પ્રીત વિશ્વવ્યાપ્ત પૃથ્વીનાં*
*વહાવતી રહો સદા, હું પ્રાર્થું માત ગુર્જરી!*

એક વ્યાપક દર્શન પ્રગટી રહ્યું --

આ જયન્ત મગનલાલ પંડ્યા (૨૮.૧૧.૧૯૨૮ : ૧૦.૦૮.૨૦૦૬)નો આરંભિક ઉછેર દાહોદનો. મધ્યપ્રદેશ, રાજસ્થાન ને ગુજરાતના ત્રિભેટે એમની કિશોરાવસ્થા અને તારુણ્યનાં વર્ષો, સ્વરાજની લડતનાં અને સ્વરાજની શરૂઆતનાં વર્ષો, કમળાશંકર પંડ્યાની આસપાસ જામેલા તરુણ વૃંદમાં વીત્યાં હતાં. આમ તો દાહોદમાં ડાહ્યાભાઈ નાયક અને લક્ષ્મીદાસ શ્રીકાન્ત આદિની ભીલ સેવા પ્રવૃત્તિનું થાણું દાયકાઓથી હતું પણ શહેરી જુવાનોમાં ને નાગરિકોમાં સવિશેષ ખેંચાણ કમળાશંકરની જહાલ પ્રવૃત્તિઓનું હતું. સાહિત્યનો રંગ અને સમાજવાદનો સંગ, અવનવાં રૂપોમાં એમની સાથે આજીવન રહ્યાં ને કૉળ્યાં. એમાં એક પરિમાણ, સક્રિય નાગરિકત્વનું અને એ નાતે શાસન પરત્વે ચોક્કસ અપેક્ષાઓનું ભળ્યું તે અંગ્રેજી સાહિત્યના પરિચયથી અને ઈંગ્લૅન્ડમાં, જરી મોડેથી, વર્ક પરમિટ પર રહેવાનું બન્યું એથી.

સર્વોદય આંદોલનને છેડેથી વિચારું છું ત્યારે એક નોંધવા જેવી હકીકત એ લાગે છે કે ચારેક દાયકા પર એમણે પક્ષવિહીન લોકશાહીની વૈજ્ઞાનિક હિમાયત કરતી પુસ્તિકા લખી હતી. આ પુસ્તિકામાં પ્રગટ થયા કરતી નાગરિક સક્રિયતા, વિકલ્પે એમને નરવા પક્ષકારણ સારુયે ખેંચતી રહી. મને યાદ છે, ૧૯૭૨માં એમણે કૉંગ્રેસ તરફથી વિધાનસભા માટે ઉમેદવારી કરી હતી. 'નઈ રોશની' તેમ જ 'ગરીબી હટાવો'ની અને ઈન્દિરા ગાંધીનાં દુર્ગાસ્વરૂપની બોલબાલા ને બેઉ પારના એ દિવસો હતા. પણ આ સજ્જને પત્રિકામાં લખ્યું કે ઈન્દિરાજીની બોલબાલા છે એટલે નહીં પણ તમને કાર્યક્રમની અપીલ હોય અને ઉમેદવાર તરીકેની મારી લાયકાત વસતી હોય તો મત આપશો. લડ્યા પણ, સ્વાભાવિક જ, કશા સોદાકડદા કે ઘાલમેલ વગર. આખા ૧૭૫ મતે હારેલા. ચૂંટણીમાં વિજયી ન થયા પણ ગમતાં કામો કરવા બાબતે આજીવન યશસ્વી રહ્યા. ઝીણાભાઈ દરજીએ એક વાર મને કહેલું કે આટલા ઉમેદવારોમાંથી ચૂંટણીમાં બચેલાં નાણાં પરત કરવા આવનાર પંડ્યા જેવા તો કોઈક જ હશે.

કૉંગ્રેસ-આઈ ને કૉંગ્રેસ-અર્સથી રહ્યા પછી, એમણે વૈજ્ઞાનિક રાજનીતિ

---

રેખાચિત્ર એકદમ જીવંત છે. કંઈક અતડા એવા જયન્તભાઈને પહેલી મુલાકાતમાં જ ઈન્દિરા કહે છે - 'ક્યા લડકિયોં કી તરહ ચુપચાપ બૈઠે રહતે હો?' અને અતડા એવા જયન્ત પંડ્યાને ઈન્દિરા કેવી રીતે આત્મીય બનાવી લે છે, એટલું જ નહીં એ અજાણી છોકરી લેખકના શબ્દોમાં ભવ્ય રૂપે પ્રગટ થાય છે અને જીવનની વિરૂપતાઓ વચ્ચે અનપેક્ષિત માંગલ્યનું પ્રાકટ્ય આઠે કોઠે દીવા પ્રગટાવે છે. એ દીવા તુલસીક્યારે પ્રકાશતા દીવા જેવા પવિત્ર લાગે છે.

કેટલાંક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં ચરિત્રોનાં રેખાચિત્રોમાં લેખકના આત્મીય પરિચય કરતાં એમની જે માનસ છબી એમના ચિત્ત પર અંકાઈ છે, તેનું આલેખન છે, જેમ કે રાણી ઈલિઝાબેથ કે લોર્ડ માઉન્ટબેટન. પણ પંડ્યા જ્યારે ઈશ્વર પેટલીકર, ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, કમળાશંકર પંડ્યા, મનુભાઈ પંચોળી 'દર્શક' કે તેમના સુહૃદ લાભશંકર ઠાકર વિશે લખે છે ત્યારે હૃદયમાં પડેલી છબી ઉપરાંત ભીનાં સ્મરણોની વાત ભલે અંગત હોય પણ સાર્વજનીત બને છે. જયન્ત પંડ્યાની લેખનશૈલી, એમના પુસ્તકનું શીર્ષક વાપરીને કહીએ તો 'શબ્દવેધી' સિધ્ધ થાય છે. સુરેશ દલાલ કહે છે તેમ રાજકારણ અને હૃદયકારણની કેટલી ય વ્યક્તિઓ અહીં સ્થાન પામી છે. ગુજરાતી રેખાચિત્રોની સ્વામી આનંદ અને ઉમાશંકર જોશીની પંક્તિમાં જયન્ત પંડ્યાનાં આ રેખાચિત્રો 'સ્મરણો ભીનાં ભીનાં' સ્થાન પામવાનાં અધિકારી છે.

(સૌજન્ય : "દિવ્ય ભાસ્કર", રવિવાર, ૨૭ ઓગસ્ટ, ૨૦૦૬, 'મહેફિલ' પૂર્તિમાંથી સદ્‌ભાવસહ)

[32, Professors' Colony, Navrangpura, AHMEDABAD-380 009, India]

---

## જન્માન્તર

○ જયન્ત પંડ્યા

હવે મારી પાસે સમય બહુ થોડો, જીવનનો :
પણે ઊભું મૃત્યુ અજબ નટના ખેલ કરીને
લુભાવે છે મારાં મન, તન, અને ચક્ષુ દ્વયને
કહે છે : 'રે ભોળા જીવ! અવ બધી છોડ મમતા -

વિશાળા પ્રાસાદો, નીર, સમીર, ઉદ્યાન ગરવાં
કશાં પારેવાં? શી રમણી કમનીયા મધુરવી?
ભરી સંપત્તિ કે જનસ્વજનની હેતલ કથા?
બધું માયાવી એ, તન મન તણી મર્કટલીલા.

અહીં જો, આ પેલા ગિરિવર તણી પાર નભમાં
ધીમા સૂરે બાજે અસ્વરવની બંસરી મીઠી:
અહીં ના સંતાપો જીવતર તણા, શાન્તિ સઘળે,
ચિરાનંદે છંદે વહત ઋતની સોત - રમણા.

ખરું:
જન્મ્યા ત્યારે દીસતું હતું જે ચિત્ર જગનું
હવે તે મૃત્યુમાં પ્રકટ! જીવ ચાલો, કહીં બીજે.

(કવિના 'આમ્રમંજરી' કાવ્યસંગ્રહમાંથી)

અને રાજકીય વિકલ્પના પ્રયોગોમાં તેમ જ નાગરિક જાગૃતિનાં કામોમાં પડવાપણું જોયું. દરમિયાન, ૧૯૮૦ આસપાસ "નિરીક્ષક" સાથે સંકળાયા અને એ રીતે બૌધ્ધિક ગુજરાતમાં ધ્યાનપાત્ર બની રહ્યા. સ્વરાજ સંગમ, લોકસ્વરાજ મંચ, રાષ્ટ્રીય સુરાજ્ય પક્ષ જેવા પ્રયોગોમાં એ સહભાગી હતા તો 'લોકજાગરણ' આદિના પ્રારંભકાર પણ હતા.

ગયા દસકામાં એમના સહયોગમાં તૈયાર થયેલાં બે સંપાદનો આપણાં વર્તુળોમાં લાંબો વખત વંચાશે -- એક તો મહાદેવભાઈ શતાબ્દી વખતનું, 'શુક્રતારક'; અને બીજું, સાવરકુંડલામાં સર્વોદય સંમેલન વેળાનું. ગાંધીજી તરફ એ ઉત્તરોત્તર કેમ વળતા ગયા એના સરલ ખયાલ 'મહાપદના યાત્રી' વાંચતાં મળે છે. નેશનલ બુક ટ્રસ્ટ માટે એમણે ગાંધીજીના શિષ્ટમંડળ વિશે લખેલું અંગ્રેજી પુસ્તક ૧૯૯૪માં પ્રગટ થયું છે. એની પ્રસ્તાવનામાં એમણે નિખાલસપણે કહ્યું છે કે શરૂનાં વર્ષોમાં મને આ એકાદશ વતવાળા ગાંધી કંઈ ખાસ ગમતા નહોતા. અલબત્ત, પછી તો બાજી બદલાઈ ગઈ હતી, એ જુદી વાત થઈ. 'ઈસેન્શિયલ ગાંધી' નામનું એક અંગ્રેજી પુસ્તક તૈયાર થઈ રહ્યું છે.

જો કે લેખક તરીકે જયન્તભાઈ વંચાશે એમના ચરિત્ર નિબંધોથી. પ્રાસાદિક શૈલીએ હૃદયગંમ રજૂઆત અને અભ્યાસનો પાસ, તે એની વિશેષતા. છેલ્લે છેલ્લે એ ગાંધીજનોના ચરિત્રલેખન ભણી વધુ વળ્યા હતા. હમણાંના દિવસોમાં પંડિત તોતારામ જેવા ઓછા જાણીતા આશ્રમવાસીનું પણ ચિત્ર ચમક્યું હતું.

એકંદરે, એમનું અક્ષરજીવન અને જાહેર જીવન શેને માટે હતું, એનો એ જ ઉત્તર જો કોઈ હોય તો તે એમની પ્રતીતિ મુજબના 'સ્વચ્છ સમાજ'ની લગનીથી પરિચાલિત હતું.

**(સૌજન્ય : "ભૂમિપુત્ર", ૦૧.૦૯.૨૦૦૬)**

['Prakash', Near Sudharma Flats, Behind Navrangpura Post Office, Navrangpura, AHMEDABAD - 380 009, India]

•

# રડો ન મુજ મૃત્યુને ! હરખ માય આ છાતીમાં

★ વિપુલ કલ્યાણી

મંગળવાર, ૧૦ ઑગસ્ટ ૨૦૦૬ના પરોઢિયે અમદાવાદથી પ્રકાશ શાહનો ફોન હતો. એ આટલું જ બોલ્યા : 'જયન્તભાઈ ગયા !' _ અને પછી, એ ય મૌનમાં સરકી ગયા. મૌન એ જ એક આધાર.

આંગળીઓ કંપી રહી છે. મન સ્વસ્થ નથી. દિલને વધુ એક ઊઝરડો પડ્યો છે. લખવું,બોલવું જાણે કે વસમું થઈ પડેલું. સોપો પડી ગયાનો જ ભાવ જોઈ લો. ટૂંકામાં, એક ઉત્તમ મિત્ર ખોયાનું દુઃખ પારાવાર ભીડી રહ્યું છે.

જયન્ત પંડ્યા - પ્રકાશ શાહ - વિપુલ કલ્યાણીની એક ત્રિપુટી. ત્રણેયમાં અનેક સામ્યો; વળી, અરસપરસ અસીમ ભાવોદ્રેક ઉછાળો. એકાબીજાની ઊણપો પિછાણીએ, સમજીએ અને પાછા સહજતાથી ફરી ફરી ગોઠવાઈ જઈએ. એ તો, ભાઈ, માણસ છીએ ! માણસાઈ ગુણઅવગુણના આપણે, ભાઈ, ભારા ! અને આથી, થાય છે કે આ હૃદયે લાગ્યા ઘાવ કેમ કરી રૂઝશે ? બક્ષીબાબુનો શોક હજુ ભર્યો પડ્યો છે. રમેશ પારેખની એક્ઝિટ સપાટો મારી બેઠી છે. બોકર સાહેબ પણ ગયા અને પંડયાજીએ જાણે કે દોટ જ મેલી દીધી ! દોસ્ત, ખૂબ ખાલી ખાલી લાગે છે.

આવું છતાં, હરીન્દ્ર દવેએ ગાયું છે તેમ, '*મ્હેકમાં મ્હેક મળી જાય તો મૃત્યુ ન કહો*' _ આવડો મોટો ગુજરાતી, ઘણી, ઘણી બધી રીતે મુઠ્ઠી ઊંચેરો ગુજરાતી આપણી વચ્ચેથી ઊઠી ગયો છે ત્યારે ઉમાશંકર જોશી જ સ્મરે. જયન્તભાઈના પણ એ ગુરુજન. ખરું ને ? આપણા પણ એ મેરુ સમ એ આદર્શ પ્રહરિ. ગાંધીની શહાદત ટાંકણે ઉમાશંકરભાઈએ એક જાણીતી કવિતા કરેલી, તમને યાદ જ હશે :

*રડો ન મુજ મૃત્યુને ! હરખ માય આ છાતીમાં*
*ન રે ! - ક્યમ તમેય તો હરખતાં ન હૈયા મહીં ?*

છાતીમાં ડૂમો છતાં, એક ઉદ્દાત માણસને જાણ્યાનો મનમાં, હરખતાં હૈયે, ઉત્સવ પણ ઊભો કર્યો છે. જયન્તભાઈનાં જીવન-કવનની ઉજવણી કરવાને સારુ એક અવસરરૂપે જ આ લેખને જાણવો.

વારુ, જયન્તભાઈ એટલે સુહ્રદ સજ્જન. નકરા માણસ. પારદર્શક મનેખ. જેવું બોલે તેવું જીવે. સમજણભર્યા આગ્રહો, જીવનની વિદ્યાશાખામાંથી લાધ્યા સિધ્ધાન્તો, કેળવેલાં જીવનનાં તારણો વચ્ચે એ ગિરનારી જીવ્યા. પ્રકૃતિએ સ્વમાની અને ડગલેપગલે શીઘ્ર ભાવગ્રાહી. ભઈલા, ભારે સાંચવવું પડે. પરન્તુ એ જબ્બર વ્યવહારકુશળ, સરસ આયોજક તેમ જ ઉદ્દાત આગેવાન. નખશિખ પત્રકાર અને નિસબતભર્યા સાહિત્યકાર. ગુજરાતી ભાષા-સાહિત્યે દીધા એક ઉત્તમ અનુવાદક અને ગુજરાતી- અંગ્રેજીના બહુ જ સારા અભ્યાસુ વક્તા. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીના, ભલા, એમના જેવા પરિશુધ્ધ અનુવાદકનો, મહેન્દ્રભાઈ મેઘાણી સિવાય, જોટો જડે ખરો કે ? "નિરીક્ષક "ના આ અવતારના ભીષ્મપુરુષ તો હતા; પણ કોઈ પણ વિચારપત્ર માટે સમાદાર સક્રિયતા. અને "ઓપિનિયન" માટે આરંભથી હેત અને ઉષ્મા ભર્યોભર્યો સક્રિય હૂંફટેકો.

ભલા, આ જયન્તભાઈને ક્યારે મળ્યો હોઈશ ? યાદ કર્યા કરું છું. જોગાનજોગ પચીસેક વરસનો સમયગાળો થયો જ હોય. "નિરીક્ષક"નું સંપાદન કરે. થોડોક વખત "પરબ"ને ય સાંચવી જાણેલું. એમના અગ્રલેખો બહુ જ ગમતા. કશું ય ગોળગોળ લખાણ નહીં. તલસ્પર્શી, અભ્યાસ આધારિત, ખૂણા ઘસીને ઊજમાળુ કરેલું સોજ્જું ગદ્ય, અને ક્યારેક ગદ્યકાવ્ય એમની કનેથી ઊતર્યું છે. એમના લખાણનાં કેન્દ્રમાંથી નિસબત, છેવાડના મનેખની ચિંતા, સમાજ અને જગત માટેની નિષ્ઠા ભરપૂર જોવા પામીએ. માટે સંપર્ક કર્યો. પછી મળ્યો, હળ્યો અને એમણે મને પોતીકો ય કરી લીધો.

'વિશ્વ ગુજરાતી સમાજ'ના સ્થાપકોમાંના એક. આરંભ સમયના મહામંત્રી. વિશ્વ ગુજરાતી સમાજના તત્કાલીન પ્રમુખ હિતેન્દ્ર દેસાઈ જોડે મજેદાર કામ પાડે. એ દિવસોમાં આદ્ય શંકરની કૃતિ : 'નર્મદાષ્ટક' સંગીત મઢ્યું એમની કને સાંભળેલું. મને પણ એમણે એ મેળવી જ આપ્યું.

"અક્ષરાયન", 'શબ્દવેધ'ના નિબંધોથી હું ખૂબ આકર્ષાયેલો. અને પછી 'શુક્ર તારક સમા મહાદેવભાઈ' માટે કેટલીક વિગતો લંડનની લાયબ્રેરીઓમાંથી મેળવી આપવા માટે મને ય જોતરેલો. 'દર્શક ઈતિહાસ નિધિ' હેઠળ મિત્ર હસમુખભાઈ શાહ 'ગુજરાતીઓ અને પૂર્વ આફ્રિકા, ૧૮૫૦-૧૯૬૦' લખાવવા માગે. ઈતિહાસકાર મકરન્દભાઈ મહેતાને એનું લેખન-કામ સોપું સોપું થતું હતું, એવાકમાં, જયન્તભાઈ બ્રિટનની મુલાકાતે આવેલા. એમણે પ્રશ્નોત્તરી તૈયાર કરી અને અમે મંડી પડ્યા મુલાકાતોમાં, વિગતમાહિતીઓ એકઠી કરવાનાં કામોમાં. એ કામ જયન્તભાઈ ધારત તો ખુદ કરી શકત. મને આસ્થા હતી જ.

હસમુખભાઈ સુધી વાત પહોંચતી પણ કરેલી. પરંતુ જયન્ત પંડ્યા પોતાની મર્યાદાઓ ય સમજે. એમણે એકઠી કરેલી એ સઘળી સામગ્રી હસમુખભાઈને સુપ્રત કરી અને મકરન્દભાઈએ તેનો સરસ ઉપયોગ પણ કર્યો છે.

નરસિંહ મહેતાના કૂળમાં જયન્ત પંડ્યાને પહેલી હરોળમાં જોવા પામીએ. મારા સરીખા ય આવો આવો અનુભવ કરે જ છે ને ?! વારુ, મકરન્દ દવેએ ગાયું છે તેમ, જયન્તભાઈના મનમાં વસ્યું જ હોય :

*કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?*
*કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક.*
*થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,*
*એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?*

નરસિંહની પેઠે જયન્તભાઈને પણ અનેક શામળિયાઓ વહારે ધાયા છે. એમણે હાથ લીધાં કામોને સારુ કંઈ કેટલા ય શ્રેષ્ઠીઓનો સહાયટેકો આપણે અનુભવ્યો છે. *માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ'*-નો જ એમનો સ્વભાવ થઈ ગયેલો. એ સતત *'ધૂળિયે મારગ'* ચાલનારા જ રહ્યા અને એમણે કોડી કોડીનો સ્વચ્છ, સાધનશુધ્ધ, અંગત અને જાહેર, વ્યવહાર કર્યો છે.

એ સવાઈ બ્રિટિશ હતા. બ્રિટિશ સંસ્કાર અને સંસ્કૃતિના બડા ચાહક. વિલાયતમાં કમાવાધમાવા આવેલા, પણ ટક્યા નહીં. એ પછી, પાછા, બે વાર નિરાંતવા આવી ગયા. રાસુબહેનનાં અવસાન પછી ભારે નંખાઈ ગયેલા જયન્તભાઈને આ વિલાયતની ભૂમિએ જ શરીરનું, મનનું પારાવાર બળ આપ્યું હતું. ખરુ ને ?

એ જ્યાં જાય ત્યાં નિસબત સાથે સંબંધો બાંધે અને વિસ્તારે. આવા જયન્તભાઈને ચાહનારો એક મોટો વર્ગ આજે અહીં વિલાયત તેમ જ અમેરિકામાં ઊભો થયો છે. આવું આવું, દોસ્ત, આજે કોણ કરે છે ? જે મળ્યું તે વિમાન પકડી લઈ પરદેશનો આંટોફેરો કરતાં રહેલાં આપણાં અનેક સાથીસહોદરો હળવાનું ભળવાનું કરે છે, અને છતાં, ભલા, આવો સ્નેહાદાર કેટલાંને ? એ રાજકારણમાં ગયા. ઘણું બધું આપણે અનુભવ્યું છે. પણ એ વિશે વાત છેડવી જ નથી. પરિષદના કમઠાણમાં કર્મશીલને નાતે સતત સક્રિય રહ્યા. પોતાના વતન દાહોદમાં ભરાયાં જ્ઞાનસત્રમાં કાકાસાહેબ કાળેળકરને જે રીતે એ લાવી શક્યા હતા, એ તો હવે ઇતિહાસ બની ગયો છે. શતાબ્દીએ પહોંચેલી પરિષદના પ્રમુખપદે જયન્ત પંડ્યા જો આવ્યા હોત, તો પરિષદની આજની કુરુક્ષેત્ર સમી પરિસ્થિતિને એ નિવારી શક્યા હોત ! એ વિશે ઊંડી સૂઝબૂઝથી એમણે કાર્યક્રમ પણ તૈયાર કર્યો હતો. એમણે ઝાઝી વિગતે મને તથા પ્રકાશભાઈને જાણ કરી જ હતી. ખેર ! ... પરંતુ એ થઈ શક્યું નહીં. એ તો કિંગ કેન્યૂટ અને તેના દરબારીઓનાં પોતીકાં હિત રાસડાં લેતાં હોય ત્યારે, સમાજનું હિત જોનારાને સીધાં ચક્રાણ જ હોય ને ?!

જયન્તભાઈ સાદું જીવ્યા. સાદો ખોરાક લે. આરોગ્યપદ હોય તેવી સંભાળ રાખે. પરંતુ મિષ્ટાન્નના ભારે શોખીન. એ તો મને ય પસંદ. એમાં ગોળનું ચૂરમું હોય તો બહુ જ રાજી રાજી થાય. સરસ મજાની કોફી પીએ અને પાય. પ્રકાશભાઈ સરસ મજાની ચા કરે છે અને પાય છે, તેમ. વળી, એમને સિગરેટ વળગેલી. એ ક્યારેક છૂટે, ક્યારેક પાછી ફરે ! તેની મને ભારે ઈતરાજી. એ સમજે; હું ય સમજું. એમને સારી બિયર પણ ગમતી. વાઈનનો પણ શોખ હોવો જોઈએ.

છેલ્લા ઘણા વખતથી એ કહેતા : હવે થાક્યો છું. એક આંખ ગઈ છે. બીજીનું હીર ઝંખવાતું ચાલ્યું છે. મોટા ભાગનાં કામો આટોપી લીધાં છે. હવે કિરતાર બોલાવી લે તેની જ એમને રાહ હતી. ... અને આમ હવે એ મોટે ગામતરે સિધાવ્યા છે, કોઈને ય તકલીફ આપ્યા વગર. રાસેશ્વરીબહેન અને જયન્તભાઈનું ફરી ફરી આ એક સરખું સામ્ય. ખરા અર્થમાં એ સાચૂકલા માણસ. બહુ ઊંચું જીવ્યા. અને છેવટ સુધી સૌને માટે કરુણા, સમજણ અને વહાલ વહેવડાવતાં રહ્યા. નંદિતા, અશેષ, અસીમ તેમ જ પરિવારવદ માટે અમર્યાદ અને પારાવાર લાગણીસ્નેહ. એ તો, પાછા, જૂના જમાનાના સદ્‌ગૃહસ્થ નબીરા હતા. બ્રિટિશ ભારતીય ખરા ને ?! અજાણ્યે ચોકે ઓછું બોલે; પરંતુ મિત્રો વચ્ચે, પાછા, મનમોકળાશથી તર્યા કરે. ત્યારે લાગણીવહાલ સાથે વાતો વહેતી કરે. આવા સ્નેહાળ મિત્રનો ખાલીપો ય લાગશે. લાગી જ રહ્યો છે. એ જીરવતાં જીરવતાં એમનાં અધૂરાં કામો થાય તે કરીએ પણ મૂળગત આપણાં કામો નિષ્ઠાથી, નિસબતથી, સમજણથી કરતાં રહીએ એ જ જયન્તભાઈને સાચી અંજલિ બનશે ને ?

**("નિરીક્ષક" માટે કરેલા લેખમાં નજીવા ફેરફાર સાથે)**

---

એક પગ કબરમાં
બીજો હરેફરે બેખબરમાં
શ્વાસનો હરક્ષણ વધતો ભાર
હજી કેટલા ભરવા બાકી
વિચારતાં યે થાકી
પડ્યો વૃધ્ધ, ને
પડ્યો પડ્યો જ
ગયો નીકળી ઠેઠ જીવનની બહાર !

**- જયન્ત પાઠક**

•

## વૈચારિક દીવડી

મુરબ્બી જયન્ત પંડ્યા. આ નામ મને નિર્ગ્રંથ લાગ્યું છે. "નિરીક્ષક"નું તંત્રીપદ કર્યું. સાહિત્યિક સંસ્થાઓમાં પદ અને પ્રવૃત્તિ. એમનામાં હળવાશભરી ગંભીરતા અને ગંભીર પ્રફુલ્લિતા. એમણે યશવન્તભાઈ સાથે મળીને એક પ્રબુધ્ધ નાગરિકોનું એવું સંગઠન રચવાની હિંમત દાખવેલી જે ગુજરાતના કટોકટીકાળ અને ઉત્તર કટોકટીકાળની નિષ્ક્રિયતા ને અરાજકતા સામે વૈચારિક દીવડી પુરવાર થયું છે. સાંપ્રત સાહિત્યના અભ્યાસ સાથે આનંદશંકર, ડોલરરાયની પ્રશિષ્ટ વિવેચના એમને આકર્ષતી હોય તેવું લાગે છે. એક પાંચેક વર્ષનો ગાળો એવો હતો જ્યારે સતત "નિરીક્ષક"માં કાવ્યો મોકલવાનું બન્યું. મોટે ભાગે રૂબરૂ અને ક્વચિત્ પત્ર દ્વારા કંઈ કહે. પ્રગટ તો જે કાંઈ મોકલાવીએ તે તુરત ને સુપેરે કરે.

'ગુજરાત બિરાદરી'ના ઉપક્રમે નવમા દાયકાના આરંભે એમને જામનગર ખાતે એક ગોષ્ઠિમાં નિમંત્રણ આપવાનું બન્યું ત્યારે પ્રકાશભાઈ શાહ સાથે આવી પહોંચેલા. એ પહેલાં સોમનાથ ખાતે 'ભક્તિસત્ર'માં અને અન્ય એકાદ ગોષ્ઠિમાં નિરાંતે મળાયું. ઝીણી આંખો, આપણામાં કશુંક તાકે, સાવ સપાટી પર રહીને વાત કરે, કશુંક અજંપા શું એમનામ' વાંચી શકાય પરંતુ, બહુધા સ્વસ્થતા. ઠાવકા વિચારશીલ.

જયન્ત પંડયા નથી એમ કહીએ ત્યારે એમની સાથે એક મુઠી ઊંચેરું કુ' સમાપ્ત થવામાં છે એ વાતનો ધ્રાસકો વલોવી જાય છે.

યુનાઈટેડ કિંગ્ડમ આવ્યો છું તેના બીજા દિવસે આ સમાચાર ઘર ભણી એક ઉદાસ દૃષ્ટિએ મનને ફરી ઊઘડી જાય છે.

**- શૈલેષ ટેવાણી**

[18, Portsmouth Road, LEICESTER, LE4 5DJ, U.K.]

## ઉત્સાહપ્રેરક સ્વભાવ અને વિનયશીલ વ્યક્તિત્વ

પ્રાધ્યાપક જયન્તભાઈ પંડ્યાના અવસાનના સમાચાર જાણીને હું ખૂબ વ્યથિત થઈ છું. સન ૨૦૦૦ના ઉનાળામાં અમે જયન્તભાઈને પહેલવહેલા લંડનમાં મળ્યા હતા. પંકજ સંગાથે હું કોઈક સાહિત્ય સભામાં હાજરી આપવા આવી હતી. સાહિત્યસભા પછી, બીજાંઓ જોડે તમે અમને તમારા નિવાસસ્થાને સરસ ભોજન માટે લઈ ગયા. આપણે ભોજન લઈ રહ્યાં હતાં તે દરમિયાન, જયન્તભાઈ પંડ્યા અને પ્રીતિબહેન સેનગુપ્તા વચ્ચે ચર્ચા ચાલતી હતી. 'બેટરી' માટે ગુજરાતીમાં કયો શબ્દ છે તેવો સવાલ પ્રીતિબહેને લાગલા કર્યો. પ્રાધ્યાપક ઘડી ભર અટક્યા, વિચારે ચડ્યા અને પછી કહે બેટરી તો શક્તિ આપે છે. માટે તેને માટે 'ઊર્જા' શબ્દ વાપરવો યોગ્ય લેખાય.

પંકજ અને મેં, વિપુલભાઈ, તમને અને પંડ્યાજીને વેલ્સ પધારવાનું નિમંત્રણ આપ્યું. તમે અમારા મહેમાન બન્યા. આપણે 'હે ઑન વાય' ગામની મુલાકાત લીધી. બ્રેકન બીકન્સની પહાડીઓ વચ્ચેથી આપણે પસાર થઈ રહ્યાં હતાં અને આપણે દરેક કુદરતનું સૌન્દર્ય માણતાં રહ્યાં. આફરિન પોકારતાં પોકારતાં આપણે સંતોષ અને આનંદ કરતાં હતાં. અને જયન્તભાઈએ તો સત્વરે કવિતાની રચના કરી કાઢી, યાદ છે ને?

પ્રાધ્યાપક જયન્ત પંડ્યાનો ઉત્સાહપ્રેરક સ્વભાવ ને એમનું વિનયશીલ વ્યક્તિત્વ મારી સ્મરણમંજૂષામાં સતત પડ્યા પાથર્યા જ રહેવાનાં છે.

પરમકૃપાળુ પરમાત્મા એમને ચિર શાન્તિ આપે.

**- કીર્તિદા જોશી**

[94 Heol Castell Coety, Litchard, BRIDGEND, CF31 1PX, U.K.]

## ગુજરાતી લેક્સિકોન પ્રકલ્પની ડિજિટલ સીડી

'ગુજરાતી લેક્સિકૉન' પ્રકલ્પે તૈયાર કરી ડિજિટલ ડિક્શનેરીની સીડી, હવે, યુનાઈટેડ કિંગ્ડમમાંથી, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નો સંપર્ક કરવાથી મેળવી શકાય છે. વરદી માટે સરનામું :4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] એક નકલ પેટે ફક્ત £10 દાન-રકમ રાખવામાં આવી છે. ચેક/પોસ્ટલ ઑર્ડર/ડ્રાફ્ટ Gujarati Literary Academy Ltd.ને નામ કરવા ભલામણ છે.

દરમિયાન, 'ગુજરાતી લેક્સિકૉન' પ્રકલ્પનું, [Gujaratilexicon Project] હવેથી, અધિકૃત સરનામું આ મુજબ છે :

***Gujaratilexicon Organisation***

**Magnet Technologies** : 101 / 102, First Floor, Shivrise, Akurli Road, Kandivali East, Mumbai 400 101. Landmark : Near Big Bazaar. Nearest Railway Station : Kandivali. Nearest Road Link : Western Express Highway (Take Left After Times of India Press). Contact Person : Kartik Mistry / Ashok Karania. Telephone : [+22] 6719 2000. Fax: [+22] 6719 2004. GL Direct Line : [+22] 6719 2045.

## એક વટેમાર્ગુની વાર્તા

ઓખિલ ચંદ્ર સેને આ પત્ર સાહિબગંજ ડિસ્ટ્રીક્ટ રેલવે ઓફિસને, ૧૯૦૯ની સાલમાં, લખ્યો હતો, જે આજે નવી દિલ્હીના રેલવે મ્યૂઝિયમમાં પ્રદર્શિત થયેલો છે.

વળી, એ પત્ર, "ફાર ઈસ્ટર્ન એકોનોમિક રિવ્યૂ"માં પણ, 'મુસાફરની વાર્તા' શીર્ષક હેઠળ, પ્રકાશિત થયો હતો.

ઓખિલબાબુએ રેલવે ડિપાર્ટમેન્ટ પર લખેલો એ પત્ર, શબ્દશઃ આ રહ્યો :-

"હજુ તો અમારી ટ્રેન અહમદપુર સ્ટેશન પર પહોંચી ન પહોંચી કે મેં માર્યો ભૂસકો. ફણસ ખાઈખાઈને પેટ એવું તો ફટ્ફટું થતું હતું કે છૂટકારો કર્યા વિના હાલે એમ નો'તું. હું દોડ્યો પેટ ખાલી કરવા. હજુ તો માંડમાંડ વાછૂટ થઈ ન થઈ, ત્યાં તો ગાર્ડે ગાડી છોડવાની સીટી મારી! શું હાલ થયા છે મારા !! ઝાડે ફરવાનું પડતું મૂકી હું તો દોડ્યો ગાડીની પાછળ. એક હાથમાં લોટો અને બીજામાં ધોતીનો છેડો ... ... અને ત્યાં તો એક એવી ઠેસ વાગી કે પછડાઈને પડ્યો પ્લેટફોર્મ પર. મારો ખુલ્લો ઘગડો જોઈને પ્લેટફોર્મ પરનાં લોકોએ મારી તે શી ફજેતી કરી; વાત જ જવા દો. વળી, ઓછું હોય તેમ મને અહમદપુરના સ્ટેશને મૂકીને ટ્રેન માંડી દોડવા.

"આવું તે કંઈ ચાલતું હશે, ભાઈ? કોઈ બિચારો પેસેન્જર છેરણ કાઢવ હેઠો ઊતરે તો શું પેલો હલકટ ગાર્ડ એના વાસ્તે પાંચ મિનિટ પણ ખોભરં ના શકે? એટલે હું, તમો નામદારને, અરજ કરું છું કે લોકમાન ખાતર તઃ પેલા ગાર્ડને ભારે દંડ કરો. નહીંતર પછી તૈયાર રે'જો ને જો જો, છાપાંમાં તમારો કેવો ધજાગરો કરું છું."

આપણને ખ્યાલ આવે છે, આ પ્રકારના પત્રને, ભલા, ઐતિહાસિક મહત્ત્વ શા માટે અપાયું હશે ? આ પત્રના કારણે, હિંદની ટ્રેનોમાં પાયખાના (ટોયલેટ્સ) દાખલ કરવામાં આવ્યા હતા.

(અનુવાદક : ભદ્રા વડગામા)



# સફરની સલામ

'જો, મજા થઈ છે...!' તાવે મને રોક્યો ન હોત અને બકુલભાઈની શોકસભામાં સામેલ થઈ શક્યો હોત તો મેં એમના આ ઉદ્‌ગારોથી વાતની શરૂઆત કરી હોત. બકુલભાઈ અમેરિકામાં બિલકુલ પ્રોજેક્ટબુદ્ધિથી 'હાસ્ય'ના સઘન અભ્યાસમાં આજીવન છાત્રના જોસ્સાથી નિરત હતા ને એકાએક અણચિંતવ્યો પરિષદનો પ્રમુખપદનો મામલો આવી પડ્યો. બલિહારી બોરીસાગરની. દરમ્યાન, અહીં પાસો કંકાઈ ચૂક્યો હતો. જયન્તભાઈની ઉમેદવારી જાહેર થઈ ચૂકી હતી. કમાલ કલ્યાણીની. એટલે મારી મારફતે (જે આ ચૂંટણીમાં જયન્તભાઈની સાથે હોવાનો હતો, એની મારફતે) પરિષદ કાર્યાલય સાથે અમેરિકા બેઠે સંપર્ક રાખવાનું બન્યું એ દિવસોનો એમનો આ ઉદ્‌ગાર હતો 'જો, મજા થઈ છે....!'

તે દિવસથી એમના છેલ્લા દિવસ લગીનો સમયગાળો સંભારું છું તો પરિષદ પ્રમુખ તરીકેનો એમનો અંતિમ ને અધૂરો પત્ર તરત સાંભરે છે. સપ્ટેમ્બરના 'પરબ'માં એમની વિદાયનોંધ સાથે જ એ પ્રગટ થયો છે. એમાં ગુજરાતી ભાષા બાબતે કમ્પ્યુટરયુગી જે ચિંતા, નિસબત ને પુરુષાર્થ ચંદરયાએ દાખવ્યાં છે એની તરફ સુપેરે ધ્યાન ખેંચવાની, કંઈક કદરબૂજની એક કોશિશ જોવા મળે છે. ચંદરયાની કામગીરી અને પરિષદ તંત્ર વચ્ચે સંયોગવશ પાટો બેઠો નહોતો અને એથી મનદુ:ખ ને ગેરસમજને અવકાશ હોઈ શકતો હતો. પણ બકુલભાઈએ પ્રમુખપદેથી આ સાર્થક સુધાર-ઉપચાર કરવાની સહજ ચેષ્ટાથી એ અંતર મિટાવવા ધાર્યું હશે એમ જ હવે પાછળ જોતાં સમજાય છે.

આ વખતે પરિષદ પ્રમુખની ચૂંટણીએ થંભેલાં મનજળ ડહોળવાનું ઠીક નિમિત્ત પૂરું પાડ્યું. ૨૦૦૫ના પૂર્વાર્ધમાં 'નિરીક્ષક'માં ચારેક લેખો પ્રગટ થયેલા - અમેરિકાથી ચૂંટણી લડવા પરત ફરેલા બકુલભાઈ મને કહેતા હતા કે - મેં નિર્ણય કર્યો એ વખતે મને આ લેખોનુ સ્મરણ થયું હતું. ૨૦૦૫ના ઉત્તરાર્ધમાં વળી ચૂંટણી આસપાસ થોડુંક લખવા છાપવાનું બન્યું. 'પ્રત્યક્ષ'કારને 'નિરીક્ષક'ની આ બધી લેખનસંપાદનચર્યા કંઈક આશયગંધી પણ વરતાઈ હશે.બકુલભાઈએ મને કહ્યું કે તમે આ ગાળામાં હેરોલ્ડ પિન્ટરના નોબેલ અભિભાષણ નિમિત્તે જે વાત કરતા રહ્યા છો એના ઉજાસમાં હું 'નિરીક્ષક'ની કામગીરીને જોઉં છું. પ્રમુખીય વ્યાખ્યાનના વારાથી માંડીને છેલ્લા મહિનાઓમાં એમણે સંપર્ક, સંવાદ, સામેલગીરી એ જે ત્રિસૂત્રી અભિગમની વારે વારે જિકર કરી તેનું શ્રેય વાતચીતમાં એ મને એટલે કે 'નિરીક્ષક'ને આપતા. એમાં પણ એમના નિધનના બરાબર પખવાડિયા પર 'નિરીક્ષક'માં જયન્તભાઈનો જે છેલ્લો પત્ર પ્રગટ થયો - શિરીષભાઈને તેજગઢ જ્ઞાનસત્રમાં સામેલ થવાની અપીલ કરતો - એને એમણે 'સોનાની વાત' જેવો ગણાવી એક આશા બાંધી હતી.

બકુલભાઈ પૂર્વે કદાપિ પરિષદસંસ્થાકારણમાં તો હતા નહીં. સત્તરઅઢાર વરસ પર એક વાર પ્રમુખપદની ચૂંટણી લડ્યા ને હાર્યા પછી એમનો કોઈ સીધો સંસ્થાકીય રસ જણાતો નહોતો. પણ આયુષ્યનાં અંતિમ વર્ષમાં વળી રસ જાગ્યો, અને પ્રવૃત્ત પણ થયા તે એકદમ નિસબત અને લગાવથી.

આ નિબસત અને લગાવની ખરું જોતાં બકુલભાઈના કિસ્સામાં નવાઈ ન લાગવી જોઈએ. ત્રીસીની છાયામાં બેતાલીસનાં જે સંતાનો આવ્યાં એમાંનાં એક એ હતા. એ ગાળામાં ઉછરતે ઉછળતે ઘડાવું અને કશીક લેહ લાગવી એ કોઈપણ સહૃદય વ્યક્તિના કિસ્સામાં ન બની આવે તો જ નવાઈ. તમે જુઓ કે 'સચરાચરમાં' પર વારી જઈ જ્યોતીન્દ્ર દવેએ અનસૂય રાજીપો તો પ્રગટ કર્યો કે 'સવાઈ જ્યોતીન્દ્ર થાઓ,' પરંતુ બકુલભાઈએ શાશ્વત નિબંધમાં નહીં એટલો સમસામયિક નર્મમર્મમાં મોક્ષ શોધ્યો અને 'બત્રીસલક્ષણા બકુલ ત્રિપાઠી' બની રહ્યા. ( હું 'ઠોઠ' નિશાળિયાને હંમેશ આશ્વસ્ત કરતો કે 'ઠોઠ' ના મૂળમાં ખરેખર તો અંગ્રેજી 'થોટ' છે ! ) ખાસ કરીને રણજિતરામ ચંદ્રકના સ્વીકૃતિ વ્યાખ્યાનમાં એમણે 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' એવી જે એક માંડણી કરી તે સાથે વચલા દસકાઓની એમની મથામણ ને નિસબત સહસા સ્ફુટ થઈ આવ્યાં હતાં.

ગમે તેમ પણ, વચલા બધા વિચારતાંતણામાં ખોવાયા વગર નિસબતનો દોર જરી બીજે છેડેથી આગળ ચલાવું તો એમનાં પુસ્તકોમાં મને 'મિત્રોનાં ચિત્રો'માં કંઈક વિશેષ રસ પડેલો. જુદાં જુદાં ક્ષેત્રોમાં ચાલ્યા ગયેલા મિત્રોનાં કોઈ ચોક્કસ આકૃતિમાં બધો વખત નહીં બધાતાં એ જે ચિત્રો થયાં છે એમાં તમને ક્યાંક ને ક્યાંક 'કન્સર્ન'નો સ્પર્શ વરતાયા કરશે. મિત્રો એમનામાં ગણતરીનું તત્ત્વ જોતા અને એ અકારણ પણ નહીં હોય. પણ મિત્રોમાં એમને 'નિસબત'નું તત્ત્વ આકર્ષતું એ એક નોંધવા જેવી વાત છે. બકુલભાઈએ અને પ્રી.પ્રી. ત્રિવેદીએ અગ્રણીઓની મુલાકાતોની જે કોલમ ચાલવેલી એવું ત્યારે અને ત્યાર પછી લાંબા ગાળા લગી આપણે ત્યાં ભાગ્યે જ જોવા મળ્યું હશે. એટલું જ કહું, વાતનો બંધ વાળતાં, કે ૨૦૦૫ ઊતરતે અને ૨૦૦૬ બેસતે જે બકુલભાઈ ઊઘડ્યા એ દેખીતા એકાએક હોય તોપણ આકસ્મિક નહોતા. ગુજરાતની વિદ્યાર્થી ચળવળનો ઇતિહાસ જોશો તો જ્યારે જાહેર જીવનમાં નેતૃત્વની નવી પેઢી પૂરી પાડનાર તરીકે અમદાવાદમાં રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળનો દબદબો હતો ત્યારે બકુલ ત્રિપાઠી એની કારોબારી પર ચુંટાનારાઓ પૈકી હતા. એમનું આ જે ઘડતર હતું એણે એમને એવું ભાતું બંધાવ્યું કે દેખીતી વિદૂષકી વચ્ચે ( અને કદાચ એથી જ) એ તટસ્થતાપૂર્વક નિસબત સાથે પ્રગટ થઈ શકતા. ( મને યાદ છે, ઘણું કરીને કોંગ્રેસના ભાગલા વખતે કે એવા જ કોઈ દિવસોમાં અમે વાત કરતા હોઈશું ને હરિકૃષ્ણ પાઠકે આબાદ કહેલું કે આજકાલ 'ગુજરાત સમાચાર'માં એકમાત્ર તટસ્થ કોલમ ઠોઠ નિશાળિયાની છે !)

૧ સપ્ટેમ્બરનો અંક છપાઈ ઊતર્યો હશે અને બકુલભાઈના નિધનના સમાચાર આવ્યા. આ અંક પ્રેસમાં છે અને કે.કા. શાસ્ત્રી,

દેવવ્રત પાઠક ને રમણલાલ જોશીના નિધનના સમાચાર મળે છે. આ સૌ સ્વતંત્રપણે અંજલિનોંધોના અધિકારી છે, અને યથાસમય એવું કાંક કરીશુ પણ ખરા. પણ અહીં તો બકુલભાઈ નિમિત્તે - ત્રીસીની છાયામાં ઊછરેલું બેતાલીસનું સંતાન હોવાપણા આસપાસ - જે થોડીક ચર્ચા કરી એનો જ દોર આગળ ચલાવવો છે.

પાઠકસાહેબ કહેતાં દેવવ્રત પાઠક તો વળી ત્રીસીનુ જ સંતાન. મને હજુ પિસ્તાળીસ વરસ પરની એ સાંજ બરોબર યાદ છે જ્યારે અમે સૌ 'આરત' મિત્રોએ એમને બરક્યા હતા અને 'પ્રકાશ'ના પાબે એમણે ફ્રેન્ચ ક્રાન્તિની રસભર રંગદર્શી વાતો કરી હતી. એમાં ફ્રેન્ચ માદામોની આસપાસ જે બૌદ્ધિક સંસ્કૃતિ ખીલેલી એની વાત એમણે જરી વધુ લિજ્જતથી કરેલી. આમેય એમનામાં કંઈક હેડોનિસ્ટિક વલણ હતુ, અને કુદરતે એ જીવનના આનંદો લઈ શકે એવું નિરામય દેહકાઠું પણ એમને આપી જાણ્યું. એક કાળે પ્રસ્થાન કાર્યાલયની જેમ જ જાણીતા-માનીતા આદિત્ય પ્રેસ એ નામનું પગેરું જે પાઠક કુળ પરંપરામાં છે - વિશ્વનાથ પાઠક, રા.વિ.પા., પ્રાણજીવન પાઠક, લીલાબહેન પાઠક (ર.છો. પરીખનાં બહેન) - એ સૌના માહોલમાં, ભારતી નિવાસ સોસાયટીની આબોહવામાં સાક્ષરી પરંપરા એક બાજુએ ગાંધી તો બીજી બાજુએ પશ્ચિમના પ્રગતિશીલ વિચારોથી નવસંસ્કરણ પામી રહી હતી, એમાં દેવવ્રત પાઠકનો ઉછેર ને ઘડતર થયા હશે. પાછળથી એમનો પાટલો ગાંધીવાળાઓ જોડે પડવા લાગ્યો, પણ એમના વિદ્યાર્થી તરીકે મેં એમનામાં હંમેશ એક નેહરુવિયનને જોયા હતા. લોકશાહી સમાજવાદ, બિનસાંપ્રદાયિકતા અને બિનજોડાણ એ ત્રણ નેહરુ સૂત્રો પાઠકસાહેબ હંમેશ મંત્ર તરીકે પ્રયોજતા. નહીં કે એ વાતો ખોટી હતી, પણ ત્યારે મારી અને મિત્રોની એક લાગણી ચોક્કસ હતી કે આ સૂત્રોને વળગવામાં એક પ્રો-એસ્ટાબ્લિશમેન્ટ સગવડ અનાયાસ પણ રહેલી છે. પાઠકસાહેબ, પછી તો, સમાજવિદ્યા ભવનના નિયામક અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પણ થયા. પણ નિવૃત્તિ પછી એ ગુજરાત વિદ્યાપીઠ સાથે, શાંતિ સંશોધન નિમિત્તે સંકળાયા અને કેમ જાણે એમનું એક 'સેકન્ડ કમિંગ' પ્રગટી રહ્યું. નેહરુ જેટલી ઉલટથી, કંઈક વધુ શ્રદ્ધાથી એ ગાંધી તરફ ખેંચાતા ગયા. પટેલને નવેસરથી પ્રીછવાનું તો વચગાળાથી શરૂ થઈ જ ગયું હતું. આંતરરાષ્ટ્રીય રાજકારણ અને એના ઘટક તરીકે રાષ્ટ્ર-રાજ્યની સ્ફુલના આ સજ્જન ગાંધીસ્પર્શે ને શાંતિ સંશોધનને પ્રતાપે રાજ્યને સ્થાને લોકને કેન્દ્રવર્તી મહત્ત્વ આપતા થયા. અલબત્ત, વૈશ્વિકીકરણ ને ઉદારીકરણના માહોલમાં સમાજવાદ કહેતાં આર્થિક-સામાજિક ન્યાયની અને કોમી ધ્રુવીકરણના રોકડિયા રાજકારણ વચ્ચે બિનસાંપ્રદાયિકતાની એમની નેહરુનિષ્ઠા કાયમ રહી. આ એમની એક નવી ઓળખાણ હતી, કેમકે હવે આ ભૂમિકા એન્ટિ-એસ્ટાબ્લિશમેન્ટ હોવાની હતી. ૨૦૦૨ના ઘટનાક્રમમાં આ મોરચે એમણે અચ્છો હિસાબ આપ્યો. નાગરિક જીવનમાં સક્રિય અગ્રજન તરીકેનું એમનું આ વિકસન અને વિશાખન જોતાં એમનું ત્રીસીના સંતાન હોવુ સાર્થક લાગે છે.

શાસ્ત્રીજી તો એથીયે વહેલા જન્મેલા અને લગભગ સદી આખીના પટ પર કોળ્યા. તળપદ પ્રતિભાના નૂર સમું પાંડિત્ય એમણે હાંસલ કર્યું તો 'પ્રજાબંધુ'ની પત્રકારી નોંધો સાથે પ્રજાજીવન જોડે સંધાનની તક પણ લીધી. શાસ્ત્રીજી, હજુ સુધારાનાં બારણાં બંધ નથી થયાં એ મતલબનાં ગાંધીવચનો પણ કેશવકોશના ભાવિ રચયિતાની દાયકાઓ પૂર્વે શી હેસિયાત ને ગુંજાશ લેખાતી હશે એની દ્યોતક બીના છે. રણજિતરામની સાહિત્ય સભામાં હોવું કે આનંદશંકરભાઈથી માંડી ર.છો.પરીખની ગુજરાત વિદ્યાસભામાં હોવુ એમને સહજ ક્રમે આવી મળેલુ હતું. જોવાનું એ છે કે ગુજરાતમાં જે મોટાં પરિબળો, પ્રવાહો, પરિવર્તનો આવ્યાં - જે એમનાથી નાનેરા દેવવ્રત પાઠક અને બકુલ ત્રિપાઠીને પકડાયાંપમાયાં - શાસ્ત્રીજી એ બધાથી બિલકુલ અસ્પૃષ્ટ જેવા રહ્યા. ગાંધીજીને એ પ્રાતઃસ્મરણીય કહેતા, ભાવથી કહેતા પણ મૈથિલીશરણ ગુપ્ત જેવાની બુંદેલખંડી પાઘડીથી ગાંધી ટોપી લગીની જે ગુણાત્મક સંક્રાન્તિ થઈ એવું કશું આ કિસ્સામાં કેમ જાણે બન્યું જ નહીં. ભગવદ્હૃદય એ આજીવન રહ્યા. એમની કને, પ્રસંગે, કેદારો સાંભળવાનો બન્યો ત્યારે આ લખનારની જેમ ઘણાએ પોતાને બડભાગી માન્યા હશે. કૉંગ્રેસ શાસનમાં પદ્મશ્રીથી વિભૂષિત થઈ, ભાજપ શાસનમાં રાજગુરુનાં સ્થાનમાન પામી શતાયુ શાસ્ત્રીજી ગયા ત્યારે જે એક વિગત પર ચોક્કસ વર્તુળોમાં ખાસ ભાર મુકાયો તે એ હતો કે ક.મા.મુનશીના વારાની વિશ્વ હિન્દુ પરિષદના હવે આપણી વચ્ચે એકના એક સ્થાપક સભ્ય એ હતા. નવલકથાઓમાં નારાયણ વસનજી ઠક્કુરથી મુનશીના વાચન સુધી એ પહોંચ્યા એનો ગમે એટલો મહિમા કરીએ તો પણ વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપક સભ્ય મુનશીને સુદ્ધાં 'મૉર્ડન સ્ટેટ' વિશે જે ખબર હતી તે એમના સુધી પહોંચી જ નહીં. શાસ્ત્રીજીએ હિન્દુત્વની કેડીએ મુનશીજી જોડે ડગ ભર્યાં હશે, પણ ભારતીય વિદ્યાભવનના નિર્માતાએ ભારતીય બંધારણના ઘડવૈયાઓ પૈકી એકને નાતે જે નવું આત્મસાત્ કર્યું એવું અહીં બન્યું નહીં. બલકે, ચાતુર્વર્ણ્ય અધિષ્ઠિત નવા બંધારણના હિમાયતીઓ સાથે એમનો પાટલો પડવા લાગ્યો. એક મોટી સારસ્વત સંભાવના નવયુગથી અસ્પૃષ્ટ ને પ્રત્યાઘાતી પરિબળોથી પરિપુષ્ટ બની ઠીંગરાવા લાગી : શતાયુ હોવું એ જ એક સિદ્ધિ કેમ જાણે એમને નામે જમે બોલતી ન હોય, એવો ઘાટ વખત જતે નીપજી રહ્યો. નહીં તો, એમના જે અભ્યાસવિષયો હતા એ હરિવલ્લભ ભાયાણીના પણ ક્યાં નહોતા.

અંજલિના ચોકઠામાં બંધાયા વિના પણ હૃદયના આદરથી આટલું પ્રગટ સહચિંતન એ આશાએ કે ભારતીય ઇતિહાસપરંપરા અને સ્વરાજવારસા પરત્વે સાતત્યની સાથે શોધનનો મહાસવાલ આપણે કેડો ન મેલે. વિવેકાનંદે શિકાગો વ્યાખ્યાનમાં અને ગાંધીએ તે પછીના દસકામાં સત્યાગ્રહના પ્રથમ આવિષ્કારથી પોતપોતાના ૯/૧૧નો આ સંદર્ભમાં ઉત્તમ હિસાબ આપેલો છે. પણ આપણી નિયતિ ડોકે બંધાયેલ રત્નને નહીં જાણનાર પ્રાણી પેઠે કંઈક જુદા જ ૯/૧૧ની ન હોય જાણે !

પ્ર.ન.શા

(સદ્ભાવ : "નિરીક્ષક"માંથી)


જુલાઈ ૨૦૦૬ના અંત ભાગમાં, ગુજરાતના સમાચારપત્રોમાં એક સમાચાર છપાયા. લંડનના ઉપનગર એજવેરમાં વસતા મનસુખભાઈ શાહની ચકોર નજર તળે એ સમાચાર જેવા આવ્યા, કે લાગલા એમની આંખમાં ચમક આવી ગઈ. વળી, એમની બુધ્ધિ સતેજ થઈ. ... અને અમેરિકા વસતા આપણા જાણીતા ઠઠ્ઠાચિત્રકાર મહેન્દ્ર શાહને એમણે ઢંઢોળી કાઢ્યા ! પરિણામસ્વરૂપ, મહેન્દ્ર શાહ કનેથી "ઓપિનિયન"ના વાચકોને આ સરસ મજાના કાર્ટૂનોનો લાભ મળે છે.



દુઃખ ભરે દિન બીતે રે ભૈયા અબ સુખ આયોરે!
રંગ જીવન મેં નયા લાયો રે!




We better go back to India. Now, back home there are good job opportunities & employment benefits. They even have forty hours workweek!




તમને વાંચતા લખતા આવડતું નહીં હોય ... તો ... તમારા અધિકાર માટે તમે કઈ રીતે લડવાના ?

(૧)

'ડાયસ્પોરાનું સાહિત્ય' હમણાં હમણાં ઠીક ઠીક ચર્ચાય છે. આવકારદાયક છે, પરંતુ ચર્ચાનું સ્તર અને ધોરણ પ્રશ્નો ઉપસ્થિત કરે છે. કોઈ ચોક્કસ ભૂમિકા બાંધીને કે નક્કર તથ્યો સાથેની રજૂઆતને બદલે ગોળ ગોળ વાતો ઉપડ્યા કરે છે. કોઈને 'ડાયસ્પોરા' શબ્દ બદલવો છે તો કોઈને ચિંતા છે 'ડાયસ્પોરા સાહિત્ય'ના ભવિષ્યની. ઘણાં માન્યવરોને મન તો આની ચર્ચા જ નિરર્થક છે. એમને મન સાહિત્ય એટલે સાહિત્ય. એને વળી ભેદ શા?

મને (ય) ડાયસ્પોરા સાહિત્યની ઝાઝી સમજ નથી. હા, એટલું ચોક્કસ કે વતન (દેશ) છોડીને ક્યાંક બીજે વસવાનું થાય છતાં ય સાહિત્ય સર્જન તો ચાલતું જ રહે છે. આપણે ગમે ત્યાં હોઈએ પરંતુ સંવેદનો અને અનુભવો તો પોતીકાં જ રહેવાનાં. એ વ્યક્ત થાય અને એમાં જ્યાં વસતા હોઈએ એ પ્રદેશ, સંસ્કૃતિ, ભાષા, પ્રજા, ભૌગોલિકતા કે અનુભવો આવે અથવા અથવા વતનનો ઝૂરાપો વ્યક્ત થાય તો તે સંયોગોમાં સર્જાયેલું સાહિત્ય એટલે ડાયસ્પોરાનું સાહિત્ય ? છોગામાં 'ડાયસ્પોરાનું સાહિત્ય' યોગ્ય રીતે ન મૂલવાય અને મૂળ ભૂમિના સર્જકો દ્વારા એનાં સર્જનારા પણ અવગણના પામે એનો ઉહાપોહ તો જુદો જ. જો કે આ મનઃસ્થિતિ વચ્ચે ત્રણ વાર્તાસંગ્રહોમાંથી પસાર થવાનું થયું. ત્રણે ય સર્જકો ભારત બહાર વસે છે. એટલે આ 'ડાયસ્પોરા' વિશે સહેજ ચંચૂપાત થઈ ગયો. જો કે, એ આડ વાત।

---

**ફૉર સેલ : (વાર્તાસંગ્રહ) : રમણભાઈ પટેલ** : નવભારત સાહિત્ય મંદિર,૧૪૩, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬ : પાનાં - ૧૬૦+ ૧૨ : કિંમત - રૂ. ૮૫

•

**અમે ભાનવગરનાં : (વાર્તાસંગ્રહ) : કિશોર રાવળ** : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : પ્રથમ આવૃત્તિ - ફેબ્રુઆરી, ૨૦૦૫ : પાનાં - ૧૨+૨૨૦ : કિંમત રૂ. ૧૦૦

•

**અનુજા : (વાર્તાસંગ્રહ) : વસુધા ઈનામદાર** : આર.આર. શેઠની કંપની, ૧૧૦/૧૧૨, શામળદાસ ગાંધી માર્ગ, કેશવબાગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પ્રથમ આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૫ : પાનાં - ૧૧૮+૧૦ : કિંમત - રૂ. ૬૫

---

લંડનમાં રહીને સાહિત્ય સેવતા રમણભાઈ ડી. પટેલનો સંગ્રહ 'ફૉર સેલ'માં વીસ (૨૦) વાર્તાઓ છે. લેખક કેફિયતમાં નોંધે છે એમ એમની આજુબાજુની સૃષ્ટિમાં બનતી દૈનિક ઘટનાઓમાંથી કે કોઈએ કહેલા અનુભવમાંથી કોઈ ઘટના કે અનુભવ એટલાં સ્પર્શી જાય, હચમચી જાય, એ વ્યાકુળતા પછી સર્જન અનિવાર્ય બની રહે.

સર્જનની પ્રક્રિયામાં મૂળ તત્ત્વ તો આ જ છે. પાત્રો કે ઘટના લેખકને પકડે. એના મનોમસ્તિષ્ક પર એવો કબજો જમાવે કે એ અનુભૂતિ વ્યક્ત ન થાય ત્યાં સુધી ચેન ન પડે. રમણભાઈ પટેલ ઘટનાના માણસ છે, ને એ નોંધવું જોઈએ કે એમની મોટા ભાગની વાર્તાઓના મૂળમાં 'સત્ય ઘટના' છે. આ સત્ય ઘટના બહુ જ જોખમી હોય છે, સર્જક માટે. કારણ કે એનું વિગતવાર બ્યાન તો પત્રકારો કરે જ છે. અને એની ચર્ચા પણ લાંબા સમય સુધી ચાલતી રહે છે. તો પછી સાહિત્યકારને કશું નવું કહેવાનું છે કે ? કલમ તો પત્રકારે પણ ઉપાડી જ હતી. (હવે તો દશ્ય-શ્રાવ્ય નાટ્ય-રૂપાંતરો આમ વાત છે.) લેખક અને પત્રકાર વચ્ચેનો ફરક હવે વરતાય. લેખક પ્રવેશે એટલે સર્જનના વિવિધ આયામોની અપેક્ષા સહેજે હોવાની અને પ્રતિબધ્ધ (કમીટેડ) સર્જનની વાતે વાર્તાકલા - સર્જન વિશેષ - વાર્તાનું ગ્રામર — સાથે સૌથી અગત્યની વાત 'નેરેટર' આવે. આ લેખક અને નેરેટર વચ્ચે ભેદ છે. સર્જન નેરેટર દ્વારા વ્યક્ત થાય છે, લેખક દ્વારા નહીં. અને સર્જનમાં નેરેટરનું સ્થાન જ્યારે લેખક લે ત્યારે કલાના પ્રશ્નો ઊભા થાય છે. આ વિગતે કહેવાનું શરીફા વીજળીવાળા પર છોડીએ અને રમણભાઈની વીસ વાર્તાઓ વિશે વાત કરીએ.

મોટા ભાગની વાર્તાઓની ઘટનાઓ હૃદયસ્પર્શી છે. કરુણ છે. લેખકે ભાવકને રસ પડે એ રીતે નિરૂપણ કર્યું છે, પરંતુ સમગ્ર વાર્તાઓમાં એક વસ્તુ મારા સર્જક ચિત્તને અકળાવે છે, એ છે ઘટનાનું વાર્તામાં રૂપાંતર. રમણભાઈ સંવેદનશીલ સર્જક હોઈ સંવેદનાઓને અનુભવી, તાવી મૂકી આપે છે, પરંતુ એમનો સમગ્ર કલા પ્રપંચ વાર્તાના મૂળ તત્ત્વને (વ્યંજનાને) પામી શકતો નથી. એટલે વાર્તા પૂરી થાય ત્યારે ભાવકના ચિત્તમાં કશું સંચલન જાગે એવું થતું નથી. સર્જકને સત્ય યથા-તથ મૂકવું છે એ જીદ વાર્તા સુધી પહોંચતા અટકાવે છે. પાત્રો પરત્વેનો એમનો સમભાવ (અનુરાગ ?) વાર્તાને મર્મ સુધી પહોંચવા દેતો નથી ? આ પ્રશ્નનો જવાબ અંકે કરવા મથું છું પણ અંતે થાય છે - મૂકો આ કમઠાણ.

'આંખોની ભાષા' વાર્તા ઘટનાનું કલામાં રૂપાંતરની પૂરી શક્યતાઓ ધરાવે છે. પ્રાણી જે સંવેદના અનુભવે એનો મનુષ્યમાં અભાવ છે એ કેન્દ્રવર્તી વિચાર પુનરાવર્તનના યત્ન છતાં ધાર્યું નિશાન તાકતો નથી. તો 'ઢાઈ અક્ષર પ્રેમ કા' માત્ર શીર્ષકથી (ચમત્કૃતિ) ઘટનાનું અનુસંધાન સુધી પણ દોરી જવા સમર્થ નથી. 'મરિયમ' વાર્તા ભારત - પાકિસ્તાનના વિભાજનની અનેક ઘટનાઓની યાદ અપાવે તો 'આવી દીકરી સૌને મળજો'નો અનુભવ કઈ શક્યતા તરફ દોરી જાય ? 'ગર્વ સે કહો હમ હિન્દુ હૈ'માં લેખકે દૂર રહીને સમગ્ર ઘટના મૂકી આપી હોત તો વધુ શક્યતાઓ હતી એવું અનુભવાય છે. તો જેના નામ પર સમગ્ર સંગ્રહ છે એ 'ફૉર સેલ' પણ વાર્તાનાયક મનજી જેવો જ 'રફ હીરો' કહી શકાય.

આમ બધી વાર્તાઓ વાંચવી ગમે એવી હોવા છતાં આકંઠ તૃપ્તિનો અનુભવ થતો નથી. એ ખોટ પૂરાય અને 'નારાયણમાંથી નારાયણ'ની ગતિ સર્જન પરત્વે દઢ થાય એવી અપેક્ષા.

કિશોર રાવળના વાર્તાસંગ્રહ 'અમે ભાનવગરનાં' વાંચતા વાંચતા વતનમાં જતા રહેવાય છે. કલમની પીંછીએ એમણે આખું એ ભાવનગર તાદશ કરી આપ્યું છે. ભૌગોલિક વર્ણનો 'દાદાની દાદાગીરી'થી કર્યાં છે. દરવાજા, ડેલી, બજાર, શેરીઓ, રસ્તા, ઘરો, ... ભાવકને એવા માહોલમાં લઈ જાય છે કે સર્જકે ઈચ્છેલા વાતાવરણમાં પહોંચી જવાય છે. આ ઝીણાં ઝીણાં વર્ણનનું ટાંકણું શિલ્પીની નજાકતથી ફર્યું છે. સર્જક આપણને રીવાજો, લોકાલ, રસમ અને સંભારણાંમાં એવાં હિલ્લોળે છે કે વાર્તાઓમાંથી પસાર થતાં આનંદનો અનુભવ થાય છે. સાથે વધુ પડતી, સાકરવાળી ચા પીધાની લાગણી નોસ્ટલજીઆના અતિરેકથી અનુભવાય એ આડ અસરને બાજુએ રાખીએ તો ગદ્યની મીઠાશ ગમે છે.

વાર્તા કહેવી ? નિબંધ, આત્મકથાનાત્મક લખાણો કે નર્યું ગદ્ય એવો

પ્રશ્ન સંગ્રહમાંની ઘણી વાર્તાઓમાંથી પસાર થતા અનુભવાય છે. લેખકે 'વાર્તાસંગ્રહ' નામ પાડીને બધું અંકે કર્યું છે. પરંતુ 'લેવડ-દેવડ', 'સોના', 'બે નંબરની દીકરી', 'ભાણાં ભાણાંના લાડુ', 'બા', 'વૈષ્ણવજન', 'મારું મહાકાવ્ય' અને ઉલક્તના રસ્તા નિરાળાં વાર્તા વાંચ્યાનો ધરવ કરાવે છે. સાથોસાથ, મૌલિકતાની કસોટીના કસબ તારવવા બેસીએ તો 'હીરાના પારખું' અને 'પ્રેક્ટીકલ'ને પણ મૂકી શકાય.

કિશોર રાવલ સિધ્ધહસ્ત કલમે સર્જન કરે છે. પ્રસંગવર્ણનો, સંવાદો અને સંકલનતા સંમિશ્રણનો લાભ લાગતો હોવા છતાં 'વાર્તા જ'ની મમત મૂકીએ તો ભાવકની અપેક્ષા વાર્તાસંગ્રહ સાથે સાથે ઘણું બધું મેળવે છે એ નોંધવું રહ્યું. આમ લખું છું ત્યારે ય સર્જક પાસેથી અપેક્ષા વધુ સરસ વાર્તાની છે, એવું અસ્થાને ?

વસુધા ઈનામદારના સંગ્રહ 'અનુજા'ને દિલાવરસિંહ જાડેજાએ ભારતીય સંવેદનાની કથાઓ કહી છે. સંગ્રહની સોળેસોળ વાર્તાઓ એમના કથનની પુષ્ટિ કરે છે. (આ 'ભારતીય સંવેદના' શબ્દ મને મૂંઝવે છે.) જીવનની વિવિધ ઘટમાળમાં ઊભી થતી વિશિષ્ટ પરિસ્થિતિમાં મનુષ્યનું આચરણ કે વ્યવહારમાં સર્જકને રસ પડવાનો જ. અને સર્જનનો ઉપક્રમ એ તપાસવાનો પણ હોય છે. વસુધાબહેને ઝીણવટભર્યા નિરીક્ષણો કરી શકે છે. સંવેદનાઓ આલેખી શકે છે અને માવજતથી મૂકી આપે છે. આ પ્રોસેસ આકર્ષક છે. વિવેચક નજરે ઊડીને આંખે વળગે છે 'પ્રસંગકથા'નું મૂળ સ્વરૂપ. 'અનુજા'નું ઉર્ધ્વગમન, જવાબદારીનો સહજ સ્વીકાર અને સમર્પણ એવાં સ્પર્શી જાય કે વાર્તા બની ? - નો જવાબ 'છો ને ના બનતી' આવી ને ઊભો રહે છે. (સમગ્ર જીવન બીજા માટે જીવતી કે સમર્પિત જીવન જીવતી વ્યક્તિઓ ક્યારેક જાત સાથે વાત કરતી હશે ત્યારે જે અનુભવતી હશે એનો વિચાર કમકમાવી મૂકે છે.) તો 'ફૂલવાળો' નિતાંત સારી વાર્તાની તૃપ્તિ જન્માવે છે. 'તીર્થયાત્રા'નો અનુભવ કોને નથી ? જીવનમાંથી જડેલી એવી 'ભય', 'સાયુજ્ય', 'વિરલ', 'સખી' અને 'અપરાધી'માં પ્રસંગ આલેખન સુપેરે થયું છે. 'ત્રિવેદીનું હાર્ટફેઈલ' અને 'ચક' સારી વાર્તાઓ છે તો 'અપૂર્વ' પર લેખિકાએ થોડુંક કામ કરવાની જરૂર હતી એવું કહેવા પ્રેરે છે.

કુટુંબકથાઓનું કુળ ધરાવતી મોટા ભાગની કૃતિઓનું રસાળ આલેખન થયું છે. સર્જકનો આંતરમનના ખૂણાને ફંફોસવાનો મનોરથ, સંવેદનાઓને ઘૂંટવાની મથામણ અને મનુષ્યત્વને પામવાનો યત્ન ધ્યાનકર્ષક બન્યો છે.

'ડાયસ્પોરાનું સાહિત્ય'ની ગુણવત્તાના પ્રશ્નો વારંવાર ઊભા થાય છે. આ અંગે ખોંખારીને બોલવાનું જાણી-બૂઝીને ટળાય છે. જનાન્તિકે કહેવાય કે - 'કશો દમ નથી' - કે 'ચોપડીઓ છપાવીને નામે ચઢાવે છે' - શબ્દો ગમે તે હોય ભાવ કશોક આવો.

આ ત્રણેય સંગ્રહોમાંથી પસાર થયા પછી એટલું ચોક્કસ છે કે સર્જન એ માત્ર નિજાનંદ ઉપરાંત બીજું ઘણું બધું છે. એ સર્જકે સમજવું જોઈશે. સર્જન પરત્વેની નિષ્ઠા, જવાબદારી અને સાંપ્રત સાહિત્યના સતત અભ્યાસ વગર નહીં ચાલે. જ્યારે જ્યારે ચેખોવ, મોમ, કાફકા કે રેમન્ડ કારવરને વાંચું છું, 'અજ્ઞેય', મન્ટો કે અમૃતા પ્રીતમનાં સર્જનમાંથી પસાર થવાનું થાય છે, મેઘાણી - પન્નાલાલ પટેલ ... યાદી લંબાતી જ જાય, ત્યારે સમજાય છે શબ્દની તાકાત.

અહીં લંડનમાં બેઠાં વિવેચન કરવાનો કોઈ પ્રયાસ નથી. જેવું સૂઝ્યું તેવું લખ્યું છે. પરંતુ નિસબત છે. અને જે ખૂટે છે એ યાદ અપાવે છે રમેશ પારેખનો આ શેર :

*જાવ નીવીયે હે શબ્દો, તમોને આશિષ છે,*
*તમારા કૌવ્યનું વાજીકરણ મળે તમને*

**- અનિલ વ્યાસ**

[94 Ealing Road, WEMBLEY, Middlesex HA0 4TH, U.K.]

(૨)

વાર્તા અને વાર્તાકાર કોને કહેવાય એ વાર્તાકારે, 'મારી વાતોની વાત'માં કહી દીધું છે. વાર્તામાં ખાસ કરીને ત્રણ જીવોની ભાગીદારી છે : વાર્તાકાર, ફિલસૂફ અને કવિ.

વાર્તાકાર પાસે માહિતી, જ્ઞાન અને અનુભૂતિનો મોટો ભંડાર ભર્યો છે, અને તેઓ તેની લહાણ કરતા રહ્યા છે. લેખકે જે કંઈ કહેવું છે તે કહેવાનો સરસ પ્રયત્ન કર્યો છે.

---

**હડસન કાંઠે ભદ્રાનાં નીર : (વાર્તાસંગ્રહ) : પ્રવીણ પટેલ 'શશી'** : સુમન બુક સેન્ટર, આનંદ ભવન બિલ્ડિન્ગ, ૮૮, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૦૨ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૫ : પાનાં - ૧૬૪ : કિંમત - રૂ. ૧૨૦

---

એમના આ વાર્તાસંગ્રહમાં પચીસ વાર્તાઓ સમાવાઈ છે. આ સંગ્રહની દરેક વાર્તા ભિન્ન ભિન્ન સામયિકમાં પ્રસિધ્ધ થઈ ચૂકી છે. એમની દરેક વાર્તા વિશે અલગ વાત કરવાની હોય તો લેખનનો વિસ્તાર વધી જાય. એટલે વાર્તાઓ વિશે ટૂંકમાં કહેવાનો પ્રયત્ન કરીશું.

(૧) વાર્તાઓ સાચા અર્થમાં ટૂંકી વાર્તા છે. (૨) આ સંગ્રહની ૨૫ વાર્તાઓ ૧૪૯ પાનાંમાં વિસ્તાર પામી છે. (૩) વિષય વૈવિધ્ય વાચકનું ધ્યાન ખેંચે એવું છે. (૪) એમની વાર્તાઓ ભારત, ઈંગ્લૅન્ડ અને અમેરિકાની ભૂમિ અને સમાજની વાતો કરે છે. (૫) એમનાં ગદ્યમાં જ્યાં ત્યાં પદ્યની છાંટ જોવા મળે છે.

પ્રવીણ પટેલે ચાર નવલકથાઓ આપી છે. પણ અહીં તો એમની ટૂંકી વાર્તાઓની વાત છે. ટૂંકી વાર્તા એ નવલકથાનું ટૂંકું સ્વરૂપ નથી.

એમની વાર્તાઓમાં ક્યારેક શરૂઆતમાં, મધ્ય ભાગમાં અને ખાસ કરીને વાર્તાના અંતમાં સ્વરચિત કાવ્યની પંક્તિઓ જોવા મળે છે. 'દેવચકલી' વાર્તામાં તો શરૂઆતમાં જ ૨૦ કાવ્ય પંક્તિઓ આપી છે.

વાર્તાઓમાં કાવ્યપંક્તિઓ રચવાથી ટૂંકી વાર્તામાં એક નવી જ ભાત પડે છે. પણ એમ કરતાં વાર્તાઓ નબળી બની જવા પામે છે. ટૂંકી વાર્તામાં કાવ્યપંક્તિઓ અનિવાર્ય ખરી ? વાર્તાકાર કવિનો જીવ છે એટલે એમનાથી સહજ કાવ્યની પંક્તિઓ રચાઈ જાય. વાર્તાકારને કાવ્યનું અલગ પુસ્તક લખો તો સારું એવી વિનંતી કરવાનું મન થાય છે. વાર્તામાં ટાંકવા પૂરતી કોઈ કવિની અથવા પોતાની રચનાનો ઉપયોગ થાય ત્યાં સુધી ઠીક છે.

એમનાં લેખનમાં અંગ્રેજી શબ્દોનો અતિરેક થયેલો જોવા મળે છે. તેથી એમની ભાષાશૈલી કઠળેલી લાગે છે. એમણે પ્રયોજેલા અંગ્રેજી શબ્દોના પર્યાય મળી શકે એમ છે. જો એમનો આશય એવો હોય કે એમના

અમેરિકન ગુજરાતી વાચકો એમની વાર્તાઓ તેમ કરવાથી માણી શકે તો તે માટે એમને આ બધા શબ્દો વાપર્યા વિના છૂટકો નથી. આ રહ્યા એ શબ્દો :

મેથ્સ, જોમેટ્રી, એક્ઝેટ, ટ્રાયન્ગલ, ડિગ્રીવાળા, પ્રોપર, સ્કેવ્ર, પ્રસીસ, બુકો, વીન્ડો, વોલ, લેધર, કિસ, ટેઈલ, ટીનેજ, ફ્રન્ટ ગાર્ડન, પ્લાન્ટ, ફાધર ડ્રોપ કરવા, કિચનમાં ડીશો, લાઈટો, સેટ થયો, મેન્ટલ બ્લેક આઉટ, લોકલ પ્રજા, કલેક્ટ કરી, નેચરલ ફોર્મ, ઈન્ફિરિયોરિટી કન્ડીશન, ઓબઝર્વેશન, આઈસોલેશન, લર્નિંગ, એજન્ટ, સ્મોક, રીંગ્સ, પબ્લીકનો રીસ્પોન્સ, સ્ટ્રોંગ એક્ઝામ, હસબન્ડ, પ્રોફેસ્નલ કેટેગરી, સોલીડ, બ્લેક, બ્રાઉન, વાઈટ, કેન્ડીડેટ, વ્યુ કરીને, નર્વસ, ઈમ્પ્રેશન, સિટીઝન, અકાઉન્ટસ, ઈમિગ્રેન્ટ ગારમેન્ટ, ડિસ્ટ્રીક્ટ મલ્ટી ફેસેડ, લો ફર્મ, ઈઝી લાઈફ, ડેકોરેશન, વગેરે.

તો, બીજા શબ્દો પણ જુઓ :

તમો, ચશ્માલેસ, હેડમાસ્તરણી, તારા ફાધર, મારા ફાધર, ધોળિયા, ધોળિયણ, કાળિયા, વગેરે શબ્દો ભાષાના પોતને નબળું બનાવે છે.

જાસૂસી ... ડીટેક્ટીવ વાર્તામાં લય રચાઈ જતો જોવા મળે છે. દા.ત. એકી, બેકી, ઢેકી, અથવા બિપીન, બળવંત, બાલા, અથવા મંગુ, ગંગુ કંકુ અને છગન, મગન, રતન.

વાર્તામાં પાત્રોનું વર્ણન અને સંવાદો પણ સરસ બન્યાં છે. હવે કેટલીક વાર્તાઓ જોઈએ.

'નવો માસ ... નવો દિન'.

પાન ૬૪ પર અંત ભાગમાં વાર્તાકાર ભાષાશાસ્ત્રી બની જઈ વ્યાકરણની વાત માંડે છે, સમજાવે છે અને કેટલાક જોડિયા શબ્દોની નોંધ કરે છે. 'કટલેશ - બટલેશ, સાણસી - બાણસી, હીંચકો - બીચકો, આવી વાતોથી વાર્તાને ઊઠાવ મળતો નથી. વાર્તાને કલાત્મક દેહ મળતો નથી. વાર્તા ૧૩માં 'રાહી' પ્રશ્ન થાય છે, અહીં વાર્તાકારને બાંદ્રા શબ્દનો અર્થ સમજાવવાની જરૂર કેમ ઊભી થઈ હશે ?

વાર્તાકાર ક્યારેક દોષમાં પણ અટવાઈ જાય છે. દા.ત. સાબરમતી આશ્રમમાં આઠ વાગે પ્રાર્થના થાય છે. હકીકતે એ વેળા તો આશ્રમવાસીઓ પોતાની દિનચર્યામાં પ્રવૃત્ત બની જતા હોય. તો 'રાહી' વાર્તામાં મુંબઈના ઝવેરી બજારમાં જેની ઝવેરાતની દુકાન હોય તે માણસ પોતાના પરિવાર સાથે રેલવેની ત્રાસભરી લાંબી મુસાફરી શા માટે કરે ? તે હવાઈમાર્ગે જઈ શકે છે. તેને સમયની કિંમત હોય છે.

'દિવાળી' વાર્તામાં બધાં દેવ-દેવીઓની નામાવલિ રજૂ કરતો વાર્તાનો ઉઘાડ વાચકોને આકર્ષી શકતો નથી. ધોળિયણ શબ્દ પણ રંગભેદની બદબૂ ફેલાવે છે. કારણ, મેરી મર્ફી કેશુભાઈની ખબર કાઢવા હૉસ્પિટલમાં જાય, સાથે ફળો અને કેન્ડી લઈને જાય છે. અકસ્માતની જવાબદારી તે પોતાને શીરે લઈ લે છે. પાછળથી કેશુભાઈને નોકરી અપાવે છે, અને પોતાની મોટરકાર પણ આપે છે. તેને જ માટે વાર્તાકાર 'ધોળિયણ' શબ્દ પ્રયોજે તે ઉચિત લાગતું જ નથી.

'પારસ સ્પર્શ કુંદન ભયો' વાર્તામાં ડોકિયું કરીએ. નિકુંજ - નિર્મળા વચ્ચે નાની ઉંમરે પ્રેમની ગાંઠ બંધાઈ. પહેલા પ્યારનો ઈશારો નિકુંજ ન સમજી શક્યો. ઘરના આંબાની પહેલી સાખ નિકુંજને આપતી ગઈ. નિર્મળા કૂવો પૂરે છે. નિકુંજ પણ નિર્મળાનાં પંથે કૂવો પૂરવા જાય છે. સ્વામીનારાયણ સંત તેને તેમ કરતા રોકે છે. સંત નાની ઉંમરના નિકુંજને જીવન - મરણ, જન્મ જન્માંતરની ફિલસૂફી સમજાવે છે. અને પછી ઉમેરે છે : આપઘાત કરવાનો અધિકાર માનવીનો નથી. બિચારા નિકુંજ પર આ રીતનો બોધ - ફિલસૂફીનો બળાત્કાર થતો નથી લાગતો ?

'પણ' અને 'સતના પારખાં'માં વાર્તાનો ઉઘાડ નિબંધ જેવો લાગે છે. 'પણ' વાર્તામાં 'સાઈકાઈસ્ટ્રીસ' શબ્દને બદલે 'સોકેટિસ' શબ્દ પાત્રના મુખમાં મૂકી વાર્તાકાર હાસ્ય ઉપજાવે ત્યારે વાચકના ચહેરા પર ઘડીભર આનંદ દેખાય છે. પણ 'રાહી' વાર્તામાં પાંચ જગ્યાએ કવિતા સરકાવી દેવામાં આવી છે. આ પ્રકારની કવિતાથી વાંચનમાં રસભંગ થાય છે. કવિતામાં જે કંઈ કહ્યું તે સીધી સાદી ગદ્યશૈલી કહી શકાત. બ.ક. ઠાકોરના એક કથનનું સ્મરણ થાય છે. કવિતાના માધ્યમનો આ રીતે દુરુપયોગ થાય, ત્યાં તેઓ કહે છે, કે બાજરાના કોથળાને રોલ્સ રોય કારમાં ભરવાની જરૂર નથી.

'સતનાં પારખાં' ભદ્રકાળી માતાનો મહિમા વાર્તાકાર પ્રવાસીઓનો ભોમિયો બનીને મૂર્તિનું વર્ણન કરતાં લખે છે :

'મોટી વિશાળ આંખો છે. ચૂંદડી પહેરાવાય છે. માથા પર છૂટા કેશ ઉપર મુગટ મૂકાય છે. આભુષણો પહેરાવાય છે. હાથમાં એક બાજુ તલવાર, બીજી બાજુ ઢાલ મૂકાય છે. ભદ્રકાળીમા સતવાળાં અને હાજરાંહજૂર મનાય છે.' અહીં ગદ્યમાં પ્રાસાનુપ્રાસ સરસ લય ઉપજાવે છે. પદ્યમય ગદ્ય સુંદર લાગે છે.

આ સંગ્રહની કેટલીક વાર્તાઓ ઉત્તમ વાર્તા બનવા તરફ ઢળે છે : ઈન્ટરવ્યુ, ચંદુ, ચારખૂણિયો ત્રિકોણ, રહીમભાઈનો જોડો, બા અને હડસન કાંઠે ભદ્રાનાં નીર. 'ઈન્ટરવ્યુ' શબ્દનો અર્થ સમજાવવાની જરૂર હતી કે ?

'હડસન કાંઠે ભદ્રાનાં નીર'નું કથાવસ્તુ સરસ છે. ગામડાંમાં રહેતાં લોકો અભણ, ગામડિયાં હોય છે એવા વિચારોનું ખંડન કરે છે. ગામડાંમાં કેવાં રત્નો પડ્યાં છે તેનો અણસાર કરવાનું લેખક ચૂકતા નથી. ગ્રામ્ય સંસ્કૃતિ અને નગર સંસ્કૃતિ વચ્ચે સમાધાન થતું જોવા મળે છે. પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સુમેળ સાધવાનો સરસ પ્રયત્ન થયેલો જોવા મળે છે. સંવાદો અને વર્ણનો સબળ રહ્યાં છે.આ સંગ્રહની આ ઉત્તમ વાર્તા કહી શકાય.

'રહીમભાઈનો જોડો'માં સોમલાનું ચિત્ર સરસ ઉપસ્યું છે. અહીં ભાષાનું સ્તર પણ ઊંચે ઊઠવા પામ્યું છે. હિન્દુ - મુસલમાનનાં રમખાણો ગમે ત્યારે ફાટી નીકળે એવા અમદાવાદ શહેરમાં એક હિન્દુ મુસલમાનનો મિત્ર બની જાય છે અને રહીમચાચા સોમલાને - એક હિન્દુને - પોતાનો વારસદાર બનાવે છે. ત્યાં પત્નીનું પાત્ર ગૌણ બની જાય છે. આ વાર્તા વાચકના મન પર સરસ પકડ જમાવે છે. એથી એ વાર્તાને સફળ વાર્તા કહ્યા વિના ન ચાલે.

કોઈ વાચક કે વિવેચક એમ કહે કે પ્રવીણભાઈ પટેલનો ધંધો અને લેખનપ્રવૃત્તિ વચ્ચે કોઈ જાતનો મેળ નથી, છતાં તેઓ આટલું બધું કેવી રીતે લખી શકતા હશે ?! તે સૌને ભૂતકાળમાં ખેંચી જવાનું મન થાય. થોડી યાદ દેવડાવવાની રજા લઉં. રઈદાસ ધંધે ખાટકી હતા. કબીર વણકર હતા. આજના જમાનામાં કોઈ બંગડીઓ પહેરાવનાર કે હંગાળા પર કામ કરનારા, પ્રિયકાન્ત મણિયાર સરીખા કોઈ કવિ પણ ઉત્તમ કાવ્યોનું સર્જન કરતા હોય છે.

પ્રવીણ પટેલ 'શશી'ની વાર્તાઓ વાચકોને ગમતી હોય તો તે આ વાર્તા

સંગ્રહની સફળતા લેખવી રહી. તેમના વાચકોને અંગ્રેજી શબ્દોની સૂગ નહીં લાગે. અમેરિકાના વાચકો સુધી પહોંચવા તેમને સજાગ રીતે તેમ કરવું પડ્યું હોય તો નવાઈ નહીં! આખરે વાર્તા તો વાચકો માટે લખાતી હોય છે ને!

વાર્તાકારની કલમની તાકાતમાં એક ઉત્તમ વાર્તાકારનાં દર્શન થાય છે. તેમની પાસેથી ઉત્તરોત્તર કલાત્મક દેહ ધારણ કરતા વાર્તાસંગ્રહની અપેક્ષા રાખીએ તો એ અસ્થાને નહીં હોય.

**- રમણભાઈ ડી. પટેલ**

[62, Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

(૩)

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં જલાલપુર તાલુકાના કાંઠા વિભાગની પ્રજાના અમૂલ્ય પ્રદાનની કથાનો આ ત્રીજો ગ્રંથ છે. એ ત્રણેના અભ્યાસથી કદાચ એવો ભાસ થાય કે આ પ્રજાનું ૧૯૩૦ અને ૧૯૪૨ની આઝાદીની લડત પહેલાંનું અસ્તિત્વ મામૂલી જ હશે. એવું માનવું ભૂલ ભરેલું છે. કદાચ એમ કહી શકાય કે આ પ્રજાના સંસ્કારમાં રહેલાં ગુણો જેવાં કે, નીડરતા, સાહસિકતા, વફાદારી કે ફનાગીરીનાં બીજ ૧૯૩૦ની ઇતિહાસપ્રસિધ્ધ દાંડીકૂચ વખતે પૂર બહારમાં ખીલી ઊઠ્યા અને ૧૯૪૨ની બાપુની 'ભારત છોડો'ની હાકલના પરિણામે પરિપક્વ બની ઇતિહાસને પાને અમર બની ગયા.

---

**સ્વાતંત્ર્ય સંગ્રામની ગૌરવ ગાથા : દયાળજીભાઈ કેસરી : સંપાદક - મોહન દાંડીકર : પ્રકાશક** - લેખક પોતે, મુકામ પોસ્ટ મટવાડ, તાલુકા જલાલપુર, જિલ્લો નવસારી, ગુજરાત, ભારત : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬ : પાનાં - ૧૪૨ + ૧૬ : કિંમત -આપી નથી

---

આ પ્રજાનો ૧૯૩૦ પહેલાંનો લિખિત દસ્તાવેજ જવલ્લે જ મળે છે પણ એ કારણે એમના પરાક્રમો ઓછા નથી થતા. ચોથી અને પાંચમી પેઢીના વડવાઓને યાદ કરીએ છીએ ત્યારે તેઓ વીસમી સદીનાં પહેલાં જ વર્ષમાં પૂર્વ આફ્રિકાની રેલવે બાંધવાનાં કામ અંગે જીવને જોખમે વહાણમાં ગયેલા. દક્ષિણ આફ્રિકામાં પહેલાં ગિરમીટિયા પણ આજ પ્રજા હતી. બ્રહ્મદેશ, જાવા, ફિજી અને ન્યૂ ઝિલૅન્ડમાં નોકરી ધંધા અને વસવાટ માટે એ સદીના પહેલા દસકામાં જ પહોંચેલા. આમ આ પ્રજા એમનો ઇતિહાસ લખવામાં પાછળ રહી પણ ઇતિહાસ કે વીરપુરુષો સર્જવામાં પાછળ નહોતી.

હિન્દનો સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ ગાંધીબાપુ એ મંચ પર આવ્યા એથી પણ ઘણો જૂનો છે. હજારોએ એ માટે કુરબાનીઓ આપી હતી, પણ બાપુના આવવાથી એમના વ્યક્તિત્વની શહેર શહેર અને ગામેગામ જાદુઈ અસર થઈ. એ સમયના યુવાન, પ્રૌઢ કે બાળક પણ સ્વતંત્ર્યતાના રંગે રંગાઈ ગયા. જલાલપુર તાલુકાના કાંઠા વિભાગની પ્રજા દક્ષિણ આફ્રિકાથી જ બાપુના સંપર્કમાં આવેલી અને એ લોકોના પત્રવ્યવહારથી કે રૂબરૂ આવજાથી ગામના લોકોને બાપુની પ્રવૃત્તિઓની માહિતી મળતી. ગાંધીજી દેશ આવ્યા પછી અને ૧૯૩૦માં નિમક સત્યાગ્રહ માટે દાંડીની વરણી થઈ. એમનો ઉત્સાહ અને જવાબદારીભરી જાગૃતિ દરેક ગામમાં છવાઈ ગઈ.

દયાળભાઈ કેસરીનું આ પુસ્તક કાંઠા વિભાગની પ્રજાનો આ જવાબદારીભરી જાગૃતિનો ગૌરવભર્યો દસ્તાવેજ પૂરો પાડે છે. જેમાં નાનાં નાનાં બાળકથી લઈને વયોવૃધ્ધ ડોશીમાની આઝાદીની લડવૈયાઓ માટે વફાદારી અને કુરબાનીઓનો જોટો જવલ્લે જ મળતો હોય છે. બાપુએ ચિંધેલા માર્ગને ચુસ્તપણે વળગી રહી ૧૯૩૦થી ૧૯૪૭ સુધીના લાંબા સમય સુધી જાનમાલને હાનિ ન પહોંચે એની તકેદારી રાખી નાના મોટા અનેક સવિનયી પ્રસંગો, જેવા કે હડતાલ પડાવવી, વાહનવ્યવહાર ખોરવી નાખવો, તારટેલિફોનના દોરડા કાપી નાખવા, રેલવેના પાટા કે પૂલ ઉખેડી, તોડી નાખવા, વગેરેથી સરકારી વ્યવહારને ખોરવી નાખવાનાં કાર્યો સેનાનીઓએ પોતાના જીવ મુઠ્ઠીમાં લઈને કરતા રહેલા. આપણા કે અન્ય દેશના આઝાદીના લડવૈયાઓની શારીરિક અને માનસિક મનોબળ અને સહનશક્તિને પ્રણામ જ કરવાં રહ્યાં.

દયાળભાઈના આ પુસ્તકમાં વર્ણવેલા અગત્યના નાનામોટા બધા પ્રસંગો અને નાયકો, જેકભાઈ લિખિત 'એક સ્વાતંત્ર્યસેનાનીનાં સંભારણાં' અને સંપાદન સમિતિ વતી તૈયાર કરેલી 'સ્વાતંત્ર્ય-સંગ્રામનાં સંસ્મરણો' લગભગ સરખા જ છે. છતાં પણ દયાળજીભાઈએ વર્ણવેલા એ પ્રસંગો અને એને માટે આપેલી વધારાની વિગતો અને એ દરેક પ્રસંગમાં ભાગ લેનાર દરેક વ્યક્તિની ભાવના અને વિચારોનું પૃથ્થકરણ એક અનુભવી મનોવૈજ્ઞાનિકને શોભે એવું છે. અને એથી જ આ પુસ્તક રડાવે છે, હસાવે છે, અને એ સમયના કાંઠા વિભાગની દરેક વ્યક્તિને નમન કરવા પ્રેરે છે. એમની કુરબાનીઓથી આપણું મસ્તક ઊંચું છે.

કાંઠા વિભાગના દરેક જણ, પછી તે ગામમાં હોય કે ગામ બહાર વસવાટ કરતા હોય, આ પુસ્તક મેળવી ધ્યાનથી અધ્યયન કરે અને એમનામાં છૂપાયેલાં ગુણોનો અહેસાસ કરશે, એવી મને આશા છે.

**- કેશવલાલ જેરામભાઈ પટેલ**

[59, Eton Avenue, Sudbury, WEMBLEY, Middlesex HA0 3AZ, U.K.]

•

## સ્વીકાર - મિતાક્ષરી :

(૧) **પરમને પત્ર** (એક અવિરામ કાવ્ય સંવાદ) : **શૈલેશ ટેવાણી** : પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., લાભ ચેમ્બર્સ, મ્યુનિસિપાલિટી કોરપોરેશન સામે, ઢેબર રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧, ભારત : પહેલી આવૃત્તિ - ૨૦૦૬ : પાનાં ૬૪ : કિંમત રૂ. ૭૫.

(૨) **આંખ મીંચું ત્યાં તમે યાદ આવ્યાં** (ગઝલસંગ્રહ) : **કવિ ડાહ્યાભાઈ પટેલ 'દિનેશ'** : સંપાદકો - હરીશ વટાવવાળા અને વિરંચિ ત્રિવેદી : પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : પ્રથમ આવૃત્તિ - સપ્ટેમ્બર ૨૦૦૫ : પાનાં ૩૨ + ૮૪ : કિંમત - રૂ. ૮૦

(૩) **મોહન ગાંધી મહાકાવ્ય - ગ્રંથ ૧૦મો** : સત્યેશ્વરની યુરોપયાત્રા પર્વ : **કવિ ડાહ્યાભાઈ પટેલ 'દિનેશ'** : પ્રકાશક - (૨) મુજબ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૧ : પૃષ્ઠસંખ્યા - ૨૦ + ૩૯૨ : કિંમત રૂ. ૨૦૦.૦૦

(૪) **મોહન ગાંધી મહાકાવ્ય - ગ્રંથ ૧૧મો** : અસ્પૃશ્યતા નિવારણપર્વ : **કવિ ડાહ્યાભાઈ પટેલ 'દિનેશ'** : પ્રકાશક - (૨) મુજબ : પ્રથમ આવૃત્તિ - જૂન, ૨૦૦૪ : પૃષ્ઠસંખ્યા - ૧૮ + ૫૦૨ : કિંમત રૂ. ૩૫૦.૦૦ (૬૭)

(અનુસંધાન છેલ્લાં પાન પરેથી)

મહિનાઓથી અચાનક વિભ્રમ થવા માંડ્યો છે, મોહાવસ્થા ઊભી થવા માંડી છે. એક પ્રકારના દંગભ્રમ જેવી આ મનો-ધુમ્રતા સતત નથી રહેતી પણ અઠવાડિયે - દસ દિવસે અચાનક માનસિક હુલ્લડની જેમ ફાટી નીકળે છે. આ ચિત્ત-વ્યામોહ ભૌતિક રીતે કેટલો લાંબો ચાલે છે એ અંબાઈદાસ કહી શકતા નથી. માનસિક હુમલા દરમિયાન આ નરી આંખે દેખાતું જગત અદશ્ય થઈ જાય છે અને એક ઈન્દ્રજાળ સમું, આભાસી અને દુઃસ્વપ્નદર્શક જગત દેખાવા લાગે છે.'

હું અટક્યો. જોવા કે મારા કથનથી અંબાઈદાસ યા ગજરાબેનને કંઈ ડર લાગે એવી અસર તો નથી થતી ને. એ બન્ને ખૂબ ધ્યાનપૂર્વક પણ સ્વસ્થતાથી મને સાંભળી રહ્યા હતા. મેં થોડીક નિરાંતનો શ્વાસ લીધો અને બોલ્યો, 'અંબાઈદાસ, હું સવાલો પૂછું એના જવાબ આપશો ને?'

'હા.'

'શરૂઆતના સવાલો કેવળ ઔપચારિક રહેશે, ઓ.કે.?'

'ભલે.'

'તમારું નામ?'

'અંબાઈદાસ.'

'અટક?'

'યાજ્ઞિક.'

'સરનામું?'

'નાગરવાડનો ઢાળ, નડિયાદ.'

'ઉમર?'

'પંચાવન.'

'જન્મ-તારીખ?'

'સાતમી જાન્યુઆરી, ૧૯૨૭.'

'વ્યવસાય?'

'ઇન્સ્યોરન્સ કંપની મેનેજર.'

'કોઈ બાળકો?'

'ના.'

'તમારા કહેવા મુજબ તમને કોઈ વિચિત્ર અનુભવ થવા લાગ્યા છે?'

'હા.'

'કઈ જાતના?'

'જુદી જુદી જાતના. ત્રણ-ચાર જાતના.'

'પહેલો અનુભવ ક્યારે થયેલો?'

'લગભગ ચારેક મહિના પહેલાં.'

'પછી?'

'લગભગ મહિના પછી બીજો અનુભવ, વળી બીજા એક મહિના પછી ત્રીજો. છેલ્લો અનુભવ, છેલ્લો હુમલો ત્રણ-ચાર અઠવાડિયા પહેલાં.'

'એનો એ જ અનુભવ વારે વારે થાય એમ બને ખરું?'

'હા...'

'કેટલી વાર એવું બને?'

'ચાર-પાંચ વાર એવું થયું છે. અઠવાડિયું થયું નથી કે ખોપરી ભમવા માંડી નથી.'

'હુમલો આવતા પહેલાં તમને અગાઉથી કોઈ અણસાર આવે ખરો કે...'

'ના. જે કંઈ બને છે તે એકદમ અણધાર્યું, અણચિંતવ્યું, અણનોતર્યું બને છે.'

'એ વખતે તમને શું થાય?'

'એકી સાથે બે સૃષ્ટિ દેખાય. એક તો મને ભાન રહ્યા કરે કે હું જે અનુભવી રહ્યો છું એ સત્ય નથી. સાથે સાથે એવો પણ ભાવ થયા કરે કે જે કંઈ અનુભવી રહ્યો છું એ સત્ય જ છે!'

'જુઓ છો એ સાચું નથી, સાથે સાથે જુઓ છો એ સાચું જ છે એમ બેવડો અનુભવ થાય?'

'હા. મારા મગજનાં જાણે બે ફાડિયાં થઈ ગયાં ન હોય... એક ફાડિયું કહે કે મને મતિભ્રમ થઈ રહ્યો છે, તો બીજું ફાડિયું કહે કે ના, ના, જે દેખાઈ રહ્યું છે એ સત્ય છે, જીવંત છે.'

'સાચે જ? દરેક હુમલા વખતે તમને આવી સભાનતા રહે છે?'

'હા. મને જાણે એકી સાથે બે દુનિયા દેખાય છે. એક તો એ કે જેને આપણે વાસ્તવિક કહીએ છીએ, અને બીજી એ કે જેની રચના મારા મનમાં થાય છે.'

'આ હુમલાની વાત તમે બીજા કોઈને કરી છે?'

'ના. અમુક અનુભવ તો એવા છે કે જો હું કોઈને એની વાત કરું તો લોકો મને મારે!'

'તો કેવળ ગજરાબેન જ જાણે છે તમારી વાત?'

'હા. વળી એક-બે અનુભવની વાત જ્યારે મેં ગજરાને પહેલી વાર કરી ત્યારે પ્રથમ તો એ જ મને વેલણ લઈ મારવા દોડી હતી, પૂછો એને!'

મેં ગજરાબેન તરફ જોયું. એમના નીચે નમેલા મોઢા પર અંબાઈદાસના ટીખળનો કોઈ પ્રતિભાવ ન પડ્યો જાણે એ વિચારી રહ્યાં હતાં કે મારા ધણીને આ શું થઈ ગયું છે. સંકોચાયેલાં ભવાં, તણાયેલું કપાળ, કાષ્ઠવત્ મુદ્રા વગેરે વગેરે એમના હૃદયની વેદના પ્રગટ કરતાં હતાં.

એક પળ મને થયું કે આ ઈન્ટરવ્યૂ વખતે ગજરાબેન હાજર ન હોત તો સારું થાત. સાંભળવું નહીં, સોરાવું નહીં. પણ પછી મેં મન વાળ્યું કે આમે ય તેઓ અંબાઈદાસની વ્યથા તો જાણે જ છે. તદુપરાંત એક બાજુ પોતાનું ખરેખર અંગત જણ બાજુમાં બેઠું છે એ ખયાલથી અંબાઈદાસ પોતે જ જરા મોકળા મને અને નિરાંત ભાવથી વાત કરે છે એવી શક્યતા વધારે હતી, તો બીજી બાજુ ગજરાબેનને જો દૂર રાખ્યાં હોત તો એ અમથાં અમથાં 'શું થઈ રહ્યું છે, શું થઈ રહ્યું છે' એમ ચિંતા કરી અડધા થતાં હોત.

મેં અંબાઈદાસને કહ્યું, 'એટલું સારું છે કે અત્યારે તમારું મગજ સ્વચ્છ છે - મંદવાડ નથી, ગોટાળા નથી. પરિણામે તમે સ્થિર મતિથી તમારે ભોગવવી પડતી ભૂતાવળીઓનું વર્ણન કરી શકશો.'

'ભગવાને એટલી તો દયા મારા પર ચાલુ રાખી છે. બાકી મને ખબર છે, ને ગજરા પણ કોઈ કોઈ વાર શુધ્ધ ગુજરાતીમાં કહે છે કે મારું મગજ ખસી ગયું છે!'

'આ ઈન્ટરવ્યૂ દરમિયાન એને ખસવા ન દેશો તો હવે તમને થતા અનુભવોમાંથી તમારી મરજી મુજબ કોઈ પણ એક વિષે વાત કરો.'

અંબાઈદાસે ઊંડો શ્વાસ લીધો, આંખો મીંચી.

'પહેલો અનુભવ સૌ પ્રથમ સંતરામ મંદિરના પ્રાંગણમાં થયો. દર્શન કરી હું પ્રસાદ લેવા જતો હતો ત્યાં અચાનક કોઈક અમાપ ગતિથી કોઈ શક્તિએ મને આકાશમાં ઊછાળ્યો. ત્રણ-ચાર હજાર માઈલ અવકાશમાં ઊંચકાયો હોઈશ. ત્યાંથી પૃથ્વી તરફ નજર કરી તો લાગ્યું કે હું મારી આંખો દૂરબીનના કાચની જેમ આગળ-પાછળ કરી શકતો હતો. કાળા ડિબાંગ શૂન્યાવકાશમાં પૃથ્વી અધ્ધર ઝૂલી રહી હતી. બીચારી પૃથ્વી - એકલી અને અટૂલી. મેં જોયું કે વિષુવવૃત્ત, કર્કવૃત્ત અને મકરવૃત્ત એવા વૃત્તખંડોમાં બધા મનુષ્યો આડા આડા ચાલતા હતા! અરે, બધું જ આડું! વૃક્ષો આડાં, નદીઓ આડી, પશુંઓ આડાં, પર્વતો-ડુંગરાઓ, મકાનો આડાં! બસો, આગગાડીઓ, બળદ ગાડાં, એરોપ્લેનો - બધું જ આડું આડું! કેવળ ઉત્તર ધ્રુવ પર બધું બરાબર સીધું અને ઊભું. પણ દક્ષિણ ધ્રુવમાં બધું ઊંધું ઊંધું! માથાં નીચે અને પગ

ઉપર । છાપરાં નીચે અને ફરસ ઉપર । વૃક્ષો નીચે પણ મૂળિયાં ઊંધાં । પહાડોનાં શિખરો નીચે અને ખીણો ઉપર । ઉત્તર યુરોપ કે દક્ષિણ અમેરિકા તરફ જોયું તો બધું ત્રાંસુ ત્રાંસુ । મને થયું કે બધી ત્રાંસી વસ્તુઓ હમણાં આડી થશે, ને આડી થયેલી બધી વસ્તુઓ હમણાં પૃથ્વીની નીચે પાતાળમાં ફેંકાઈ જશે । મારા મગજમાં બે સભાનતા જોડિયા ભાઈ-બહેનની જેમ એકી સાથે ચાલવા લાગી. એક બાજુ મારું મગજ મને કહેવા લાગ્યું કે મને ભ્રમ થઈ રહ્યો છે, તો બીજી તરફ જાણે હું પોતે જ એક ભ્રમ-સ્વરૂપ છું એવો અનુભવ થવા લાગ્યો. ખબર નહીં કેટલી વાર આ અવસ્થા ચાલુ રહી. મારું શરીર સંતરામ મંદિરના પ્રાંગણમાં હતું, હું 'હું' - અવકાશમાં હતો । ભ્રામિક દુનિયામાં મને ચક્કર આવવા લાગ્યાં. અચાનક દેડકું જેમ લાંબી જીભ વડે માખીને પોતાના મોઢામાં હડફી લે એમ મારા શરીરે મને ખેંચ્યો. હું મારા શરીરમાં પાછો ધકેલાયો. ત્યાંથી હું જાણે મારા ઘરના આંગણામાં પટકાયો. આશ્ચર્ય એ હતું કે 'હું' હવે અવકાશમાં પણ હતો અને મારા શરીરમાં પણ હતો । અવકાશમાં રહેલા 'હું'એ આંગણામાં પડેલા 'હું'ને જોયો.બાજુમાં ગજરા ઊભી હતી. બાજુમાં પેલો તુલસીનો છોડ હતો. તુલસીનો દીવો હજી સળગતો હતો. પણ બધું આડું આડું । હું ફફડી ઊઠ્યો ।'

અંબાઈદાસના શ્વાસની ગતિ વધી.

'આનો આ જ અનુભવ મને ચારથી પાંચ વાર ફરી થયો છે. મને મનમાં ફડકા ઊઠે છે કે હમણાં બધું ટપોટપ નીચે પડશે ને વ્યોમગર્ભમાં સમાઈ જશે. હિમાલયો અને પાષાણાલયો ઢળી પડશે, તૂટી જશે ને કટકે કટકે પૃથ્વીની બહાર ફેંકાઈ જશે સમુદ્રો અને નદીઓ જબરદસ્ત અધોમુખી ધોધો બની પૃથ્વીની બહાર વહી જશે. કેવળ ઉત્તર ધ્રુવ પર જ બધું સીધું અને સરખું રહેશે, બીજે બધેથી બધી વસ્તુઓ ધડાધડ પૃથ્વીને તોડીને ઊખડીને ફેંકાઈ જશે અને વિનાશ પામશે.'

અંબાઈદાસે માથું થોડું થોડું હલાવવા માંડ્યું. એમની આંગળીઓ ગોઠણ પર તિરિકિટધા તિરિકિટધા કરવા લાગી.

મેં પૂછ્યું, 'તમને એમ કેમ લાગ્યું કે બધું રસાતાળ જશે, સિવાય કે ઉત્તર ધ્રુવ ?'

'ખબર નથી.'

'કંઈક તો કારણ હોવું જોઈએ ને ?'

'ખસી ગયેલા મગજને વળી કારણની શી પડી હોય ?'

ગજરાબેને અંબાઈદાસના માથાને જરાક જરાક પંપાળવું હોય એવી ચેષ્ટા કરી પણ મેં એમને વાર્યાં. બને ત્યાં સુધી અંબાઈદાસ એમના માનસિક અનુભવોની વાત કરતા હોય ત્યારે બિન-જરૂરી અવાજો યા સ્પર્શો વગેરેથી એમને જરા પણ ચમકાવી દેવું, થોડું પણ ચકિતચકિતમ્ કરવું, એ હિતાવહ નહોતું.

થોડીવાર પછી અંબાઈદાસે બીજા અનુભવની વાત કરવા માંડી. આ વખતે પણ હું સંતરામ મંદિરમાં જ હતો. સ્વામી પ્રણવાનંદનું વ્યાખ્યાન હતું, એ સાંભળી પ્રસાદ લઈ હું મુખ્ય દરવાજા બહાર ઓટલા પર થોડી વાર બેઠો હતો. અચાનક સંતરામ મંદિર ગાયબ. ડાહ્યાભાઈ ટાવર ગાયબ. ઊંડેવાળ તળાવ ગાયબ. સંતરામ રોડ પરની દુકાનો ગાયબ. પશુ-પંખી, ઝાડ-પાન બધું ઓઝલ. ભફફ દઈને ધુમાડાના ગોટાઓથી છએ દિશાઓ ભરાઈ ગઈ. તરત બીજું ભફફ ભફફ અને એ ધુમાડા પણ વિખરાઈ ગયા. દેખાયું બ્રહ્માંડ. આખું બ્રહ્માંડ । થોડી વારમાં તો એ બ્રહ્માંડ કલ્પનાતીત મહાન યંત્ર હોય એમ ફરવા લાગ્યું. મને ખાતરી થઈ કે આ સુદર્શન ચક્રની આકૃતિવાળું બ્રહ્મ-યંત્ર જ છે. અબજ અબજ હાથીઓની અબજ અબજ સૂંઢોએ જાણે એના એક એક દાંતા પકડ્યા અને એ યંત્ર ઊંધું ફરવા લાગ્યું । અસંખ્ય સૂર્યો પશ્ચિમમાં ઊગવા લાગ્યા અને પૂર્વમાં ડૂબવા લાગ્યા । પ્રકાશનાં કિરણો ઊંધાં ફરી ગયાં અને પાછાં જવા લાગ્યાં । એ કિરણોમાં અંકિત થઈ ગયેલા, જકડાઈ ગયેલા, બનાવો પાછા ઊંધી રીતે બનવા લાગ્યા - જાણે વીડિયો ટેઇપ ઊંધી ન ફરતી હોય । બધાં વિશ્વયુધ્ધો, બધી ઐતિહાસિક લડાઈઓ, અંતથી શરૂ થઈ આદિ તરફ ગઈ. મહાભારતના પાંડવો હિમાલયમાંથી ગળવા ગયેલા તે પાછલા પગે આવતા દેખાયા. પાંડવો-કૌરવો સજીવ થયા. મૂછાળાઓ બાળસ્વરૂપ પામ્યા. કૃષ્ણ પુનઃ પ્રગટ્યા, દ્રોણ ભીષ્મ પુનઃ ઊભા થયા. દ્રૌપદી વસ્ત્રહરણ ફરીથી થયું. સળગતી લંકા ઓલવાઈ, અને જૂની સોનાની લંકા રાખ અને અંગારામાંથી ઊભી થતી દેખાઈ. રામ, સીતા, લક્ષ્મણ – સીતા સ્વયંવર દેખાયો ... અરે – કેટલા ય બ્રહ્માઓ, વિષ્ણુઓ અને શિવો વારંવાર આવ્યા અને ગયા. બુધ્ધો અને મહાવીરો આવ્યા અને ગયા – દિવસો ઊંધા થયા, મહિનાઓ ઊંધા થયા. મૃતકો સજીવ થયા. વૃધ્ધો જુવાન થયા, જુવાનો બાળકો બન્યા, બાળકો જનનીના ઉદરમાં પાછાં જવા લાગ્યા, અરે, જનનીના પેટમાં ભ્રૂણો પુરુષ-વીર્ય અને સ્ત્રી-બીજ એમ અલગ અલગ સ્વરૂપો પામ્યાં । ફળ-ફૂલો વૃક્ષોને પાછાં વળગ્યાં, વૃક્ષો છોડવા થયા, છોડવા બી થઈ ગયા. વરસતા વરસાદ વાદળ થયાં, વાદળો બાષ્પ થઈ ગયાં, બાષ્પ સમુદ્રોમાં સમાઈ ગઈ । અને હું, નામે અંબાઈદાસ, તે નામે કાલદિાસનો છોકરો, આ બધું ગજ ગજ પહોળી આંખોથી નિહાળી રહ્યો છું અને અત્યંત ભયથી નિર્ઘૃણ વિહ્વળતા અનુભવી રહ્યો છું ।'

અંબાઈદાસની બોલવાની રીત, ખાસ કરીને એમની ઉક્તિ : 'હું, નામે અંબાઈદાસ, તે નામે કાલીદાસનો છોકરો ... ' એની મેં ખાસ નોંધ લીધી.

પૂછ્યું, 'જો બધું ઊંધું ઊંધુ થવા માંડ્યું, ઇતિહાસ છેલ્લે પાનેથી શરૂ થઈ પહેલાં પૃષ્ઠ તરફ જવા લાગ્યો, તો તમારું શું થયું ?'

'હું તો હતો એવો ને એવો જ રહ્યો. જો પેલી ઊંધી ગતિ વાળી સૃષ્ટિમાં હું પણ જોડાયો હોત તો ખબર તો પડત કે કરોડ વર્ષ પહેલાં હું કોણ અને કેવો હતો । હું તો કેવળ સાક્ષી તરીકે આ ભીષણ અનુભવમાંથી પસાર થઈ રહ્યો હોઉં એમ લાગ્યું.'

'દરમિયાન, તમે જે જોઈ રહ્યા હતા એ સત્ય નથી પણ માનસિક ભ્રમ જ છે એવી સભાનતા હજી પણ અનુભવી શકતા હતા ?'

'હા. ઓટલો દેખાતો નહોતો પણ હું સંતરામ મંદિરના ઓટલા પર બેઠો છું એવી સભાનતા સજાગ રહી હતી. પરિણામે મારા માનસિક આતંકને હું વર્ણવી નથી શકતો.'

અંબાઈદાસના કપાળ પર આછો આછો પરસેવો જામ્યો.

ગજરાબેન સાડીના પાલવ વડે અત્યંત ઋજુતાથી પરસેવો લૂછવા ગયાં પણ મેં એમને અટકાવ્યાં. એમણે મારી સામે કાકલુદી ભરી આંખે જોયું. મેં હાથથી જ ઈશારત કરી કે આ પ્રશ્નોત્તરી દરમિયાન અંબાઈદાસને બને ત્યાં સુધી કોઈ ખલેલ પહોંચાડવી નહીં.

અંબાઈદાસ પાંચેક મિનિટ સુધી મૂક બની ગયા. દરમિયાન મેં ટેપ-રેકોર્ડર થોભાવી દીધું. ખીસામાંથી નાની ડાયરી કાઢી એમાં મેં એકદમ ટૂંકમાં ટાંચણીઓ કરી :

*દર્દીની સ્થિતિ* :

અવારનવાર મનોવિકૃતિ થાય છે; જાણે *ભીતરમાં, મનોગર્ભમાં, કંપ છે; વિભ્રમ-*

અવસ્થા ઉદ્દભવે છે; વ્યામોહ થાય છે; સંવેદનાવાહક તંતુઓ અને સ્મૃતિસહાયક તંતુઓમાં પરસ્પર વિખવાદ ઊભો થતો દેખાય છે; એક બાજુ મગજમાં જાણે રાક્ષસો અને દૈત્યો ત્રાટકતા હોય એમ થાય છે, તો બીજી બાજુ દર્દીની સભાનતા સજાગ રહે છે; એક પ્રકારનો દ્વૈત ભાવ અનુભવાય છે;

પ્રાકૃતિક અને ભૌતિક ક્ષેત્રના નિયમોની બહારના અનુભવ થાય છે; મજ્જાતંતુઓ, જ્ઞાનતંતુઓ, માનસિક સંદેશાવાહક નાડીઓ અને કરોડરજ્જુ વચ્ચેનો સંબંધ જાણે અવ્યવસ્થિત બની ગયો હોય એમ લાગે છે; પરિણામે મનોવંચના;

કેન્દ્રીય જ્ઞાનતંતુ વ્યવસ્થામાં તાંતણા તૂટવા લાગ્યા છે. માનસિક હુમલાઓ વધી શકે કે ઘટી શકે એની કેટલી શક્યતા ? સારવાર - રસાયણિક દવાઓથી ? મનો-વૈજ્ઞાનિક ઉપચારોથી ? મનને કાબૂમાં લાવવાના અને કાબૂમાં રાખવાના યૌગિક પ્રયોગો ?

રોગ થયો કેમ ? કારણ ?

હજી થોડી વધારે નોંધ કરી શક્યો હોત પણ અંબાઈદાસે પાછું બોલવાનું શરૂ કર્યું એટલે મેં ત્વરાથી ટેપ-રેકોર્ડર ચાલુ કર્યું.

એમણે પૂછ્યું, 'ચાલો, મને એ કહો કે જીવન એટલે શું ?'

'તમે જ કહો ને ?'

'જીવન એટલે બે અનસ્તિત્વો વચ્ચેનું અસ્તિત્વ.'

હું વિચારમાં પડી ગયો. બોલ્યો, 'આ વિધાન લાગે છે આકર્ષક પણ પૂરેપૂરું સ્વીકાર્ય નથી લાગતું.'

'કેમ ?'

'જો જીવનને એક માયા ગણીએ તો જીવન એ બે અસ્તિત્વો વચ્ચેનું અનસ્તિત્વ છે !'

અંબાઈદાસ હસ્યા. 'ખાલી ગમ્મત કરતો હતો, તમને બતાવવા કે મારું મગજ અત્યારે તો હજી ઠેકાણે છે. ચાલો, ત્રીજા અનુભવની વાત કરું. કામકાજ માટે હું અમદાવાદ ગયો હતો. માંડવીની પોળમાંથી માણેકચોકમાં આવ્યો. રાણીના હજીરા પાસે એક લારીવાળા પાસેથી લીંબુનું શરબત પીવા ઊભો રહ્યો. અચાનક જાણે મારી ખોપરી ઊંધી ફરી ગઈ. એક ગાય ઊભી હતી અને હું જરા વિચાર કરતો હતો કે જુઓ ને, આ ગાયને કાંઈ પડી છે કે એણે કપડાં પહેર્યાં છે કે નહીં. ત્યાં તો બુમરાણ ! જેટલા માણસો દેખાયા હતા એ બધાનાં વસ્ત્રો ઊડી ગયાં ! જાણે અત્યંત મોટી કક્ષાનું સામૂહિક વસ્ત્રહરણ થઈ ગયું ! બીજું બધું એમનું એમ, પણ લોકો બધા દિગંબર ! એ જ ચિચિયારીઓ ચાલુ, એ જ ધક્કામુક્કી, ઘોંઘાટ ચાલુ, પણ લોકો બધા નિર્વસ્ત્ર ! લારીઓવાળા, દુકાનોવાળા, પાથરણાંવાળા, રિકસાવાળા, સ્કૂટર પર બેઠેલા, થેલીઓ ઝુલાવી ચાલતાં લોકો - શું પુરુષો કે શું સ્ત્રીઓ - બધાં નાગાં ! કંસારાઓ, સોનીઓ, જોડા-ચંપલવાળા, કાપડિયાઓ - બધા જ, બધા જ, બધા જ કપડાં વગરનાં ! પહેલાં તો હું હસી પડ્યો. કદાચ વધારે પડતો હસ્યો હોઈશ, કારણ કે પેલો લીંબુનો રસ વેચવાવાળો અને બીજા આજુબાજુના લોકો મને કઈ ભાંગ-બાંગ ચઢી છે કે શું એમ જોવા લાગ્યા. હું થડકી ગયો, હેબતાઈ ગયો. કેટલાક બાવાઓનું ટોળું નીકળ્યું અહાલેક અહાલેક બોલતું, પણ શરીર પર લંગોટી પણ ન મળે ! બેશરમ સ્ત્રીઓ અને એથી પણ વધારે બેશરમ પુરુષો એક-બીજાને અથડાઈને ચાલે, જાણે આ તો રોજની વાત ન હોય ! ખબર નહીં કેટલી વાર આ અનુભવ મને થયા કર્યો. પણ જેવો અચાનક એ થયો એવો જ અણધાર્યો એ સમાપ્ત થઈ ગયો. માંડમાંડ હું ઘેર પહોંચ્યો અને ગજરાને વાત કરી. એણે મારી છાતીમાં પાંચ-સાત ગુમ્બા લગાવી દીધા !'

ગજરાબેન એકદમ ઊભાં થઈ ગયાં અને હું કશું બોલું એ પહેલાં તો ઘરની અંદર ચાલી ગયાં. સ્ત્રી-સહજ શરમ અને લજ્જાથી એ અમારી હાજરીમાંથી ખસી ગયાં. પણ એમના મોઢા પર કાલિમા છવાઈ.

મને એક પ્રકારનો ધ્રાસકો પડ્યો. આ જરા વધારે પડતો ચિંતાજનક ચિત્તવિકાર હતો.

મેં મારી કલ્પનામાં માણેકચોક જોયું.

માણેકચોક.

દસ-બાર હજાર સ્ત્રીઓ અને પુરુષો. નાગાં.

કોઈક કુલ્ફી ખાય છે, કોઈક ગરમાગરમ ચાય પીએ છે. નાગાં.

સોનીઓ સોના-ચાંદીના દાગીના બતાવે છે. નાગા.

કાપડિયાઓ કાપડ ફાડે છે. નાગા.

શાકવાળીઓ પપૈયાં કાપે છે. નાગી.

સ્કૂટરવાળા સ્કૂટર કીક મારી ચાલુ કરી રહ્યા છે, યા પાર્ક કરી રહ્યા છે. નાગેનાગા.

એક-બે દુકાનોમાંથી અવાજ આવે છે, 'આવો આવો, ચણિયા-ચોળી-ઘાઘરા નવી જ ડિઝાઈનના આવી ગયાં છે !' અવાજ કરનારાઓનાં શરીર પર એકે ય લૂગડું નથી.

એકાએક અંબાઈદાસે ખડખડાટ હસવા માંડ્યું.

ને હું ય હસવાનું ન ખાળી શક્યો.

મેં ટેપ રેકોર્ડર તાત્કાલિક બંધ કરી નાખ્યું.

કારણ કે હું ય હસવાનું ન ખાળી ન શક્યો.

બે-એક મિનિટ આમ હસ્યા કર્યું હશે ત્યાં અંદરથી ગજરાબેનનો અવાજ આવ્યો, 'બસ હવે, બસ, બહુ થયું. શરમાવ જરા શરમાવ !'

એ અવાજમાં પીડા હતી, સંવેદના હતી.

મેં મારું હસવું અડધેથી કાપી નાખ્યું.

એક બાજુ પત્ની હતી જે પોતાના પતિની માનસિક હાલતથી દુઃખી દુઃખી થઈ રહી હતી અને બીજી બાજુ હું - ડૉક્ટર - હસવા મંડ્યો હતો. મને મારા જ ગાલોને ધોલો મારવાની ઈચ્છા થઈ આવી. અને અંબાઈદાસ ? અત્યારે તો એ વ્યવસ્થિત રીતે મારી સાથે વાત કરી રહ્યા હતા, પણ જો હું ધ્યાન નહીં રાખું ને તો ક્યારે એમનું મન બેકાબૂ બની જાય એ કહેવાય નહીં.

હું એકદમ વિનોદમાંથી અવિનોદમાં સરકી પડ્યો એટલે અંબાઈદાસે પણ હસવાનું બંધ કર્યું.

'સોરી, ગજરા, સોરી.' એમણે કહ્યું.

મેં પણ કહ્યું,'સોરી બેન, પણ આ અનુભવ જ એવો હતો કે ...'

ગજરાબેન કશું બોલ્યાં નહીં, અને પાછાં આવી ફરસ પર બેસી ગયાં. એમની આંખોના ડોળા હવે જાણે આછા આછા પાણીમાં તરતા હોય એવું લાગ્યું.

થોડો વખત શાંતિ રાખી મેં કહ્યું, 'હું પાછું આ ટેપ રેકોર્ડર ચાલુ કરું છું. ઓ. કે. ?'

અંબાઈદાસે માથું ધુણાવ્યું. પછી બોલ્યા, 'એ પછીના અનુભવની વાત કરું. પાછી આખી પૃથ્વી દેખાઈ. પણ આ વખતે સમગ્ર પૃથ્વીનો ગોળો ચાર પાંચ અરબથી પણ વધારે ઝીણાં ઝીણાં ટપકાંથી ભરાઈ ગયો. પછી મને અવાજ સંભળાયો : જીવુખ્યો. જીવુખ્યો એટલે જીવડાં. બીજો અવાજ સંભળાયો : તનુખ્યો. જરા મોટાં શરીરવાળાં પ્રાણીઓ. એટલે કે આ બધાં ય ટપકાં જુદી જુદી શરીરાવસ્થામાં હતાં. પછી પાછા બીજા અવાજ આવ્યા કે એ તનુખ્યો એટલે પશુખ્યો. પશુખ્યોમાંથી મનુખ્યો. ટપકાઓના ઝબકારા ઘણી વખત ચાલતા રહ્યાં. પછી બીજા

બે વધુ અવાજ આવ્યા. મનુષ્યોમાંથી આત્મુષ્યો - આત્મિક સ્થિતિવાળા - પૃથ્વી પર પથરાઈ જશે. શરીરો નાનાં થતાં જશે, મગજ તંત્રોનો વિસ્તાર વધતો જશે. હજી મારા માનસમાં આવું બધું ગબડગાબડ થઈ રહ્યું છે ત્યાં તો અચાનક મને મનુષ્યોનાં શરીર દેખાવાં બંધ થયાં. કેવળ ડોકાં દેખાય. ડોકાંની ઉપરના ભાગમાં મગજતંત્રો તેજ અને ઊર્જાના વલયોમાં ઝગારા મારે, ડોકાંની નીચેના ભાગમાં કશું જ નહીં. બસ તાંતણા, તાંતણા, તાંતણા – મનુષ્યનાં ડોકાંની ગોકળગાયો. જીવડાંમાંથી માછલાં કેવી રીતે થયાં ? માછલાંમાંથી મગર કેવી રીતે થયાં ? મગરમાંથી સરપ કેવી રીતે થયા ? પંખી કેવી રીતે થયાં ? સરપ અને પંખીમાંથી ચાર પગાં કેવી રીતે થયાં ? ચાર પગાંમાંથી બે પગાં, પૂછડાંવાળાં કેવી રીતે થયાં ? મનુષ્ય કેવી રીતે થયો ? જીવ સ્થિતિમાંથી આત્મ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થઈ ? મારું મગજ ચક્કર ચક્કર ભમવા લાગ્યું – હું કોણ છું ? તનુષ્ય ? કે મનુષ્ય ? કે આત્મુષ્ય ? કે પરમાત્મુષ્ય ? તમે કોણ છો ? ગજરા કોણ છે ?'

હું સ્તબ્ધતાથી બેસી રહ્યો.

ગજરાબેને પાલવ આંખે અડાડ્યો.

થોડી વખત ટેપ રેકોર્ડર થરક થરક ફરતું રહ્યું. છેવટે કશું વધારે ન બોલ્યા એટલે મેં એ બંધ કર્યું ને બોલ્યો, 'આપણે જરા પોરો ખાઈએ, જરા ઊભા થઈ પગને આઘા પાછા ઊંચાનીચા કરીએ કે જેથી લોહી સરખી રીતે ભ્રમણ કરવા માંડે. થોડી વાર બીજી આડીઅવળી વાતો કરી વખત પસાર કરીએ.'

મેં ફરીથી અંબાઈદાસની નાડી તપાસી, ખાતરી કરવા કે વાતો કરતાં કરતાં કોઈ ઉશ્કેરાટ તો નથી આવી ગયો ને. નાડીની રફતાર સરખી હતી એટલે રાહતનો શ્વાસ લીધો.

એ જ વખતે આગળનો દરવાજો કોઈએ ખટખટાવ્યો એટલે ગજરાબેન ઊભાં થયાં અને જઈને એક તેર-ચૌદ વરસના છોકરાને અંદર લઈ આવ્યાં. છોકરાએ કહ્યું, 'મારા બાપા ક્યારના તમારી રાહ જુએ છે. તમે ઈન્સ્યોરન્સનાં કામ માટે આવવાના હતા ને ?'

'અરે, એ તો ભુલાઈ ગયું !' અંબાઈદાસે ગજરાબેન અને મારી સામે નજર ફેરવતાં ફેરવતાં કહ્યું.

'ઓહ,' મેં કહ્યું. 'આમે ય મારી ઈચ્છા હતી કે આપણી વાતોમાં વચ્ચે બે-એક કલાકનો ગાળો રહે તો સારું. તો તમે જાવ. ગજરાબેન અને હું એક-બીજાને કંપની આપીશું, વાંધો નહીં આવે. હા, આ બે ગોળી ખીસામાં રાખો. જો જરા પણ માથામાં સણકો થવા જેવું લાગે તો પાણી સાથે ગળી જજો.'

એ ગયા એટલે મેં ગજરાબેનને કહ્યું, 'એક સરસ મસાલાવાળી ચાય બનાવી આપો. અંબાઈદાસ પાછા આવે ત્યાં સુધીમાં મારી ડાયરીમાં મારે થોડી નોંધો લખી નાખવી છે.'

ચાય પીધા પછી થોડી વાર હું વિચારમાં બેસી રહ્યો.

અચાનક તંદ્રામાંથી જાગ્યો હોઉં એમ ગજરાબેનને પૂછ્યું, 'અંબાઈદાસને કોઈ અકસ્માત-બકસ્માત થયેલો ખરો ?'

'અકસ્માત ? ક્યારે ? કેવો ?'

'ક્યાંક પડી ગયા હોય, કોઈ વસ્તુ એમના પર ધડ કરતીકને પડી હોય ને વાગ્યું હોય એવો નાનો-મોટો અકસ્માત થયો હોય એવું કંઈ યાદ આવે છે ?'

'પાંચ-છ મહિના પહેલાં એવું થયેલું.'

'એમ ? શું થયેલું ?'

'દસ્તો લઈને ભીંતમાં ખીલીઓ મારતા હતા તે અચાનક દસ્તો હાથમાંથી છૂટી ગયો ને માથામાં વાગ્યો હતો.'

'માથામાં ? કઈ બાજુ ?'

'કઈ બાજુ ? કઈ બાજુ ? આગળના ભાગમાં, જમણી બાજુ. કેમ અકસ્માતનું પૂછો છો ?'

'અંબાઈદાસને જે થઈ રહ્યું છે એનાં ઘણાં કારણ હોઈ શકે. એમાંનું એક કારણ માથામાં, ખોપરીમાં મોટો ઘા થાય એ પણ હોઈ શકે કેમ કે એવી રીતે વાગવાથી મગજતંત્રની અંદરની બધી વ્યવસ્થામાં નાનુંમોટું ભંગાણ પડવાનો ભય ઊભો થાય છે.'

'તો એમને જે થઈ રહ્યું છે એનું કારણ આ માથામાં વાગ્યું એ છે ?'

'ના, ના, એમ ન કહેવાય. જુઓ, કોઈક વાર વાગે હાથના કાંડામાં, ને હાથ આખો થોડો વખત ખોટો થઈ જાય છે, એમ વાગે માથામાં એક જગાએ ને માથાની અંદરની રચનામાં બધે અવ્યવસ્થા આવવા લાગે.'

'એમ ? આવું બધાને થાય ?'

'માનસિક અવ્યવસ્થાનાં બીજાં પણ ઘણાં કારણ હોઈ શકે, જેવાં કે મગજમાંના મજ્જાતંતુઓ અને જ્ઞાનતંતુઓ એકબીજાની સાથે સંપીને કામ ન કરે, માનસિક તરંગોમાં અસ્પષ્ટતા, અનિયમિતતા, નિરંકુશતા આવે, ચિત્તતંત્રમાં સંદેશાઓની આપ-લેમાં ગોટાળા થવા લાગે વગેરે વગેરે. આ રોગ તો વારસાગત પણ હોઈ શકે, આનુવંશિક પણ હોઈ શકે. માનસિક શક્તિઓમાં ક્ષય પેદા થાય તો ય મગજ ઉપર કાબૂ ન રહે. કેટલાક માણસો તો ભાંગ, હશીશ, ચરસ, અફીણ વગેરે વધારે પડતાં લે છે તો તેમને ય આવું થવાનો સંભવ છે. આપણી આ ખોપરીની અંદર આવેલું તંત્ર ખરેખર અદ્દભુત છે. એક છે મગજતંત્ર જે ભૌતિક અંગ છે, જેમ કે આપણા હાથ અને પગ ભૌતિક અંગો છે. એ મગજતંત્ર થકી મન-તંત્ર, ચિત્તતંત્ર ચાલે છે જે વિદ્યુતમય છે. આ જટિલ ---'

'એ બધું તો હું નથી સમજી શકતી, પણ ...'

'સૉરી, હું ય વાતો કરવામાં દીધે રાખું છું ને તમારી સાથે ! વિચારમાં ને વિચારમાં તમારી સાથે મોટી મોટી વાતો કરવા મંડી પડ્યો. મારું ય ખસી ગયું છે !'

ગજરાબેન થોડી વાર કશું ન બોલ્યાં. પછી થોડું અંતર ખોલ્યું. 'તમને ખબર છે કે એમણે મને કેટલો બધો પ્રેમ આપ્યો છે. અમને એક પણ બાળક નથી થયું તેથી અમારી જ્ઞાતિવાળા બધા યાજ્ઞિકો મારી ટીકા કરવા લાગ્યા ત્યારે એમણે એ બધાને કહી દીધું કે જે કોઈ એવું બોલશે એ યાજ્ઞિક નહીં પણ કાગ-નિકના વંશનો છે, કાગડાની નાતનો છે ! મારા સુખે બમણા સુખી ને મારા દુઃખે ચાર ઘણા દુઃખી એવા એ છે. એમનું દુઃખ મારાથી સહન નથી થતું. આ તે કેવું દુઃખ કે જેને હું સમજી જ નથી શકતી ?'

'નાહકની ચિંતા મૂકી દો. અમે માનસશાસ્ત્રીઓ પણ આ રોગને પૂરો સમજી શકતા નથી. આ કેસમાં એક વાત સારી થઈ છે - એક તો તમે મને સમયસર જણાવ્યું. અને બીજું, અંબાઈદાસના મગજની અંદરનો ડખો હજી બહુ ઊંડો ઊતર્યો નથી લાગતો, પ્રસર્યો નથી લાગતો.'

'એમને સારું તો થઈ જશે ને ?'

'માનસિક રોગો વિષે કોઈ પણ વાત ચોક્કસ ન કહી શકાય. પણ હું બેઠો છું ને, એમના રોગને નષ્ટ ન કરી શકાય તો ઓછામાં ઓછું કાબૂમાં રાખવાના બધા પ્રયત્નો કરીશ.'

'આવડી ઉંમરે આવો રોગ થયો અને હું નથી

એને સમજી શકતી કે નથી એમની સેવા કરી શકતી.'

મેં ગજરાબેનને ધીરજ આપવાનો પ્રયત્ન કર્યો. પછી કહ્યું, 'એમ કરો, તમારે ઘરનું કંઈ કામકાજ હોય તો કરો. હું ત્યાં સુધીમાં મારી ડાયરીમાં જે કંઈ નોંધો કરવી છે એ કરવા માંડું.'

ગજરાબેન ઘરનાં નાનાં મોટાં કામમાં પડ્યાં.

પહેલાં તો મેં ડાયરીમાં કરેલી ટૂંકી નોંધ વાંચી લીધી. પછી ઉમેર્યું :

રોગ કેમ થયો ? કારણ ?

માથામાં દસ્તો વાગ્યો એ ? ખોપરીના કવચને નુકશાન થયું હશે ? મગજનાં થોડાં તો થોડાં તંતુઓનું સંધાણ તૂટી ગયું હશે ? ખોપરીની છાલમાં તિરાડ પડી હશે ?

વધારે પડતી અને સંયમ વગરની કાલ્પનિકતા ? એકનો એક જ અનુભવ દરેક વખત થવાને બદલે અનુભવો બદલાતા કેમ રહે છે ?

લાગણીઓ અને બૌધ્ધિકતાની વચ્ચે પ્રતિરોધ ?

જીવનના પૂર્વકાળમાં દમન કરેલા યા દમન થયેલા વિચારોનું પુનઃ આક્રમણ ?

દર્દની કક્ષા - હજી પ્રાથમિક કે પછી થોડી આગળ વધી ગયેલી ?

દર્દ વધતું જવાની શક્યતા ?

માનસિક પરિસ્થિતિ ક્રમે ક્રમે વધુ ને વધુ ભયજનક બને એવી શક્યતા છે ?

તાત્કાલિક ઉપચાર અને ઉપાય :

૧. મગજતંત્રનું પૃથક્કરણ *[brain scan]* ?

૨. લોહચુંબક પ્રક્રિયા વડે ધ્વનિનાં કંપનોને જોરદાર બનાવી એનું ફોટોગ્રાફિક ચિ. ઉપસાવવું *[MRI = Magnetic Resonance Imaging]* ?

૩. એક્સ-રે મશીનની સહાયથી કમ્પ્યૂટર દ્વારા મગજના જુદા જુદા ભાગોના નાનામાં નાની વિગતો પણ સ્પષ્ટ કરે એવાં ચિત્રો ઉપસાવવાં *[CT Scan = Computed Tomography]* ?

૪. ખાલી એક્સ-રેના ફોટોગ્રાફ પાડીએ તો ય કામ થશે ?

કયા મગજમાં વધારે તકલીફ - મોટા મગજમાં કે નાના મગજમાં ?

હૉસ્પિટલમાં બોલાવવા પડશે ...

પેન ડાયરીમાં મૂકી, ડાયરી બંધ કરી હું ગહન વિચારમાં બેસી રહ્યો અને મનુષ્યોના મગજતંત્ર વિષે જે કાંઈ શીખ્યો હતો એ યાદ કરવા લાગ્યોઃ

મનુષ્યના મગજતંત્રને નાથવું એ હવાને ગાંઠ વાળવા જેવું દુષ્કર કામ;

પુખ્ત વયના મનુષ્યમાં એનું સામાન્ય વજન ૧૩૦૦ ગ્રામથી ૧૫૦૦ ગ્રામ સુધીનું; મનુષ્ય શરીરના વજનની સરખામણીમાં કેવળ ૨ ટકા;

ખોપરીની અંદર ગડીઓ વાળીને પડેલું તંત્ર;

પાછળ ડોકમાં થઈ કરોડરજ્જુ સાથે જોડાણ; સંદેશાઓની આપ-લે કરવાના રાજ માર્ગો;

સમસ્ત શરીરનું સંચાલન ... ...

(... અને, આ વાર્તા અહીં પૂરી થતી જ નથી. હજુ એને ય અંત છે. લેખક કનેથી તો આ આખી જ વાર્તા મળી છે; પરંતુ પ્રયોગ તરીકે આ વાર્તાના અંત ભાગમાંથી અમુક અંશ અહીં પ્રકાશિત કરતા નથી. એ હવે પછીના એકાદ અંકમાં મૂકીશું. દરમિયાન, વાચકો ને લેખકોને એક અરજ કરીએ : તમને જો અનુકૂળતા હોય, ઈચ્છા હોય, તો પોતપોતાની રીતરસમે, આ વાર્તાને અંત આપીને તાકીદે પૂરી કરજો. અમને સત્વરે મોકલી આપજો. તમે આપ્યા અંત જોડે મનેશચંદ્ર કંસારાના અંતને, જોડાજોડ, હવે પછી, આપશું. આવવા દો, ભેરુબંધ. ... : તંત્રી)

[Flat 2, Homefirs House, Wembley Park Drive, WEMBLEY, Middlesex HA9 8HW, U.K.]

---

## વાંચનસાહિત્ય મેળવવાની એક સગવડ

**ઝવેરચંદ મેઘાણી :-**

| | |
|---|---|
| ૨ મેઘાણીની સમગ્ર નવલિકા ભાગ ૧ અને ૨ | @ £11.00 |
| ૨ રઢિયાળી રાત | @ £ 5.50 |
| ૩ સૌરાષ્ટ્રની રસધાર | @ £ 5.00 |
| ૨ સોરઠી બહારવટિયા | @ £ 5.00 |
| ૨ મેઘાણીનાં નાટકો | @ £ 4.00 |
| ૨ લોકસાહિત્ય : ધરતીનું ધાવણ | @ £ 5.00 |
| ૨ લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય | @ £ 5.00 |

**પ્રદ્યુમ્ન તન્ના :-**

| | |
|---|---|
| ૭ છોળ (કાવ્યસંગ્રહ) | @ £ 5.00 |

**લોકમિલાપ ટ્રસ્ટનું વિવિધ સાહિત્ય :-**

| | |
|---|---|
| ૪ £ 20 વાળો સાહિત્યસંપુટ (બાંધેલા) | @ £20.00 |
| ૩ £ 20 વાળો સાહિત્યસંપુટ (છુટ્ટા) | @ £20.00 |
| ૭ કાવ્ય-કોડિયાં સંપુટ | @ £ 2.30 |
| ૪ વર્ષા અડાલજાકૃત ખરી પડેલો ટહુકો | @ £ 3.00 |
| ૧ ભોળાભાઈ પટેલકૃત વિદિશા | @ £ 2.50 |
| ૫ અરધી સદીની વાચનયાત્રા ભાગ 2 | @ £ 5.00 |
| ૩ અરધી સદીની વાચનયાત્રા ભાગ 3 | @ £ 5.00 |

**પ્રકીર્ણ :-**

| | |
|---|---|
| ૬ નાનાભાઈ ભટ્ટકૃત રામાયણનાં પાત્રો / મહાભારતનાં પાત્રો (છ પુસ્તકો) | @ £ 15.00 |
| 11 Bhagvad Gita [English] | @ £ 3.00 |

•

આ સારું સારું વાંચન તમારી આંખોને સ્પર્શવા તલસી રહ્યું છે. તે સઘળું પાંખો પલકાવતું તમારાં સુધી પહોંચી આવે એવો આ ઉપક્રમ છે. પુસ્તકો માટે Parivaar Communications ના નામે રકમ મોકલવી. ટપાલથી મેળવવા ટપાલખર્ચ ઉમેરવો રહે છે. સંપર્ક : 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ.

•

**સ્થળસંકોચે, આ અંકમાં, અન્ય વિભાગો આમેજ થઈ શક્યા નથી. વાચકો - લેખકો ક્ષમા કરજો, એમ સવિનય વિનવણી છે : તંત્રી**

# ખંડિત ખોપરી

★ મનેશચંદ્ર કંસારા

'આવો આવો, ધાર્મિક સાળાજી!'

અંબાઈદાસે આવકાર આપ્યો.

અલબત્ત, મોઢા પર મલકાટ હતો - હંમેશનું રમૂજીપણું એમ કાંઈ ઓછું દબાઈ જવાનું હતું? - પણ ચળકાટ ઓછો થઈ ગયેલો લાગ્યો.

સંજોગોને ધ્યાનમાં લેતાં એ વાત સમજી શકાય એમ હતી.

મેડિકલ બેગ અને બ્રીફ-કેસ નીચે મૂકતાં હું બોલ્યો, 'ધર્મની બહેન અને ધાર્મિક બનેવીનું તેડું આવે એટલે આવ્યા વગર કેમ ચાલે?'

ગજરાબેન બાજુમાં જ ઊભાં હતાં. હું આવ્યો એનો સ્વાભાવિક આનંદ એમના ચહેરા પર છવાયેલો હતો, પણ મેં નોંધ્યું કે એમનાં ભવાંમાં ભયના ઓળા વળગ્યા હતા: મનરૂપી ક્યારામાં ઝીણી ચૂવાણ પડી હતી અને એમાંથી ચિંતાની ઝીણી સેરો ફૂટી રહી હતી.

'તમે આટલા જલદી આવી જશો એમ નહોતું ધાર્યું,' અંબાઈદાસે કહ્યું.

'તમારા મગજમાં મરીમસાલા ને ચટણીઓ ખંડાય છે, ભૂત-પ્રેત અને વેતાલ-પિશાચો ઘૂસ્યા છે, ને એની વાત સવિસ્તર કરવા મને હૉસ્પિટલમાં મળવા આવવાને બદલે અહીં તમારે ઘેર બોલાવો એટલે તરત જ આવવું પડે ને? ગજરાબેનનો ધર્મનો ભાઈ કાંઈ અમસ્તા નથી થયો. ઘણાં બધાં કામ આઘાંપાછાં કરી સવારના પહોરની પહેલી ટ્રેઈન પકડી લીધી.'

'ઓહો, તો તો તમે અડધિયા ટ્રેઈનમાં આવ્યા!'

'હા.'

'એક બાજુ મારા મગજમાં અડધિયાં અને બીજી બાજુ તમારા પ્રવાસમાં અડધિયાં!'

'તમે ય ખરા છો, મગજમાં અડધિયાં થાય કે પાવિયાં, તમારી ટીખળ કરવાની ટેવ છૂટવાની જ નહીં!'

'આ બેગ અને બ્રીફ-કેસમાં શું લાવ્યા છો? કપાળે ચોંટાડવાના ઈલેકટ્રિક તારનાં ગુંચળાં, ઈન્જેકશનોની સોયો, સ્ટેથોસ્કોપોનાં ભૂંગળાં, બ્લડ-પ્રેશર માપવાના પટા, થર્મોમીટર્સ - ને દવાઓ, દવાઓ, દવાઓ! મને તો બીક લાગે છે!'

'ચાલો સારું થયું; કમસે-કમ મારાથી નહીં તો મારી બેગ અને બ્રીફ-કેસથી તો બીવાનું શરૂ કર્યું.

વાત વાતમાં વિનોદ કરવાની અમારી ટેવ હતી - માણસે હસવું તો જોઈએ ને? - પણ ગજરાબેન હસ્યાં ય નહીં, મલક્યાં ય નહીં. એમના ચહેરા પરની અસ્વસ્થતા ઓછી જ ન થઈ.

તે અંદર જઈ જલદીથી ચાય નાસ્તો લઈ આવ્યાં.

થોડી વાર પછી મેં મેડિકલ બેગમાંથી એક નાની સીસી કાઢી અને એમાંથી બે ગોળીઓ અંબાઈદાસને આપી.

શેની ગોળીઓ છે?'

'બાર્બિચ્યુરેટ. સાવ હળવી ગોળીઓ છે, વાર્તા કરતી વખતે તમને ઉશ્કેરાટ નહીં થવા દે.'

અંબાઈદાસે ચાયના ઘૂંટડા સાથે ગોળીઓ ગળે ઉતારી.

કપ-રકાબી અને નાનકડી ડીશો રસોડામાં મૂકી ગજરાબેન પાછાં બહાર આવ્યાં. પતિને આ તે શું થઈ ગયું છે, અને ભગવાન કરે ડૉકટર - મતલબ કે હું, એમનો ધર્મનો ભાઈ - એમને જલદીથી સારા કરી દે એવો ભાવ એમના મુખ પર રમી રહ્યો.

હું ગંભીર બની ગયો અને અંબાઈદાસને ઉદ્દેશીને બોલ્યો, 'તમારો રોગ શારીરિક નથી, માનસિક છે, એ તો તમે ય જાણો છો. મારા માટે આ કંઈ હરડે આપું ને જુલાબ લાવું એવું સહેલું કામ નથી. આવા કેસમાં નિદાન કરવું જરા અટપટું છે, જટિલ છે. સૌથી પહેલાં તો મારે તમારો ઈન્ટરવ્યૂ લેવો પડશે. મતલબ કે એક પ્રકારની મેડિકલ બેઠક. તો બોલો, ક્યાં બેસીશું? અહીં, કે અંદર?'

'ડૉકટર તમે છો, તમે કહો ત્યાં.'

'ઘર તમારું છે, તમે કહો ત્યાં.'

અંબાઈદાસની આંખો ચમકી. 'રસોડામાં ફાવશે?!'

જવાબમાં મેં ય ટીખળ કર્યું. 'એમ તો બાથરૂમ - સંડાસમાં ય ફાવે!'

ગજરાબેનનું મોઢું પરાણે મલકી પડ્યું, 'શું તમે ય તે બન્ને જણ!'

ભલે એમણે ઠપકો આપ્યો પણ હસ્યાં તો ખરાં ને. મારા માટે આ એક મોટા સંતોષની વાત હતી.

પણ એમનાં ભવાંમાં ભરાયેલો પેલો ઓળો ગયો નહીં.

છેવટે પાછળના વરંડામાં બેસવાનું નક્કી કર્યું.

એક આરામ ખુરસી મૂકી અંબાઈદાસ માટે.

હું સાદી ઊભી ખુરસીમાં બેઠો.

અમારા બન્નેની વચ્ચે એક નાનકડું ટેબલ મૂકાવ્યું.

ગજરાબેન નાનું પાથરણું પાથરી ફરસ પર બેઠાં.

મેં અંબાઈદાસની નાડી તપાસી, સ્ટેથોસ્કોપથી હૃદયના ધબકારા માપ્યા, આંખો ચકાસી, જીભ કઢાવી 'આ ... આ ...' કરાવ્યું, હાથ-પગનાં આંગળાં હલાવરાવ્યાં, બન્ને ગોઠણોએ ટકોરા મારી જોયા, પેટ દબાવી જોયું. શરીર-તંત્રમાં કશું વાંધાજનક ન દેખાયું.

મગજતંત્રમાં વાંધો છે કે નહીં એ હવે મારે તપાસ કરવાની હતી.

ધીમેથી મેં બ્રીફ-કેસમાંથી નાનું ટેપ-રેકોર્ડર કાઢ્યું અને અમારા બન્ને વચ્ચે ટેબલ પર મૂક્યું.

નાનકડા માઈક્રોફોનના અવાજની માત્રા ઉપર-નીચે કરી સરખી બનાવી. પછી બોલ્યો, 'આપણે આ આખો ઈન્ટરવ્યૂ રેકોર્ડ કરવો છે, વાંધો તો નથી ને?'

'ના.'

'સરસ.'

'મારું નામ ડૉ. આશારામ દિવાનજી.

'હું માનસિક વિશ્લેષણશાસ્ત્રી છું અને અમદાવાદની નાગરવન માનસ હોસ્પિટલમાં ઉપરી ડૉક્ટર તરીકે કામ કરું છું.

'ડહોળાઈ ગયેલાં માનસ અને ચૂંથાઈ ગયેલી ચેતનાઓમાં પથરાઈ ગયેલી વિકૃતિઓનો અભ્યાસ, ઉકેલ અને ઉપચાર એ મારો વિષય અને વ્યવસાય છે.

'આજનો ઈન્ટરવ્યૂ હૉસ્પિટલમાં રાખવાને બદલે અહીં મારાં ધર્મનાં બહેન ગજરાબેનને ઘેર જ રાખ્યો છે. એમના પતિ શ્રી અંબાઈદાસના ચિત્તતંત્રમાં કંઈક અવ્યવસ્થા આવી ગઈ છે એમ મને કહેવામાં આવ્યું છે, એની સંશોધનની પૂર્વભૂમિકા તરીકે આ ઈન્ટરવ્યૂ ગોઠવ્યો છે.

'પંચાવન વર્ષ સુધી જે માણસનું મગજ બધી રીતે સરસ કામ કરતું હતું તેમાં છેલ્લા થોડા

(અનુસંધાપાન ૧૯ પરે)

પ્રકાશક : Parivaar Comminications, 4 Rosecroft Walk, WEMBLEY, Middx. HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 300 ગ્રાહક : 192 [20.09.2006]